બાળકના સર્વાંગી વિકાસને સમર્પિત શૈક્ષણિક સામયિક

ISSN: 2584-1777

# બાળવિશ્વ

વર્ષ-૧૩, અંક-૦૯, ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૨૫, કિંમત : ₹ ૫૦/-

પૃષ્ઠ ૬૪ + ૪ = ૬૮

## બાળઉછેરમાં વાર્તાનો વૈભવ





તંત્રીઃ ડૉ. નીલેશ પંડ્યા | સંપાદકઃ ડૉ. કૃણાલ પંચાલ

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## પિડિલાઈટ અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન સાથે MoU




ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત 100થી વધુ આંગણવાડીઓમાં પૂર્વશાળા શિક્ષક તાલીમ પૂરી પાડવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, પિડિલાઈટ અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

આ કરાર અંતર્ગત પિડિલાઈટ નાણાકીય સહાય પૂરી પાડશે, જ્યારે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન નોલેજ પાર્ટનર તરીકે સહયોગ પૂરો પાડશે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સમગ્ર પ્રોજેક્ટના સુચારુ અમલીકરણ માટે સંશોધનની જવાબદારી સંભાળશે.

## ‘મેન્ટલ હેલ્થ ફર્સ્ટ એઇડ’ જાગૃતિ સત્ર યોજાયું



સ્ટુડન્ટ સર્વિસીસ સેન્ટર તથા પીજી અને પીજી ડિપ્લોમા વિભાગના સંયુક્ત ઉપક્રમ હેઠળ “મેન્ટલ હેલ્થ ફર્સ્ટ એઈડ” વિષય પર જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે રજિસ્ટર્ડ ક્લિનિકલ સાઈકોલોજિસ્ટશ્રી રિદ્ધિ પિત્રોડા ભટ્ટે ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓને માનસિક આરોગ્યની મૂળભૂત સમજ આપતાં કહ્યું કે, “માનસિક સ્વાસ્થ્ય એ દૈનિક જીવનનો અગત્યનો આધાર છે.” તેમણે સામાન્ય અને અસામાન્ય માનસિક અવસ્થાઓનો ભેદ સમજાવતાં ચિંતા, તણાવ, સંબંધોમાં સર્જાતા મતભેદો અને આત્મહત્યાના વિચારો જેવી સમસ્યાઓનાં લક્ષણો ઓળખવાની રીત સમજાવી હતી.

## ભારતીય સંસ્કૃતિ મુજબ જન્મદિનની ઉજવણી



વિદ્યાવાટિકામાં બાળકોના જન્મદિનની ભારતીય સંસ્કૃતિ મુજબ અનોખી ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ગાયત્રી પરિવાર દ્વારા બાળકો અને માતા-પિતાને સાથે રાખી મંત્રોચ્ચાર અને પૂજનવિધિ કરવામાં આવી હતી. જન્મદિનની આ આધ્યાત્મિક શરૂઆત બાદ માતા-પિતા અને બાળકોએ સાથે મળી ગરબાના તાલે ઝૂમી નવરાત્રિ પર્વની ઉજવણી કરી.

## ગણિત શિક્ષકો માટે પ્રશિક્ષણ વર્ગ યોજાયો




ડિપાર્ટમેન્ટ ઑફ કરિક્યુલમ ડેવલપમેન્ટ દ્વારા ગણિત શિક્ષણમાં સર્જનાત્મકતા અને પ્રોજેક્ટ વર્ક વિષયક બે દિવસીય પ્રશિક્ષણ-વર્ગ યોજાયો હતો, જેમાં સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ સાથે જોડાયેલી શાળાઓના ગણિત શિક્ષકોને પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા.

# બાળવિશ્વ


ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

વર્ષ : ૧૩, અંક : ૦૯

ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૨૫



તંત્રી

**ડૉ. નીલેશ પંડ્યા**

નિયામક, સેન્ટર ઑફ ટ્રેનિંગ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક

**ડૉ. કૃણાલ પંચાલ**

એસ્ટાબ્લિશમેન્ટ બ્રાંચ હેડ,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક મંડળ

**ડૉ. નીતિન પેથાણી**

**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**

**ડૉ. ટી. એસ. જોશી**

**ડૉ. નીલેશ પંડ્યા**

ડિઝાઈન અને ટાઈપ સેટિંગ

**દિગ્વિજયસિંહ વાઘેલા**



**Printed & Published by :**
Dr. Nilesh Pandya on behalf of
Children's Research University,
Subhashchandra Bose Shikshan Sankul,
Sector - 20, Gandhinagar



પત્રવ્યવહારનું સરનામું

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,
સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨ ૦૨૧
ફોન: ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯
ઈ-મેલ : balvishva@cugujarat.ac.in
વેબસાઈટ : www.cugujarat.ac.in

@crugandhinagar


## આ અંકમાં વાંચીશું...



## બાળઉછેરમાં વાર્તાનો વૈભવ


- સંપાદકીય — ડૉ. કૃણાલ પંચાલ — ૦૨
- બાળકના શિક્ષણમાં વાર્તા અભિમુખતા — ડૉ. મનહર ઠાકર — ૦૩
- વાર્તાઓ : ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણનું માધ્યમ — ડૉ. જિજ્ઞાસા ચાવડા — ૦૬
- બાળકના શિક્ષણમાં વાર્તા અભિમુખતા — ડૉ. મગનલાલ મોલિયા — ૦૮
- બાળકોની મૂછાળી મા ગિજુભાઈ બધેકા — ડૉ. કૃણાલ પંચાલ — ૧૧
- વાર્તા રે વાર્તા — પ્રૉ. ડૉ. અશ્વિન જનસારી — ૧૩
- વાર્તાનું મનોવિજ્ઞાન — ડૉ. મયુર વી. ભમ્મર — ૧૫
- વાર્તા દ્વારા વ્યક્તિત્વ વિકાસ — ડૉ. રાયસિંગભાઈ બી. ચૌધરી — ૧૭
- બાળપ્રિય પ્રવૃત્તિ : વાર્તા — ડૉ. બિંદુ એ. મહેતા — ૧૯
- કિશોરને કેવી વાર્તા કહેવી? — અખિલકુમાર આર. દવે — ૨૧
- વાર્તાઓ : બાળકોના પ્રથમ મેન્ટોર અને શિક્ષકો — અશોકકુમાર બી. પ્રજાપતિ — ૨૩
- NEP2020 પ્રમાણે વર્ગખંડમાં વાર્તા દ્વારા શિક્ષણ — બહાદુરસિંહ વી. વાળા — ૨૬
- વાર્તા - બાળહૈયાનો ચિતાર — મિત્તલ પટેલ 'પરિભાષા' — ૨૮
- ગિજુભાઈ કહે છે, વાર્તાકથનના ઉદ્દેશ શું હોવા જોઈએ... — પરીક્ષિત જોશી — ૩૦
- ભારતીય સંદર્ભમાં વાર્તાનો ઈતિહાસ — સાગર એ. ગાંધી — ૩૩
- વાર્તા દ્વારા વ્યક્તિત્વ વિકાસ વાર્તાઓઃ એક સર્વાંગી અભિગમ — શમીમ મર્ચન્ટ — ૩૬
- વાર્તા દ્વારા બાળકોની કલ્પનાશક્તિને એક નવી ઉડાન — ડૉ. ફાલ્ગુની રાઠોડ — ૩૯
- આજના યુગમાં વાર્તાકથનની પ્રાસંગિકતા — ડૉ. ઉષા એસ. શારડા — ૪૧
- પ્રવર્તમાન સમયમાં બાળવાર્તાના પડકારો અને ભાવિ — હસમુખ બોરાણિયા — ૪૪
- શુકસપ્તતિ વાર્તાસંગ્રહ : અવિરત જીવનયાત્રાનો મુકામ — ડૉ. રાકેશકુમાર પટેલ — ૪૭
- વાર્તા દ્વારા ભાષાશિક્ષણ — દર્શનાબેન પી. માવદિયા — ૪૯
- બાળકોના અદ્ભુત વિકાસ અર્થે વાર્તા — ગિરા પિનાકિન ભટ્ટ — ૫૧
- તરુણ વયના ઉંબરા માટે વાર્તાની ખોજ — મહેશ ધીમર 'જ્યોત' — ૫૪
- વાર્તા દ્વારા બાળકની કલ્પના-શક્તિનો વિકાસ — નિશાબેન ડી. ગોસ્વામી — ૫૬
- વિશ્વકક્ષાની બાળવાર્તાનો પરિચય અને નૂતન પ્રયોગો — આરતીબેન જી. ઠાકોર — ૫૮
- ગણિત શિક્ષણ અને વાર્તા — ડૉ. દીપ્તિ એન. ત્રિવેદી — ૬૧
- 'બાળવિશ્વ' વિશે — ૬૪



**બાળવિશ્વનું વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦/-
ઑનલાઇન ભરવા માટે QR Code સ્કેન કરો.**

સંપાદકીય



# બાળઉછેરમાં વાર્તાનો વૈભવ

નૂતન વર્ષાભિનંદન..!

આપ સૌને દિવાળી અને નૂતન વર્ષના પ્રારંભે શુભકામનાઓ..વાર્તાઓ માત્ર મનોરંજનનું સાધન નથી તે બાળકોના મનને આકાર આપવાનું, તેમના વ્યક્તિત્વને ઘડવાનું અને જીવનનાં મૂલ્યોને સ્થાપિત કરવાનું એક અદ્ભુત માધ્યમ છે. આ વિશેષાંકમાં માતાપિતા તથા શિક્ષકોને વાર્તાના વૈભવથી સંવર્ધિત કરવાના છીએ. આપણી પ્રાચીન સંસ્કૃતિમાં વાર્તાઓનું સ્થાન અનન્ય છે.

પંચતંત્ર, હિતોપદેશ, જાતક કથાઓ કે ગુજરાતી લોકકથાઓ જેવી વાર્તાઓ વર્ષોથી બાળકોને નૈતિકતા, બુદ્ધિ અને કરુણાના પાઠ શીખવી રહી છે. યાદ કરો, જ્યારે આપણે નાના હતા ત્યારે દાદા-દાદીની વાર્તાઓ કેવી રીતે આપણા મનમાં જીવંત થઈ ઊઠતી હતી! એ વાર્તાઓમાં ચતુર કાગડો, વફાદાર કૂતરો કે બુદ્ધિમાન વાંદરો જેવાં પાત્રો આપણને જીવનનાં સત્યો શીખવતા હતા. આજે વિજ્ઞાન અને મનોવિજ્ઞાન પણ આ વાતને સમર્થન આપે છે કે વાર્તાઓ બાળકોના મગજના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમની કલ્પનાશક્તિ વધારે છે, ભાષા કૌશલ્ય વિકસાવે છે, ભાવનાત્મક બુદ્ધિને મજબૂત બનાવે છે.

એક અભ્યાસ અનુસાર નિયમિત વાર્તા વાંચનથી બાળકોની સમસ્યા-નિરાકરણ ક્ષમતા 20-30% વધુ વિકસિત થાય છે, પરંતુ આજના ડિજિટલ યુગમાં, જ્યાં સ્માર્ટફોન અને વીડિયો ગેઇમ્સ બાળકોના જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે ત્યારે બાળકોને વાર્તા કહેવા માટે ક્યાંક વડીલો નથી તો ક્યાંક માતાપિતા પાસે સમય નથી. પ્રસ્તુત અંકમાં માતાપિતા અને શિક્ષકો માટે બાળકના વિકાસની ક્ષિતિજોને વિસ્તારવામાં વાર્તાની મહત્ત્વની ભૂમિકા વિશે આલેખન કરવામાં આવ્યું છે.

માતા-પિતા માટે વાર્તા કહેવાની કળા, વાર્તાનું મનોવિજ્ઞાન, વાર્તા દ્વારા ભાષા શિક્ષણ, ગણિત શિક્ષણમાં વાર્તાઓ, રાષ્ટ્રીય શિક્ષણનીતિના વિવિધ સ્ટેજ પ્રમાણે વાર્તાઓનું મહત્ત્વ, બાળકની ઉંમર અને રુચિ અનુસાર વાર્તાઓ, શિક્ષણમાં વાર્તાની ભૂમિકા વગેરે વિષયો પર રસપ્રદ અને ઉપયોગી ચિંતન રજૂ કરવામાં આવ્યું છે. આખરે, બાળઉછેરમાં માત્ર શારીરિક વિકાસની વાત નથી માનસિક અને ભાવનાત્મક વિકાસ પણ ખૂબ જરૂરી છે, જે વાર્તા દ્વારા કરી શકાય છે.

**બાલદેવો ભવ**



**- ડૉ. કૃણાલ પંચાલ**
**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,**
**ગાંધીનગર.**
**મો. ૯૪૨૯૨૯૭૭૩૭**

# બાળકના શિક્ષણમાં વાર્તા અભિમુખતા



- ડૉ. મનહર ઠાકર
મો. ૯૪૨૬૮૫૧૨૯૦
પૂર્વ પ્રિન્સિપાલ, સંઘવી શિક્ષણ, મહાવિદ્યાલય, ભાવનગર

માણસ તરીકે બાળકમાં શક્તિ સંચારની મહત્ત્વની અવસ્થાએ વાર્તાઓ માનસિક શક્તિઓના વિકાસમાં પ્રેરક બનતી હોય છે. વ્યક્તિના સર્વાંગી વિકાસની બાબતમાં શારીરિક, માનસિક, સામાજિક, નૈતિક અને સાંવેગિક વિકાસને વાર્તાઓ દ્વારા પ્રેરક બળ મળે છે. વાર્તાઓ દ્વારા જીવન વિશેની સમજ કેળવવાની ભૂમિકા રચાય છે. કારણ કે વાર્તાઓ દ્વારા જીવનના મૂલ્ય ઘડતરની પ્રક્રિયા અસરકારક બને છે. તેથી જીવનમાં શું શું શીખવું જોઈએ તેની સમજ સ્પષ્ટ થતી જાય છે. આ પ્રકારની સમજનો અમલ થઈ શકે તે માટે કેવી વાર્તાનો ઉપયોગ કરી શકાય તે પણ સમજી લેવું જોઈએ. વાર્તામાં મૂલ્ય ઘડતર કરવાની ખૂબી પડેલી હોય છે. વાર્તા દ્વારા બાળકનું પરોક્ષ ઘડતર થતું હોય છે. તેથી બાળકના શિક્ષણમાં વાર્તા અભિમુખતા વિશેની રજૂઆત અહીં પ્રસ્તુત છે.

**બાળક પાસે વાર્તાઓ પછી સંવાદ પદ્ધતિનો પ્રયોગ કરીએ :**

બાળકને શબ્દો દ્વારા ઉપદેશ આપવાને બદલે એવી વાર્તાઓ કહેવી જોઈએ કે જેથી બાળકનું ચિત્ત બોધિત થાય. બાળકનું ચિત્ત કોરી સ્લેટ જેવું ચોખ્ખું હોય છે. એટલે તેના પર વાર્તા દ્વારા જે છાપ-સંસ્કાર પડે છે તેને જ બોધ કહેવાય. સાંભળેલી વાર્તાના કથાવસ્તુ વિશે બાળક સાથે સંવાદ કરવાથી તેનામાં ચોક્કસ પ્રકારની સમજ વિકસવા માંડે છે. વાર્તા સંદર્ભે બાળક સાથે સંવાદ કરવાથી તેને સાંભળ્યા અને સમજવાનો સંતોષ થાય છે. તે માત્ર શબ્દો વડે ઉપદેશ આપવાથી ન થાય.

**વાર્તા દ્વારા જીવન વિશેનું સલાહ દર્શન- માર્ગદર્શન :**

વ્યક્તિ તરીકે બાળકમાં સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક, વ્યાવહારિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, રાષ્ટ્રીય ચેતનાસભર, મૂલ્યાભિમુખ, વાર્તાઓ દ્વારા ચોક્કસ સમજ વિકસે છે. તેના મૂલ્ય ઘડતર માટે સલાહ આપવાને બદલે વાર્તા પદ્ધતિ ઉચિત છે. તેને સલાહ દર્શન અને માર્ગદર્શન આપવાનો અભિગમ વાર્તાના માધ્યમથી અસરકારક બને છે. તેનાથી વિવેકપૂર્ણ વર્તન તરફ તેને વાળી શકાય છે. તેને સતત સલાહ આપ્યા કરવાથી તે કંટાળી જાય છે. જ્યારે વાર્તાઓમાં રસ પડે છે. તેથી જીવન વિશેનું સલાહ દર્શન કે માર્ગદર્શન થતું રહે છે.

**માતાપિતા કે શિક્ષક અને બાળક વચ્ચે પ્રેમનો તાંતણો વાર્તાના માધ્યમથી રચી શકાય :**

અનેક બાળકોમાં પોતાનાં માતા-પિતા કે શિક્ષક પ્રત્યે એક પ્રકારનો વિરોધીભાવ ઊભો થતો હોય છે. આ વિરોધીભાવ ક્વચિત પિતૃવિરોધી ગ્રંથિ કે માતૃ વિરોધી ગ્રંથિ અથવા શિક્ષક વિરોધી ગ્રંથિનું રૂપ પણ ધારણ કરી લે છે. બાળકને માર મારવામાં આવે, ધમકાવવામાં આવે, ડરાવવામાં આવે, સતત ઠપકો આપવામાં આવે, સતત ઉતારી પાડવામાં આવે તો આમ બની શકે. તેને બદલે બાળકનું યોગ્ય ઘડતર કરવાનું સૌથી ઉત્તમ માધ્યમ વાર્તા છે, જેના દ્વારા અરસપરસ પ્રેમ વધશે. આ પ્રેમનો પ્રતિભાવ મળશે જ. બાળક પણ માતાપિતા પ્રત્યે કે શિક્ષક પ્રત્યે પ્રેમભાવ અનુભવશે. આમ બાળક અને માતા-પિતા કે શિક્ષક વચ્ચે સ્નેહનો એક સુવર્ણતંતુ વાર્તાઓ દ્વારા પ્રસ્થાપિત થશે. આ પ્રેમના તંતુનું માધ્યમ વાર્તા દ્વારા બાળકનું જીવન-ઘડતર, બાળકનું શિક્ષણકાર્ય સહજ સફળ બની જશે. આ પ્રેમના કીમિયાથી બાળક તમારા પ્રત્યે ખુલ્લું બની જશે, અભિમુખ બની જશે. આમ બને તો તો બાળકને સારી, સાચી અને અનેક બાબતો સરળતાથી શીખવી શકાશે. જો માતા-પિતા, દાદા-દાદી, કાકા-કાકી અને મોટાં ભાઈ-બહેનો કે શિક્ષકો વાર્તા દ્વારા બાળકની શ્રદ્ધાનાં પાત્ર બની શકે તો આ શ્રદ્ધેયતાના પાયા પર બાળકનું શિક્ષણકાર્ય સંપન્ન કરી શકાશે.

બાળકો સમજદાર હોય છે. બધું જ બરાબર જુએ છે, સાંભળે છે અને ઘણું સમજે પણ છે. બાળક વાર્તા સાંભળવા આતુર હોય છે. જો વાર્તા રસપ્રદ હોય, કહેનારના વાણી, હાવભાવ અને રજૂઆત ઉચ્ચ કક્ષાનાં હોય તો કશું જ કર્યા વિના પણ આપોઆપ બાળકને તેમના પ્રત્યે શ્રદ્ધા બેસે છે. બાળકના ચિત્તમાં આવાં શ્રદ્ધેય માતા-પિતા અને અન્ય વડીલો કે શિક્ષકો પ્રત્યે શ્રદ્ધા જન્મે છે અને વિકસે છે. આ શ્રદ્ધા બાળકનું શિક્ષણકાર્ય સાવ સરળ બનાવી દે છે.

**વાર્તાઓમાં રજુ થતાં પાત્રો અને પરિબળો દ્વારા બાળકોનું પરોક્ષ ઘડતર :**

વાર્તાનાં પાત્રો તરીકે માતા, પિતા, દાદા, દાદી, કાકા, કાકી, ભાઈ, બહેન, શિક્ષકો આદિ માનવ વ્યક્તિઓનાં ચરિત્રો વિશેની વાર્તાઓમાં ઘર અને ઘરમાં ગોઠવાયેલું રાચરચીલું, વસાહતનું ભાવાવરણ, શહેર કે ગામનું વાતાવરણ, મિત્રોના સંબંધો, શાળામાં ભણતર અને ઘડતર ટી.વી., વર્તમાન પત્રો, ઇન્ટરનેટ, મોબાઇલ આદિ દ્વારા ઉપસ્થિત થતી માનસિકતા, સગાં-સંબંધીઓ, મિત્રો અને તેમના પરિવારોનું સાયુજ્ય વગેરે પરિબળોનો પરિવેશ બાળકો વાર્તા દ્વારા અનુભવે છે. આવાં અનેક પરિબળો જે શિક્ષણના અંકુશની બહાર છે તેને ઘડી શકતા નથી કે તેનામાં પરિવર્તન પણ કરી શકતા નથી. છતાં આવાં પરિબળો એવાં પણ છે કે જે કોઈ ને કોઈ વાર્તામાં રજૂ થતાં હોય છે, જે બાળકના ઘડતરમાં પરોક્ષપણે ઉપયોગી બને છે.

**બાળકોની વૈયક્તિક ભિન્નતાઓ અને વાર્તાઓની પસંદગી:**

પ્રત્યેક બાળકનું વાતાવરણ અને ભાવાવરણ ભિન્ન ભિન્ન હોય છે, વાતાવરણમાં અને ભાવાવરણમાં નિરંકુશ પરિબળો પણ ભિન્ન ભિન્ન હોય છે. તેથી વાતાવરણની અને ભાવાવરણની ભિન્નતાઓની અસર બાળકોની વૈયક્તિક ભિન્નતાઓનું સર્જન કરે છે. તેથી સર્વ-સાધારણ વાર્તાઓ દરેક બાળક માટે પસંદ કરવાનું કાર્ય બહુ મુશ્કેલ છે, સમજુ માતા-પિતાએ અને શિક્ષકોએ બાળક માટે વાર્તા પસંદ કરતી વખતે કેટલીક કાળજી રાખવી જરૂરી છે. જેમાં બાળકના અનેકવિધ વાતાવરણ અને ભાવાવરણ વિશે જાગ્રત રહેવું, વાર્તા દ્વારા બાળકને યથાશક્ય ઉમદા વાતાવરણ મળી રહે તેમ ગોઠવવું, કેટલુંક દૂષિત વાતાવરણ અનિવાર્ય હોય તો બાળકને તેનાથી બચી જવાની કળા અને આવડત આપતી વાર્તાઓ પસંદ કરવી, વાર્તા રજૂ કરતા મિત્રો, ટી.વી., મોબાઇલ, આદિ માધ્યમો નિયંત્રિત રાખી સંસ્કારલક્ષી વાર્તાઓ પર આધાર રાખવો.

વાર્તાના એવાં કેટલાંક માધ્યમો પર જાગ્રત દૃષ્ટિ રાખવી અને આવશ્યક પરિવર્તન કરતું રહેવું. બાળકના કોઈ પણ ક્ષેત્રના સુશિક્ષણ માટે બાળક સમક્ષ પ્રેરણાદાયી વાર્તાઓ રજૂ થતી રહે તો તે બાળકના શિક્ષણની ઉમદા પદ્ધતિ બની શકે તેમ છે. બાળકને જે શીખવવું છે. તેના મહિમાની સમજ બાળકના ચિત્તમાં પ્રગટાવી શકાય તેવી વાર્તાઓ હોય તો બાળક માટે તેનું શિક્ષણ આપમેળે સરળ બની જશે. વાર્તા દ્વારા બાળકને જે કાંઈ શીખવવાનું છે તે સર્વનો મહિમા, તેનું મૂલ્ય અને જીવનમાં તેની આવશ્યકતા છે - તે બધું જે તે વાર્તા સંદર્ભે બાળકને સમજાવીએ. જો આ રીતે બાળક જે તે વાર્તાનો મહિમા સમજી લેશે તો સ્વાભાવિક રીતે જ તે વાર્તા તરફ અભિમુખ બનશે.

**બાળકના શિક્ષણમાં વાર્તા અભિમુખતા :**

બાળકના શિક્ષણમાં વાર્તા અભિમુખતાનું મૂલ્ય ખાસ સમજી લેવું જોઈએ. વાર્તા તરફ અભિમુખ વિદ્યાર્થી જલધારા નીચે મૂકેલાં સવળા ઘડા જેવો હોય, તેની ભીતર વાર્તાનો રસ તરત જ ઊતરી જશે પણ અવળા ઘડા જેવો વિદ્યાર્થી હશે તો તેમાં વાર્તાનો રસ ઊતરશે નહીં. એટલે વાર્તા અભિમુખ વિદ્યાર્થી જે શીખવાનું છે, તે વાર્તા દ્વારા હોંશે હોંશે શીખી લેશે. એટલા માટે માતાપિતા કે શિક્ષકે બાળકને એવું હકારાત્મક વાતાવરણ અને ભાવાવરણ પૂરું પાડીને વાર્તા અભિમુખ બનાવવાની જરૂર છે. માનવ-ચિત્તનું બંધારણ એવું છે કે કોઈ સારી બાબત જોઈને તેને પણ તે શીખવાની અને આચરવાની ઇચ્છા થાય છે.

આ નિયમ બાળકોને વિશેષરૂપે લાગુ પડે છે.

એટલે બાળકનું જીવનશિક્ષણ અને જીવનઘડતર કરનાર પ્રત્યેક વાર્તા મૂલ્યવાન હોવી જોઈએ.

**વાર્તાઓની પસંદગી અને શિક્ષણ** :

વિદ્યાર્થીઓ માટે પસંદ કરવામાં આવતી વાર્તાઓના કથાવસ્તુમાં સામાજિક પ્રવૃત્તિમાં ગ્રામ સફાઈ, શેરી સફાઈ, શાળા સફાઈ, વૃક્ષારોપણ, નેત્રયજ્ઞ, મફત રક્તદાન વગેરે પર આધારિત વાર્તાઓથી બાળકોમાં સામાજિક સેવાના ગુણોનો વિકાસ થશે. વાર્તા દ્વારા સમૂહ જીવન જીવવાની અને પરસ્પર મદદરૂપ થવાની વાતો રજૂ થાય અને વિવિધ ધર્મના છાત્રોને ભેગા કરી મૂલ્ય શિક્ષણને લગતી વાર્તાઓ દ્વારા માનવતાની સંવેદના બાળકોનાં હૃદયમાં રોપી શકાય. બાળકના મનમાંથી દુર્ગુણોને જાકારો આપી સદ્‌ગુણોનો સદ્‌ભાવ વધે તેવી વાર્તાઓ રજૂ કરવી. શિક્ષકોનો વિદ્યાર્થી સાથેનો વ્યવહાર સૌહાર્દપૂર્ણ હોય તેવા પ્રકારની વાર્તાઓ પસંદ કરવી જોઈએ. શિક્ષક મૂલ્યનિષ્ઠ હોય, જે ઉદાર ચરિત્ર અને સ્વયંશિસ્તમાં માનતો હોય, પોતાના આચાર વિચાર અંગે વિદ્યાર્થીને પ્રભાવિત કરે તેવાં ગુણો, લક્ષણો અને ક્ષમતાથી ભરપૂર હોય તેવું કથાવસ્તુ વાર્તામાં હોવું જોઈએ. વિદ્યાર્થીઓની પ્રેરણામૂર્તિ શિક્ષક પોતે જ અને એવા મૂલ્યશિક્ષણથી ભરપૂર વાર્તા હોવી જોઈએ.

વાર્તા દ્વારા થતાં મૂલ્યશિક્ષણથી રાષ્ટ્રીય અવરોધક પરિબળો જેવાં કે જ્ઞાતિવાદ, કોમવાદ, પ્રાદેશિકતા, ભાષાઓના ઝઘડાઓ, ત્રાસવાદ, આંતરરાજ્ય તકરારો, આર્થિક ભ્રષ્ટાચાર, આર્થિક અસમાનતા, નૈતિક મૂલ્યોનું ધોવાણ, રાષ્ટ્રીય સમુદાયની ઉપેક્ષા અને નિરક્ષરતા અને જાગૃતિનો અભાવ વગેરે દૂર થઈ સાંપ્રત સમસ્યાઓનું સમાધાન થતું હોય તેવા વિષયવસ્તુ વાળી વાર્તાઓ જરૂરી છે.

આંતરિક સુરક્ષા જાળવવા માટે પણ મૂલ્યશિક્ષણ ઉપયોગી છે, તેનો પડઘો વાર્તાઓમાં પડવો જોઈએ. ભાવાત્મક એકતાનું દર્શન વાર્તા દ્વારા પ્રગટ થતું હોય. ભવ્ય ભારતના સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક વારસાનું તેમજ શિલ્પ-સ્થાપત્યના વારસાનું જતન અને સંવર્ધન પ્રગટ કરે તેવી વાર્તાઓ જેના દ્વારા બાળકોને રાષ્ટ્ર પ્રત્યે ગૌરવ અનુભવાય. જે વાર્તાઓ દ્વારા બાળકો મૂલ્યશિક્ષણ એટલે સભ્યતા અને સંસ્કારનું શિક્ષણ મેળવે; સ્વાશ્રય, શ્રમ અને સ્વાયત્તતાનું શિક્ષણ મેળવે; નમ્રતા, નિખાલસતા અને નિર્ભયતાનું શિક્ષણ મેળવે; પ્રેમ, અહિંસા, ન્યાય અને શાંતિનું શિક્ષણ મેળવે; ચારિત્ર્યનું શિક્ષણ મેળવે; જીવનને બહેતર બનાવવાની સાથે ઉત્તરોત્તર ઉન્નત બનવાનું શિક્ષણ મેળવે અને તેથી વિદ્યાર્થીઓની સમાજ, વ્યવસાય, જીવનમૂલ્ય અને ઉત્કૃષ્ટતા ક્ષેત્રે પ્રતિબદ્ધતાથી ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિ થાય.

વાર્તાઓ દ્વારા શ્રેષ્ઠતાના જીવનમંત્રો શીખીને વિદ્યાર્થીઓ મુસીબતો સામે ટક્કર ઝીલી શકે. અવકાશી ક્ષિતિજો સર કરવાનો અદમ્ય જુસ્સો પ્રગટાવે, એવા વાર્તા વૈભવની આપણાં બાળકોને જરૂર છે.

# વાર્તાઓ : ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણનું માધ્યમ



- ડૉ. જિજ્ઞાસા ચાવડા
મો. ૯૪૨૬૮૫૩૧૧૧
શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ, ટીચર્સ કૉલેજ, સંત કબીર રોડ, રાજકોટ.

જે વાર્તાઓએ બાળકોનું અમૂલ્ય ઘડતર કર્યું, બાળકોનાં મનમાં સ્વર્ગ રચ્યાં, વાર્તાઓએ બાલસૃષ્ટિને ઉન્નતિ બક્ષી અને જીવનનું લક્ષ્ય - માર્ગ ચીંધ્યો, નિષ્ઠા, પ્રેમ, આત્મશ્રદ્ધાથી વ્યક્તિને બેઠી કરી અને તેના દિવ્યપથને પ્રેરણાપીયૂષ પાયાં હોય, એવી વાર્તાઓનું મનોવિજ્ઞાન નાનુંસૂનું નથી. કારણ કે વાર્તાઓ દ્વારા વ્યક્તિત્વ વિકાસની કેડી પણ કંડારાતી હોય છે. એવી પ્રેરણારૂપ વાર્તાઓ મૂલ્યોની પ્રહરી બનીને કેળવણીનું કામ કરતી હોય છે. ખરેખર તો વાર્તાઓ ઔપચારિક અને અનૌપચારિકપણે શિક્ષણની એક પ્રયુક્તિ/ પદ્ધતિ છે.

**વાર્તાઓ દ્વારા ગુણવિકાસનું શિક્ષણ :**

સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, સરળતા, પ્રામાણિકતા, તપ, ત્યાગ, સંયમ, સેવા, જેવા અનેક સદ્‌ગુણો વ્યક્તિના જીવનમાં ઉતરે તે માટે વાર્તા દ્વારા થતું શિક્ષણ અસરકારક પરિણામો લાવી શકે છે. વ્યક્તિમાં નાગરિકત્વ અને નેતૃત્વના ગુણોનો વિકાસ તેમણે બાળવયે સાંભળેલી વાર્તાઓના લીધે હોય છે.

**વાર્તાઓ થકી મૂલ્યાભિમુખ શિક્ષણ :**

જીવનમાં સનાતન મૂલ્યોની સ્થાપના તેને અભ્યાસક્રમનો વિષય બનાવવાથી નહીં થાય, પ્રવચનો દ્વારા વર્ગમાં માહિતી આપ્યા પછી તેની પરીક્ષા લઈ ગુણાંકન કરવાથી વિદ્યાર્થીના હૃદયમાં મૂલ્યોનું બીજારોપણ થઈ શકતું નથી. રસપ્રદ વાર્તાઓ દ્વારા જિવાતાં જીવન મૂલ્યો ઊતરતાં હોય છે.

વાર્તાનાં પાત્રોના આચરણની વાત દ્વારા આ મૂલ્યો વ્યકત થાય ત્યારે જ તેનો પ્રભાવ સાંભળનાર ઉપર પડતો હોય છે. બાળકના સુકુમાર મન ઉપર વાર્તાનો પ્રબળ પ્રભાવ પડે છે અને પરિણામે સહજ રીતે તેના જીવનમાં મૂલ્યસભર આચરણ આવી જાય છે, જેના આધારે સંપ, સહકાર, સંગઠન, સહાનુભૂતિ, કદર અને સલામતીનો ભાવ પ્રગટ થતો હોય છે.

**વાર્તાઓમાં વ્યાપક વિષયવસ્તુનો સંદર્ભ :**

માનવમાત્રમાં વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, પ્રકૃતિ તથા વિશ્વ પ્રત્યે સદ્‌ભાવ અને સમભાવ જાગે તેવી વાર્તાઓ અનેક પ્રકારના વિષયવસ્તુ પર આધારિત હોવાની. જેના દ્વારા મૂલ્યશિક્ષણ થાય જે સહિષ્ણુતા, આત્મ મર્મ તરફ દોરી જતું હોય છે. અને એવી વાર્તાઓમાં જે બોધપ્રદ સમાન તત્ત્વો છે તેનું શિક્ષણ વ્યક્તિમાં ચોક્કસ ભાવના ઉત્પન્ન કરી શકે છે.

**વાર્તાઓનો શૈક્ષણિક ફલિતાર્થ :**

વાર્તાઓ દ્વારા જીવન અને જ્ઞાનની વિભિન્ન શાખાઓનો સમન્વય કરી શકાય છે. સંસ્કૃતિને લગતી વાર્તાઓ આપણા સાંસ્કૃતિક વારસાને યાદ કરાવી, તેને જાળવી રાખવાનો બોધ પ્રદાન કરે છે. અધ્યાત્મને લગતી વાર્તાઓ વિદ્યાર્થીઓનો આધ્યાત્મિક વિકાસ કરવામાં પ્રેરણાદાયી બને છે.

મનુષ્યને વ્યક્તિ તરીકે મૂલવતી વાર્તાઓ વ્યક્તિના જન્મજાત ગુણો જણાવી તાલીમ દ્વારા તેનો વિકાસ કરવાની વાતો તરફ અંગુલિનિર્દેશ કરે છે. એવી વાર્તાઓ પણ હોય છે જે શ્રોતાઓને પ્રવૃત્તિ, સમાજ અને મૂલ્યોનું જ્ઞાન આપી શકે છે. આદર્શ અને બોધાત્મક હોય એવી વાર્તાઓ વિદ્યાર્થીના ચારિત્ર્ય સુધારને શ્રેષ્ઠ આદર્શ બનાવી દે છે. રાષ્ટ્રીય ચેતનાને ઉજાગર કરતી વાર્તાઓ રાષ્ટ્રીય શિસ્તની ભાવનાનો વિકાસ કરવામાં સહાયક બને છે. વળી,આંતરરાષ્ટ્રીય સમજનો વિકાસ કરવાની પ્રેરણા આપતી વાર્તાઓ પણ હોય છે. કેટલીક વાર્તાનાં પાત્રો દ્વારા ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાની પ્રાપ્તિ દ્વારા પ્રજાતંત્રની શોધમાં સંલગ્નપણું પ્રગટ થતું હોય છે.

વાર્તાઓ દ્વારા જાણવા માટેનું શિક્ષણ, જેના દ્વારા બાળક ન જાણેલાને જાણે છે.સર્જન માટેનું શિક્ષણ, જેનાથી બાળક આસપાસના પર્યાવરણમાં સર્જનાત્મક રીતે વિકાસ પામે છે. સહજીવન માટેનું શિક્ષણ, જેના થકી બાળક તમામ માનવીય પ્રવૃત્તિઓના ક્ષેત્રે અન્ય લોકો સાથે સહકાર ભાગીદારી કરતાં શીખી શકે છે. અસ્તિત્વ માટેનું શિક્ષણ, જેના વડે બાળક આગળના પાયાની પ્રગતિના આધારે સારી રીતે કેમ જીવવું, બહેતર જીવન બનાવવું તે શીખે. અલબત્ત વાર્તા દ્વારા આ ચારેય બાબતનું શિક્ષણ મળીને એક એકમ-ઈમારત બને છે. કારણ કે આ ચારેયમાં પરસ્પર સંપર્ક આંતર અને અદલા-બદલી થતાં રહે છે.

વાર્તામાં કોઈ વસ્તુ, કોઈ ઘટના, પરિસ્થિતિ, વ્યક્તિ, સ્થળ, વ્યવહાર વગેરેની વ્યક્તિલક્ષી અંતરંગ ગુણવત્તાની વાતો આવતી હોવાથી એ બાળકના હૃદયમાં આખી મૂલ્ય તરેહ ઊભી કરે છે, તેમાં એવો વિશાળ અર્થ અભિપ્રેત થાય છે.

**વાર્તાઓની ઉપફલશ્રૃતિ :**

વાર્તાની ઉપફલશ્રૃતિ તો એ છે કે તેમાં મૂલ્યોના વિકાસની વાત આવી જાય છે. વળી, કેટલીક વાર્તાઓ દ્વારા સાંસ્કૃતિક વારસાનું ગૌરવ જાણવા મળે છે. વાર્તાનાં પાત્રો પરથી જાતીય સમાનતા અને દૂરંદેશીનો વિચાર પ્રગટ થતો હોય છે.પર્યાવરણલક્ષી વાર્તાઓના આધારે બાળકો પર્યાવરણનું રક્ષણ, બંધારણીય જવાબદારીઓ વિશે વાકેફ થતાં હોય છે. સામાજિક રીતરિવાજો, રૂઢિઓ, વહેમો, અંધશ્રદ્ધા, માન્યતાઓ જેવાં દૂષણોથી બાળકોને દૂર રહેવાની પ્રેરણા અને સામાજિક ભેદભાવો દૂર કરવાનો વિચાર કેટલીક સામાજિક વાર્તાઓ થકી પ્રાપ્ત થાય છે. નાનાં કુટુંબના ધોરણનો વિકાસ કરવાની વાત પણ બાળકોને કેટલીક વાર્તાઓ શીખવી જાય છે. વિજ્ઞાનને લગતી વાર્તાઓ દ્વારા બાળકોમાં વૈજ્ઞાનિક મિજાજનું ઘડતર થતું હોય છે.

વાર્તાઓ દ્વારા સૌંદર્યાનુભૂતિ એટલે આનંદની અનુભૂતિ કરાવવી તે મહત્ત્વનું છે. શૈક્ષણિક દૃષ્ટિકોણથી પસંદ થયેલી વાર્તાઓ વિદ્યાર્થીઓના સંવેદનતંત્રને ઘડવામાં બહુ મોટો ભાગ ભજવવાની ક્ષમતા ધરાવે છે. ઉત્તમ વાર્તાકૃતિઓનું સેવન આ આદર્શ તરફ લઈ જવાનું કામ કરી શકે. બહુ નાની ઉંમરના બાળકને ઉત્તમ વાર્તાકૃતિઓના સેવનનું શિક્ષણ મળે તો એ બહુ નાની ઉંમરથી જ સત્યમ્ શિવમ્ સુંદરમ્ તરફ ડગલાં માંડી શકે. અનેક ઉત્તમ વાર્તાકૃતિઓના સેવનથી એનાં રસ-રુચિ ઘડાય છે. વાર્તા કૃતિના સૌંદર્યલોકને પામવા માટે એનામાં નિર્મળ સૌંદર્યદષ્ટિ વિકસશે. નિર્મળ સૌંદર્યદષ્ટિના વિકાસ માટે એની એક આંખમાં સત્યની અને બીજી આંખમાં શિવની પ્રતિષ્ઠા થતી હોય છે, જે વાર્તાઓ દ્વારા થતું મૂલ્ય ઘડતર જ છે.

**બાળકને શીખવવાનું સૌથી ઉત્તમ માધ્યમ વાર્તા :**

બાળકને શીખવવાનું સૌથી ઉત્તમ માધ્યમ વાર્તા છે. બાળકને ગુણદર્શી અને મૂલ્યસભર વાર્તાઓ કહેવી જોઈએ. તેનો પ્રતિભાવ મળશે જ. બાળક પણ વાર્તા કહેનાર પ્રત્યે પ્રેમભાવ અનુભવશે. આમ બાળક અને માતા-પિતા કે શિક્ષક વચ્ચે સ્નેહનો એક સુવર્ણતંતુ પ્રસ્થાપિત થશે. આ પ્રેમના તંતુના માધ્યમ દ્વારા બાળકનું જીવન-ઘડતર, બાળકનું શિક્ષણકાર્ય સહજ સુકર બની જશે. આમ, વાર્તાના કીમિયાથી બાળક વાર્તા કહેનાર પ્રત્યે ખુલ્લુ બની જશે, અભિમુખ બની જશે. આમ બને તો તો બાળકને સારી સાચી અને અનેક બાબતો સરળતાથી શીખવી શકાશે. વાર્તા કહેનાર માતા-પિતા, દાદા-દાદી, કાકા-કાકી અને મોટાં ભાઈ-બહેનો કે શિક્ષકો બાળકની શ્રદ્ધાનાં પાત્ર બની શકે તો આ શ્રદ્ધેયતાના પાયા પર બાળકનું શિક્ષણકાર્ય સંપન્ન કરી શકાશે.

બાળકો સમજદાર હોય છે. બધું જ બરાબર જુએ છે, સાંભળે છે અને ઘણું સમજે પણ છે. બાળક વાર્તાઓને એકીટશે સાંભળે છે. જો વાર્તાની શૈલી રસપ્રદ હોય, કહેનારનાં વાણી, વર્તન અને સંબંધો ઉચ્ચ કક્ષાનાં હોય તો કશું જ કર્યા વિના પણ આપોઆપ બાળકને વાર્તા પ્રત્યે અને તેને કહેનાર પ્રત્યે શ્રદ્ધા બેસે છે. બાળકના ચિત્તમાં આવાં શ્રદ્ધાસ્પદ વડીલો પ્રત્યે શ્રદ્ધા જન્મે છે અને વિકસે છે. આ શ્રદ્ધા વાર્તા દ્વારા બાળકનું શિક્ષણકાર્ય સરળ બનાવી દે છે.

# બાળકના શિક્ષણમાં વાર્તા અભિમુખતા



- ડૉ. મગનલાલ એસ. મોલિયા
મો. ૯૬૮૭૬૯૩૨૪૧
પ્રોફેસર, શિક્ષણ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

વાર્તાઓ બાળકોના મનને આબેહૂબ માનસિક છબીઓ બનાવવા માટે ઉત્તેજિત કરીને, સર્જનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપીને અને નવી વિભાવનાઓ અને વિશ્વોની તેમની સમજને વિસ્તૃત કરીને તેમની કલ્પનાશક્તિનો વિકાસ કરે છે. આ કલ્પનાશીલ નાટક જ્ઞાનાત્મક અને ભાષા વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે, સર્જનાત્મકતા, સહાનુભૂતિ, શબ્દભંડોળ અને ભવિષ્યના શિક્ષણ માટે મજબૂત પાયો બનાવે છે. સાથે વાંચન અને બાળકોને પોતાની વાર્તાઓ બનાવવા માટે પ્રોત્સાહિત કરવાથી બાળવિકાસના આ મહત્ત્વપૂર્ણ પાસાને વધુ પોષણ મળે છે. એક કોર્પોરેટ ટ્રેનર અને હવે એક લેખક તરીકે, વાર્તા કહેવાનું હંમેશાં મારી યાત્રાના કેન્દ્રમાં રહ્યું છે. આપણે જન્મ્યા ત્યારથી, વાર્તા કહેવાનું આપણા ડીએનએમાં વણાયેલું છે.

આપણે ગમે તે ભાષા બોલીએ છીએ, આપણે બધા જન્મજાત વાર્તાકારો છીએ, વાર્તાઓ દ્વારા અનુભવો, લાગણીઓ અને આંતરદૃષ્ટિનો સહજ રીતે સંચાર કરીએ છીએ. વાર્તાઓ સદીઓથી માનવ સંસ્કૃતિનો મૂળભૂત ભાગ રહી છે, જે આપણી આસપાસની દુનિયાને કેવી રીતે વાતચીત કરીએ છીએ, શીખીએ છીએ અને સમજીએ છીએ તે આકાર આપે છે. જ્યારે બાળકોની વાત આવે છે, ત્યારે વાર્તા કહેવાની શક્તિ વધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે. દંતકથાઓ અને પરીકથાઓથી લઈને આધુનિક ચિત્ર પુસ્તકો અને મૌખિક પરંપરાઓ સુધી, વાર્તાઓનો યુવાન મન પર ઊંડો પ્રભાવ પડે છે. વાર્તા કહેવાની ક્રિયા માત્ર મનોરંજન જ નહીં પરંતુ બાળકના જ્ઞાનાત્મક, સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. બાળકના વિકાસમાં વાર્તા કહેવાનું મહત્ત્વ વધારે પડતું કહી શકાય નહીં. તે તેમની કલ્પનાશક્તિ, ભાષાકૌશલ્ય, ભાવનાત્મક સમજણ અને વિશ્વ દૃષ્ટિકોણને આકાર આપે છે. વાર્તાઓ દ્વારા, બાળકોને નવા વિચારો, પડકારો અને લાગણીઓનો પરિચય કરાવવામાં આવે છે, જે બધા તેમના વિકાસ અને શિક્ષણમાં ફાળો આપે છે. જેમ જેમ તેઓ મોટા થાય છે, વાર્તાઓમાંથી શીખેલા પાઠ તેમને માર્ગદર્શન આપતા રહેશે, તેમને સહાનુભૂતિ, સર્જનાત્મકતા અને સ્થિતિસ્થાપકતા સાથે જીવનની જટિલતાઓને પાર કરવામાં મદદ કરશે. ચાલો જોઈએ કે વાર્તા કહેવાનું બાળકો માટે શા માટે મહત્ત્વપૂર્ણ છે અને તે તેમના ભવિષ્યને કેવી રીતે આકાર આપે છે.

**કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતામાં વધારો** : વાર્તા કહેવાનો એક સૌથી નોંધપાત્ર ફાયદો એ છે કે તે બાળકની કલ્પનાશક્તિને ઉત્તેજિત કરે છે. જ્યારે બાળકો વાર્તા સાંભળે છે, ત્યારે તેઓ ફક્ત નિષ્ક્રિય રીતે સાંભળતાં નથી; તેઓ પાત્રો, સેટિંગ્સ અને પ્લોટ સાથે સક્રિય રીતે જોડાય છે. આ પ્રક્રિયા તેમને તેમના મનમાં બનતી ઘટનાઓની કલ્પના કરવા માટે પ્રોત્સાહિત કરે છે. ઉદાહરણ તરીકે, જ્યારે કોઈ બાળક જાદુઈ રાજ્ય પર ઊડતા ડ્રેગન વિશેની વાર્તા સાંભળે છે, ત્યારે તેમના મગજને ડ્રેગનના દેખાવ, લેન્ડસ્કેપ અને ક્રિયાનું ચિત્રણ કરવાનું કામ સોંપવામાં આવે છે. આ કસરત તેમની સર્જનાત્મકતામાં વધારો કરે છે અને તેમને બોક્સની બહાર વિચારવામાં મદદ કરે છે. તેઓ જેટલી વધુ વૈવિધ્યસભર વાર્તાઓ સાંભળે છે, તેમનું કલ્પનાશીલ વિશ્વ વધુ વિસ્તૃત બને છે, જેનાથી તેઓ પોતાનાં સાહસો અને વિચારો બનાવી શકે છે.

**ભાષા અને સંદેશાવ્યવહાર કૌશલ્યમાં સુધારો** : વાર્તા કહેવાથી ભાષાકૌશલ્ય વિકસાવવામાં મદદ મળે છે. વાર્તાઓ સાંભળવાથી બાળકોને નવું શબ્દભંડોળ

શોધવામાં, વાક્યરચનાઓ સમજવામાં અને ભાષા કેવી રીતે કાર્ય કરે છે તે ઓળખવામાં મદદ મળે છે. જે બાળકોને નિયમિતપણે વાર્તાઓ વાંચવામાં આવે છે અથવા કહેવામાં આવે છે તેઓ વિવિધ વાણી પેટર્ન, શબ્દો અને અભિવ્યક્તિઓથી પરિચિત થાય છે. તેઓ તેમના વિચારોને કેવી રીતે વ્યક્ત કરવા, તેમના મૌખિક સંદેશાવ્યવહારને વધારવા અને અર્થપૂર્ણ વાતચીતમાં જોડાવાનું શીખે છે. વાર્તા કહેવાથી સમજણ અને યાદશક્તિમાં પણ મદદ મળે છે. જેમ જેમ બાળકો વાર્તાઓ સાંભળે છે અથવા ફરીથી કહે છે, તેમ તેમ તેઓ શ્રવણ કૌશલ્ય, ધ્યાન કેન્દ્રિત કરવા અને યાદશક્તિનો અભ્યાસ કરે છે, જે પછીનાં વર્ષોમાં શૈક્ષણિક સફળતા માટે મહત્ત્વપૂર્ણ છે.

**નૈતિક પાઠ અને મૂલ્યો શીખવવા :** વાર્તાઓ, ખાસ કરીને પરંપરાગત લોકવાર્તાઓ અથવા દૃષ્ટાંતો, ઘણીવાર મહત્ત્વપૂર્ણ નૈતિક પાઠ વહન કરે છે. પાત્રોની ક્રિયાઓ અને પરિણામો દ્વારા, બાળકો સાચાં અને ખોટાં, દયા, પ્રામાણિકતા, બહાદુરી અને અન્ય મૂલ્યો વિશે શીખે છે જે તેમના પાત્રને આકાર આપે છે. ઉદાહરણ તરીકે, 'ધ ટોર્ટોઇઝ એન્ડ ધ હેર' જેવી એસોપની દંતકથાઓ ધીરજ અને દ્રઢતા શીખવે છે, જ્યારે 'સિન્ડ્રેલા' જેવી વાર્તાઓ દયાના મહત્ત્વ પર ભાર મૂકે છે. બાળકો આ પાઠોને આંતરિક બનાવે છે અને, જેમ જેમ તેઓ મોટાં થાય છે, તેઓ તેમને પોતાના જીવનમાં લાગુ કરે છે. વાર્તા કહેવાથી બાળકોને જટિલ લાગણીઓ અને પરિસ્થિતિઓનું અન્વેષણ કરવા માટે એક સુરક્ષિત જગ્યા મળે છે, જે તેમને નૈતિક સમજણનો મજબૂત પાયો બનાવવામાં મદદ કરે છે.

**ભાવનાત્મક બુદ્ધિમત્તાને પ્રોત્સાહન આપવું :** જ્યારે બાળકો વાર્તાઓ સાંભળે છે, ત્યારે તેઓ વિવિધ વ્યક્તિત્વ, પડકારો અને લાગણીઓ ધરાવતાં પાત્રોનો સામનો કરે છે. તેઓ વિવિધ દૃષ્ટિકોણ અને લાગણીઓને સમજીને અન્ય લોકો સાથે સહાનુભૂતિ દર્શાવવાનું શીખે છે. ઉદાહરણ તરીકે, એક પાત્ર વિશેની વાર્તા જે ઉદાસી, ભય અથવા ખુશી અનુભવે છે તે બાળકોને આ લાગણીઓને બિન-જોખમી રીતે શોધવામાં સક્ષમ બનાવે છે. આ એક્સપોઝર બાળકોને તેમની પોતાની અને અન્ય લોકોની લાગણીઓને ઓળખવામાં અને લેબલ કરવામાં મદદ કરે છે, જે ભાવનાત્મક બુદ્ધિમત્તાના વિકાસમાં ફાળો આપે છે. તે તેમને સ્વસ્થ રીતે લાગણીઓનું સંચાલન કેવી રીતે કરવું તે અંગે ચર્ચામાં જોડાવા માટે પણ પ્રોત્સાહિત કરે છે. તેનાથી વિપરીત, વાર્તા કહેવાથી વાર્તાકારને ચૅનલ બનાવવામાં અને લાગણીઓની વિશાળ શ્રેણીને વધુ અસરકારક રીતે સંચાલિત કરવામાં મદદ મળે છે, જેનાથી તેઓ વાતચીત કરી શકે છે અને તેમની વાર્તાને વધુ પ્રભાવ સાથે શેર કરી શકે છે. વાર્તાઓ બનાવવાથી મને વ્યક્તિગત રીતે નકારાત્મક વિચારો અને લાગણીઓને વધુ સર્જનાત્મક અને રચનાત્મક કંઈકમાં રૂપાંતરિત કરવામાં મદદ મળી છે, જેનાથી હું તેમને સ્વસ્થ દૃષ્ટિકોણથી નેવિગેટ કરી શકું છું.

**સંબંધો અને બંધનને મજબૂત બનાવવું :** વાત કહેવાનું કાર્ય એક સહિયારો અનુભવ હોઈ શકે છે જે બાળકો અને પુખ્ત વયના લોકો, જેમકે માતાપિતા, દાદા-દાદી અથવા શિક્ષકો વચ્ચે મજબૂત સંબંધો બનાવે છે. પછી ભલે તે સૂવાના સમયે વાર્તા હોય કે જૂથ વાર્તા કહેવાનું સત્ર, આ ક્ષણો નિકટતા અને વિશ્વાસને પ્રોત્સાહન આપે છે. વાર્તા કહેવાની એક પ્રિય વિધિ બની શકે છે, જે બાળકોને સુરક્ષા અને આરામની ભાવના પ્રદાન કરે છે. વાર્તાના ભાગો સાંભળવાનો, ચર્ચા કરવાનો અથવા અભિનય કરવાનો સહિયારો અનુભવ એવી યાદો બનાવે છે જે જીવનભર ટકી રહે છે અને વાંચન અને શીખવા માટે આજીવન પ્રેમને પ્રોત્સાહન આપી શકે છે.

**વિવેચનાત્મક વિચારસરણી અને સમસ્યાનું નિરાકરણ કરવાની કુશળતાને પ્રોત્સાહન આપવું :** બાળકો વાર્તાઓ સાથે જોડાતાં હોવાથી, તેમને ઘણીવાર વિવેચનાત્મક રીતે વિચારવા માટે પ્રેરિત કરવામાં આવે છે. તેમને પ્રશ્નો પૂછવા, વિવિધ દૃષ્ટિકોણ પર વિચાર કરવા અને આગાહીઓ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, અણધારી વાર્તા ધરાવતી વાર્તા

બાળકોને પૂછવા તરફ દોરી શકે છે, "તમને શું લાગે છે કે આગળ શું થશે?" અથવા "પાત્ર તે સમસ્યાને કેવી રીતે હલ કરી શકે?" આ પ્રશ્નો તેમની તર્ક ક્ષમતાઓને ઉત્તેજિત કરે છે, જે તેમને વધુ સારી રીતે સમસ્યા-નિરાકરણ કરનારા બનવામાં મદદ કરે છે. વધુમાં, પાત્રો અને પરિસ્થિતિઓની તુલના કરીને, બાળકો વિશ્લેષણ અને મૂલ્યાંકનની કુશળતા વિકસાવવાનું શરૂ કરે છે, જે શાળા અને રોજિંદા નિર્ણય લેવા માટે મહત્ત્વપૂર્ણ છે.

**સાંસ્કૃતિક જાગૃતિ અને વિવિધતાને પ્રોત્સાહન આપવું** : વાર્તાઓ વિવિધ સંસ્કૃતિઓ, માન્યતાઓ અને પરંપરાઓનું પ્રવેશદ્વાર છે. બાળકો વિશ્વભરના વિવિધ સમુદાયોનું પ્રતિનિધિત્વ કરતી વાર્તાઓ દ્વારા વિવિધ રિવાજો, જીવનશૈલી અને ઇતિહાસ વિશે શીખી શકે છે. ભલે તે આફ્રિકા, એશિયા કે લેટિન અમેરિકાની વાર્તા હોય, વાર્તા કહેવાથી બાળકોને માનવ અનુભવની સમૃદ્ધ ટેપેસ્ટ્રીનો પરિચય થાય છે. વિવિધ દૃષ્ટિકોણથી પરિચિત થવાથી, બાળકો સાંસ્કૃતિક વિવિધતા માટે આદર અને પ્રશંસા વિકસાવી શકે છે. આ તેમના વિશ્વ દૃષ્ટિકોણને વિસ્તૃત કરે છે અને તેમને વધુ ખુલ્લા મનના અને અન્યોને સ્વીકારવા માટે પ્રોત્સાહિત કરે છે.

**વાંચનનો પ્રેમ પ્રોત્સાહન** : વાર્તા કહેવા એ ઘણીવાર વાંચન પ્રત્યેના જીવનભરના પ્રેમને પોષવાનું પ્રથમ પગલું છે. જે બાળકો વાર્તાઓથી મોહિત થાય છે - પછી ભલે તે મોટેથી કહેવામાં આવે કે પુસ્તકોમાં - તેઓ જાતે પુસ્તકો શોધવાની શક્યતા વધારે હોય છે. જ્યારે વાર્તા કહેવાનું એક મનોરંજક અને આકર્ષક પ્રવૃત્તિ બની જાય છે, ત્યારે બાળકો સ્વતંત્ર રીતે વધુ વાર્તાઓનું અન્વેષણ કરવા માટે આંતરિક પ્રેરણા વિકસાવે છે. વાંચન માત્ર સાક્ષરતાને ટેકો આપતું નથી પરંતુ જિજ્ઞાસા અને શીખવાની ઇચ્છાને પણ ઉત્તેજિત કરે છે. સમય જતાં, આ અનુભવો બાળકની શૈક્ષણિક યાત્રાનો પાયો બનાવે છે.

**આરામ અને તણાવ રાહતને સરળ બનાવવું** : આજના ઝડપી અને ગતિશીલ વિશ્વમાં, બાળકો પુખ્ત વયના લોકોની જેમ જ તણાવ અને ચિંતાનો અનુભવ કરી શકે છે. વાર્તા કહેવાથી તેમને આરામ કરવામાં મદદ મળી શકે છે. સૂતાં પહેલાં એક આરામદાયક, પરિચિત વાર્તા સાંભળવાથી શાંતિપૂર્ણ વાતાવરણ બની શકે છે જે બાળકોને આરામ કરવામાં અને ઊંઘમાં સંક્રમિત કરવામાં મદદ કરે છે. વાર્તાઓની રચના અને લય ગ્રાઉન્ડિંગ હોઈ શકે છે, જે બાળકોને આગાહી અને શાંતિની ભાવના આપે છે. વધુમાં, ઉત્તેજક થીમ્સ અથવા સુખદ અંત ધરાવતી વાર્તાઓ હકારાત્મક લાગણીઓ અને માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપી શકે છે.

**માતાપિતા, શિક્ષકો અને સંભાળ રાખનારાઓ માટે** : માતાપિતા, શિક્ષકો અને સંભાળ રાખનારાઓ માટે, વાર્તા કહેવાનું ફક્ત એક પ્રવૃત્તિ નથી - તે વિચારશીલ, દયાળુ અને જિજ્ઞાસુ વ્યક્તિઓની પેઢીને ઉછેરવા માટે એક શક્તિશાળી સાધન છે. તેથી, આગલી વખતે જ્યારે તમે બાળક સાથે વાર્તા શેર કરો છો, ત્યારે યાદ રાખોઃ તમે ફક્ત તેમનું મનોરંજન કરી રહ્યા નથી, તમે તેમના ભવિષ્યનો પાયો નાખી રહ્યા છો.

વાર્તાઓ બાળકોના મનને આબેહૂબ માનસિક છબીઓ બનાવવા માટે ઉત્તેજિત કરીને, સર્જનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપીને અને નવી વિભાવનાઓ અને વિશ્વોની તેમની સમજને વિસ્તૃત કરીને તેમની કલ્પનાશક્તિનો વિકાસ કરે છે.

આ કલ્પનાશીલ નાટક જ્ઞાનાત્મક અને ભાષા વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે, સર્જનાત્મકતા, સહાનુભૂતિ, શબ્દભંડોળ અને ભવિષ્યના શિક્ષણ માટે મજબૂત પાયો બનાવે છે. સાથે વાંચન અને બાળકોને પોતાની વાર્તાઓ બનાવવા માટે પ્રોત્સાહિત કરવાથી બાળવિકાસના આ મહત્ત્વપૂર્ણ પાસાને વધુ પોષણ મળે છે. આપણે ગમે તે ભાષા બોલીએ, આપણે બધા જન્મજાત વાર્તાકાર છીએ, વાર્તાઓ દ્વારા અનુભવો, લાગણીઓ અને આંતરદૃષ્ટિનો સહજ રીતે સંચાર કરીએ છીએ. દંતકથાઓ અને પરીકથાઓથી લઈને આધુનિક ચિત્ર પુસ્તકો અને મૌખિક પરંપરાઓ સુધી, વાર્તાઓનો યુવાન મન પર ઊંડો પ્રભાવ પડે છે.

# બાળકોની મૂછાળી મા ગિજુભાઈ બધેકા : ધારાશાસ્ત્રીથી શિક્ષણશાસ્ત્રી સુધીની યાત્રા..!



- ડૉ. કૃણાલ પંચાલ
મો. ૯૪૨૯૨૯૭૭૩૭
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર.

એક બાળકના જન્મ સાથે પિતાનો પણ જન્મ થાય છે. પિતૃત્વનું પ્રગટીકરણ વ્યક્તિમાં આમૂલ પરિવર્તનનો પવન ફૂંકે છે અને રાષ્ટ્રને એક અનોખા બાળ કેળવણીકાર પ્રાપ્ત થાય છે.

મોન્ટેસોરી શિક્ષણ પદ્ધતિને ભારતમાં લોકપ્રિય બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ગિજુભાઈનું મૂળનામ ગીરજાશંકર ભગવાનજી બધેકા હતું. તેમનો જન્મ 15 નવેમ્બર, 1885ના રોજ ભાવનગર જિલ્લાના પ્રાચીન વિદ્યાપીઠ સ્થળ વલ્લભીપુરમાં થયો હતો. આ સ્થળ એક સમયે મહત્ત્વનું બંદર અને નગર હતું. તેમના પિતા ભગવાનજી બધેકા વલ્લભીપુરમાં વકીલ હતા અને તેઓ મૃદુ ભાષી, સદ્ગુણી અને સમુદાયમાં આદરણીય વ્યક્તિ હતા. માતાનું નામ કાશીબાઈ હતું. ગિજુભાઈનું બાળપણ મોટાભાગે ભાવનગરમાં વીત્યું હતું. તેમનું બાળપણ સામાન્ય અને આનંદમય હતું, જેમાં મિત્રો સાથેની મજા અને સાહસિક અનુભવોનો ભંડાર હતો. તેમના બાળપણની એક રસપ્રદ ઘટના જાણવા જેવી છે. તેઓ અને તેમના મિત્રો એક જગ્યા જ્યાં ભૂત હોવાની અફવાને કારણે કોઈ પ્રવેશ કરતું ન હતું. ત્યાંના ફળો ગિજુભાઈ અને તેમના મિત્રો ખાય છે, સૂર્યાસ્ત સુધી ત્યાં રોકાય અને પોતાની હિંમત અને જિજ્ઞાસાનો પરિચય આપતા. ગિજુભાઈના મામા હરગોવિંદ પંડ્યાએ તેમના વ્યક્તિત્વને આકાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમના પરિવારની આર્થિક સ્થિતિને કારણે તેઓ કોલેજના પ્રથમ વર્ષ પછી અભ્યાસ છોડીને મુંબઈમાં નોકરી કરવા માટે ગયા, પરંતુ પછી તેમના બાળપણના મિત્ર હરિશંકર ત્રિવેદીના આગ્રહથી પૂર્વ આફ્રિકા ગયેલા. 1911માં વઢવાણ કેમ્પમાં તેમણે  જિલ્લા વકીલ તરીકે પ્રેક્ટિસ શરૂ કરી હતી.  તેમની પ્રેક્ટિસ સારી ચાલી રહી હતી અને કમાણી પણ કરી રહ્યા હતા, પરંતુ તેમનું મન કાનૂની બાબતોના કાવતરામાં લાગતું ન હતું. 1913માં તેઓ એક પુત્રના પિતા બન્યા. બાળક નરેન્દ્રના આગમનથી તેમનું જીવન બાળવિકાસ અને શિક્ષણના ક્ષેત્રમાં ક્રાંતિનું પ્રેરક બન્યું. તે સમય દરમિયાન ભારતીય શિક્ષણ અંગ્રેજી શાસકો દ્વારા પ્રચલિત મેકોલેવાદ અને પરંપરાગત સિદ્ધાંતનું વિચિત્ર મિશ્રણ હતું. નરેન્દ્રના માતાપિતાએ સ્થાનિક શાળાઓની દયનીય સ્થિતિ જોઈ હતી અને તેમના પુત્રને કેવા પ્રકારનું શિક્ષણ મળશે તે અંગે તેઓ ચિંતિત હતા.ગિજુભાઈ તેમના બાળક માટે કંઈક અલગ કરવા માંગતા હતા, પરંતુ તે શું હોઈ શકે તેની કલ્પના કરી શકતા ન હતા.  તેથી તેમણે શિક્ષણ અને શિક્ષકો વિશે જે કંઈ મળ્યું તે વાંચવાનું શરૂ કર્યું. તેમણે પોતાની ચિંતા અને મૂંઝવણો તેમના મિત્રો સાથે વહેંચી. આ મિત્રોમાંના એક દરબારશ્રી ગોપાલદાસ દેસાઈ હતા. જે વારંવાર વઢવાણ કેમ્પની મુલાકાત લેતા હતા. તેમણે ગિજુભાઈને કહ્યું, ''જો તમારે બાળકોના શિક્ષણ વિશે સાહિત્ય વાંચવું હોય અને નવી પ્રકારની શાળા જોવી હોય તો વસો જાઓ અને મોતીભાઈ અમીનને મળો.'' તેમના માટે દરવાજો ખુલ્યો. ગિજુભાઈ વસો ગયા. મોતીભાઈને મળ્યા અને તેમની શાળા જોઈ. તેઓ ત્યાંથી ઘણાં પુસ્તકો સાથે પાછા આવ્યા; જેમાં મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિનું વર્ણન કરતું એક પુસ્તક હતું. તેમણે બાળક નરેન્દ્ર સાથે પ્રયોગો કરવાનું શરૂ કર્યું, અને તેનાં મિત્રો સાથે તેના અવલોકનો, તેમજ મોન્ટેસરીના વિચારો વિશે ચર્ચા કરવાનું શરૂ કર્યું. જેમ જેમ આ નવા પડકારમાં વધુ સમય અને શક્તિ ખર્ચવાની તેની ઈચ્છા વધતી ગઈ તેમ તેમ તેઓ કાનૂની પ્રેક્ટિસથી દૂર થતા ગયા. 1915માં ગિજુભાઈએ ભાવનગરમાં દક્ષિણામૂર્તિ નામની એક શૈક્ષણિક સંસ્થાના

બંધારણને ઘડવામાં મદદ કરી. તેના સ્થાપકો સગાસંબંધી હતા. તેમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ હતો કે 32 વર્ષની ઉંમરે ગિજુભાઈએ તેમની કાનૂની પ્રેક્ટિસ છોડી દીધી અને 1916માં દક્ષિણામૂર્તિમાં જોડાયા. તેઓ શરૂઆતમાં વિદ્યાર્થી છાત્રાલયના સહાયક વોર્ડન તરીકે અને હાઈસ્કૂલમાં શિક્ષણ આપતા. વિદ્યાર્થીઓ સાથેની તેમની સીધી વાતચીતથી તેમનો વિશ્વાસ મજબૂત થયો કે જો વાસ્તવિક પરિવર્તન કરવું હોય તો બાળપણથી જ શરૂઆત કરવી મહત્ત્વપૂર્ણ છે. તેમણે બૉર્ડ સમક્ષ પ્રાયોગિક પૂર્વશાળા (બાલમંદિર) શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો અને 1920માં દક્ષિણામૂર્તિ બાલમંદિર શરૂ થયું, જે ગિજુભાઈની કર્મભૂમિ અને વૈશ્વિક ઓળખ બની. જ્યાં તેમણે મોન્ટેસરી ફિલસૂફી અને પદ્ધતિનો ઉપયોગ કર્યો. બાળવિકાસ વિશેની મુખ્ય માન્યતાઓ અને સિદ્ધાંતોનો ઉપયોગ કર્યો, જ્યારે સ્થાનિક પરિવેશને અનુરૂપ પદ્ધતિઓ અને તકનીકોને અનુરૂપ બનાવી. ગિજુભાઈએ બાળકોના પ્રતિભાવોનું નજીકથી નિરીક્ષણ કર્યું ત્યારે તેમને એ પણ સમજાયું કે બાળકો સાથેના તેમના પ્રયોગો ત્યારે જ અસરકારક બનશે, જો શિક્ષકો અને માતાપિતા બાળકો સાથેના તેમના વ્યવહારમાં તે જ સમજે અને લાગુ કરે. તેથી તેમણે આ વિશે ખાસ કરીને માતા પિતાને માર્ગદર્શક ત્રણ પુસ્તકો ‘મા બાપોને’, ‘મા બાપ થવુ આકરું છે’ અને ‘આ તે શી માથાફોડ’ લખ્યા. તેમના બધા પ્રયોગો, અવલોકનો, નોંધો અને એક અલગ પ્રકારના શિક્ષણ માટેના દૃષ્ટિકોણનો અંત ‘દિવાસ્વપ્ન’ નામના પુસ્તકમાં થયો. આ પુસ્તક શિક્ષકો માટે ગીતા સમાન છે. ગિજુભાઈનું બાળપણ તેમની વિચારધારાનો આધાર બન્યું, જેમાં બાળકોને સ્વતંત્રતા, અનુભવ આધારિત કેળવણી અને પ્રેમપૂર્ણ વાતાવરણનું મહત્ત્વ હતું. તેઓ 1939માં ભાવનગરમાં અવસાન પામ્યા, પરંતુ તેમનું યોગદાન આજે પણ શિક્ષણ ક્ષેત્રે પ્રેરણારૂપ છે.

**શીખવા જેવું :** બાળકના જન્મ સાથે જ પિતાનો જન્મ થાય છે. આ પિતૃત્વના ઉછેર અને ઘડતર માટે ક્ષણે ક્ષણ શીખવું જ રહ્યું..!

## સહકાર અને સ્પર્ધા

શિક્ષણમાં બે વાત એકીસાથે ચાલી શકે
નહીં - એક સહકાર અને બીજી સ્પર્ધા.
સહકાર વ્યક્તિ પાસેથી સૌને માટે કંઈક ફાળો માંગે છે;
સહકાર વ્યક્તિ-વિકાસને સંપૂર્ણ અવકાશ આપવા છતાં
સમૂહનું હિત પ્રથમ ગણે છે.
સ્પર્ધા વ્યક્તિનું જ હિત આગળ ધરી,
વ્યક્તિને જ આગળ વધારવાનું સાધન છે.
સ્પર્ધા સમૂહ, સંગઠન અને જીવનનો વિરોધ છે.

**- ગિજુભાઈ બધેકા**

# વાર્તા રે વાર્તા



- પ્રો. ડૉ. અશ્વિન જનસારી
મો. ૯૪૨૭૦૬૮૦૧૦
નિવુત અધ્યક્ષ, મનો વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

બાળકોને વાર્તાઓ પ્રત્યે જન્મજાત પ્રેમ હોય છે. વાર્તાઓ બાળકોને તેમની આસપાસની દુનિયા વિશે જાણકારી આપવાનું એક શક્તિશાળી સાધન છે. વાર્તા કહેવાનો અર્થ વાર્તાઓ કહેવાની ક્રિયા છે, જે સામાન્ય રીતે મનોરંજન અથવા શિક્ષણ આપવા માટે હોય છે, વાર્તાઓ કોઈ પણ વસ્તુશિક્ષણ આપવા માટે હોય છે. વાર્તાઓ કોઈ પણ વસ્તુ વિશે હોઈ શકે છે. વાસ્તવિક કે કાલ્પનિક, ઐતિહાસિક કે વર્તમાન ઘટનાઓ, પૌરાણિક કે ધાર્મિક વાર્તાઓ કહેવામાં આવે, વાંચવામાં આવે કે મોબાઈલ, ટી.વી. કે ફિલ્મો જેવાં માધ્યમો દ્વારા રજૂ કરવામાં આવે છે.

એક સમય હતો જ્યારે ઘરમાં દાદા- દાદી કે નાના નાનીની આસપાસ બાળકો ગોઠવાઈ જતાં અને પછી ઘરનાં વડીલો બાળકોને મહાભારત, રામાયણ , પંચતંત્ર, અમરકથાઓ કે અકબર- બીરબલની વાર્તા કહેતાં. આજના સમયમાં બાળકોને વાર્તા કહેવાની પરંપરા તો વિસરાઈ ગઈ છે. હવે લોકો વિભક્ત કુટુંબમાં રહે છે, યુવાન માતા-પિતા પર ખાસ પ્રેશર હોય છે. બાળકો હવે મોબાઈલ, આઈપેડ કે ટી.વી.નું વળગણ વધી જવાથી તેની સાથે જ મોટો થાય છે. આજની પેઢી મીડિયાથી ભરપૂર સરોવરમાં મોટી થઈ રહી છે. મોઢેથી વાર્તા કહેવાની બાબત જાણે ભૂતકાળ બની ગઈ છે.

વાર્તાઓ દ્વારા બાળકોને આસપાસના જગત વિશે, દેશો વિશે અને પરંપરાઓની જાણકારી મળે છે વાર્તાઓ બાળકોને વિવિધ સંસ્કૃતિઓની કદર કરવાનું શિખવાડે છે. આપણી સંસ્કૃતિ વિવિધ પાસાંઓની જાણકારી વાર્તાઓ દ્વારા મળે છે.

વાર્તાઓ બાળકોમાં સાંસ્કૃતિક સમજણ વિકસાવે છે. વાર્તાઓ બાળકોને ભાષા શીખવાની તક આપે છે. બાળકોના શબ્દોનાભંડોળનો વિસ્તાર થાય છે. વાર્તા સાંભળવાથી નવા નવા શબ્દોના પરિચયમાં આવે છે. અને નવા નવા શબ્દો શીખે છે. જો તેઓ કોઈ શબ્દ સમજી શકતાં નથી તો તેઓ તેની સમજૂતી માંગશે. વાર્તાઓથી બાળકોનો શબ્દ વૈભવ વધે છે.

વાર્તાઓ બાળકોમાં ભાવનાત્મક બુદ્ધિનો પણ વિકાસ કરે છે વાર્તઓ બાળકોને તેમની લાગણીઓને ઓળખવામાં મદદ કરે છે અને તેનું નિયમન કરવામાં મદદ કરે છે. વાર્તાઓ તેમને વાસ્તવિક દુનિયાથી દૂર એક કાલ્પનિક દુનિયામાં લઈ જાય છે, તેની સાથે સંકાળેયેલી વાર્તાઓ સાંભળવાથી તેમના તણાવ અને ચિંતા ઓછાં થાય છે.

બાળકોમાં સાંભળવાની કુશળતા સૌથી ખરાબ હોય છે તેઓ કાં તો વાતચીતમાં વચ્ચે જ બોલે છે અથવા તેમનું ધ્યાન ગુમાવી દે છે. બાળકો બોલે વધારે અને સાંભળે ઓછું છે. વાર્તાઓ કહેવાથી તેને ધ્યાનથી સાંભળવાની ટેવ પડે છે. બીજાની વાત સાંભળવાની અને સમજવાની કોશિશ કરે છે.

બાળકોની યાદશક્તિ સુધારવામાં પણ વાર્તાઓ મદદરૂપ થાય છે. ચતુરાઈ વાપરીને વાર્તાના માધ્યમથી બાળકોની યાદશક્તિ વધારી શકાય છે. તમે એક વાર તેને કોઈ વાર્તા કહો. પછી થોડા દિવસ રહીને એ વાર્તા રિપીટ કરો. વચ્ચે વચ્ચે બાળકોને તેમાં શું થાય છે તે પૂછતાં રહો. આમ કરવાથી બાળકની એકાગ્રતા વધશે અને તેમની યાદ શક્તિ પણ મજબૂત થશે.

વાર્તાઓ સાંભળવાથી કે વાંચવાથી બાળકોમાં સદ્‌ગુણો અને સારા સંસ્કાર વિકસે છે. બાળકોને સાચા- ખોટા સારું-ખરાબ, શુભ-અશુભનો ખ્યાલ આવે છે. બાળક દયા, પ્રામાણિકતા, મદદરૂપ થવાની ભાવના, સહાનુભુતિ અને ઉદારતા જેવા ગુણો વિશે જાણે છે અને

શીખે છે. બોધપાઠવાળી વાર્તાઓ કહેવાથી ડહાપણ, હિંમત અને પ્રામાણિકતા જેવા ઘણા સંસ્કારો નાની ઉંમરથી આવે છે.

વાર્તાઓ સર્જનશીલતા અને કલ્પના- શક્તિ વિકસાવવામાં મદદ કરે છે. વાર્તાઓ દ્વારા તેમની સર્જનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન મળે છે. બાળકોને પોતાની રીતે વાર્તાઓ કહેવાથી સ્વતંત્રતા આપવામાં આવે તો તેમની કલ્પનાશક્તિનો વિકાસ થાય છે. વિવેચનાત્મક રીતે વિચારવાનું શીખે છે. વાર્તા અંગે વિશ્લેષણ કરીને અને વિવિધ રીતે તેનું અર્થઘટન કરવાનું શીખે છે. તેઓને પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને પાત્રો, સેટિંગ અને વાર્તાનું ચિત્રણ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય . આ બાબત તેમને ભવિષ્યમાં સારા વાર્તાકાર બનવામાં મદદરૂપ થઈ શકે. પોતાની કલ્પનાની દુનિયાનું નિર્માણ કરી શકે છે.

વાર્તાઓ બાળકોની શીખવાની પ્રક્રિયાને સરળ બનાવે છે. વ્યક્તિગત જીવનમાં જ્ઞાન મેળવવાનું સરળ બને છે. વાર્તાઓ સાંભળવવા કે વાંચવાથી ધ્યાન, એકાગ્રતા, યાદશક્તિ, સમજણ વગેરેમાં સુધારો થાય છે. જે શાળામાં શ્રેષ્ઠતા મેળવવા માટે ઉપયોગી થાય છે.

બાળકોમાં જિજ્ઞાસા વધારવામાં વાર્તાઓ મદદરૂપ થાય છે. વાર્તા કહેવાની પ્રક્રિયા દરમ્યાન માતા-પિતાએ વચ્ચે થોભવું જોઈએ. યોગ્ય સમયે વાર્તા કહેવાથી બાળકોમાં જિજ્ઞાસા જાગશે અને તેઓ વધુ જાણવા માટે ઉત્સુક બનશે. આ ઉત્સુકતા પ્રશ્નો પૂછવા અને શીખવામાં મદદ કરે છે,

બાળકો માટે સ્ટોરી ટેલિંગ કોમ્પિટિશન યોજાઈ જેમાં બાળકોએ વિવિધ વિષયો પર ચાર્ટ અને મૉડેલ બનાવીને સ્પીચ આપી (14, સપ્ટેમ્બર,2025 ગુજરાત સમાચાર પ્લસ) જલંધર પંજાબમાં 2015ના રોજ સ્ટોરી ટેલિંગની વર્કશોપ હતી. સેંકડો નવા વાર્તાકાર વાર્તા કહેવાની કળા શીખવા આવ્યા. રાજસ્થાનના જાલોર જિલ્લાના બે ગામમાં એક શિક્ષકની પહેલ પર આઠ વર્ષથી અભિયાન, જેન -ઝી આવા પણપ સ્કૂલનાં બાળકો કલાકો સુધી વૃદ્ધો સાથે બેસી ઈતિહાસ સાથે જોડાયેલી વાર્તાઓ સાંભળે છે. તેમાથીં બાળકોમાં તેમના તત્કાલીન શાસકો, વંશજો, જાતિઓ, વેપાર વગેરે વિશે શીખી રહ્યા છે, તેઓ વાર્તઓ રેકૉર્ડ કરે છે હવે તેનું પુસ્તક બનશે. (15, સપ્ટેમ્બર,2025 દિવ્યભાસ્કર).

જો તમે ઈચ્છતા હોય કે તમારું બાળક બધાથી અલગ તરી આવે, હોશિયાર બને તો તેને વાર્તા કહેવાનું કે વાંચવાનું શરૂ કરો. તેનાથી તમે કલ્પના પણ નહીં કરી હોય એવા ગજબના ફાયદા થશે. આમ તો આજકાલ મોટાભાગનાં બાળકો કાર્ટૂન કે અન્ય પ્રોગ્રામ જોઈ સૂઈ જાય કે સમય પસાર કરે છે પરંતુ તમે તેમને વાર્તા કહેશો તો તેમની બુદ્ધિનો અલગ જ વિકાસ થશે.

---

## ઇશ્વરનો અનુગ્રહ

ઈશ્વરનો અનુગ્રહ એ સૌથી મોટો ચમત્કાર છે.
બાળકો સૌથી વધારે પ્રભુના અનુગ્રહીતો છે.
બાળકોને સમજવા માટે ચોપડીઓ ન વાંચો
પણ, બાળકોને જ વાંચો.
બાળકોમાં લોકો અને વાતાવરણને પારખવાની
અદ્‌ભૂત શક્તિ છે.

**- ગિજુભાઈ બધેકા**

# વાર્તાનું મનોવિજ્ઞાન



- ડૉ. મયુર વી. ભમ્મર
મો. ૮૨૦૦૬૦૨૫૨૬
અધ્યક્ષ અને આસિ. પ્રોફેસર, મનોવિજ્ઞાન વિભાગ, સરકારી વિનયન કોલેજ, રાણાવાવ, પોરબંદર.

આધુનિક મનોવિજ્ઞાન એ વાતને માન્યતા આપે છે કે વાર્તાઓ યાદશક્તિને જાળવવામાં, ભાવનાત્મક જોડાણ મજબૂત કરવામાં, સામાજિક એકતાને સુદૃઢ બનાવવા અને માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં અત્યંત અસરકારક સાધન છે. બોધાત્મક મનોવિજ્ઞાન દર્શાવે છે કે માનવ મગજ વાર્તારૂપે રજૂ થતી માહિતી વધુ સરળતાથી યાદ રાખે છે, જ્યારે વર્ણનાત્મક મનોવિજ્ઞાને એ સાબિત કર્યું છે કે વ્યક્તિ પોતાના જીવનના અનુભવોને વાર્તારૂપે ગોઠવીને પોતાના અસ્તિત્વનો અર્થ શોધે છે. વાર્તાઓ માનવ સમાજ માટે એટલા માટે પણ અગત્યની છે કે તે અનુભવ, કલ્પના અને મૂલ્યો વચ્ચેનો પુલ છે. બાળક માટે વાર્તા શૈક્ષણિક માધ્યમ છે, વયસ્ક માટે તે પ્રેરણાનું સાધન છે અને વૃદ્ધ માટે જીવનના અનુભવોનું પ્રતિબિંબ છે. આ રીતે વાર્તાઓ માત્ર કલ્પનાની ઉડાન પૂરતી નથી, પરંતુ તે માનવ મનોવિજ્ઞાનના વિકાસની મૂળભૂત ચાવી છે.

**સૈદ્ધાંતિક પૃષ્ઠભૂમિ :**

**૧. સમજશક્તિ મનોવિજ્ઞાન અભિગમ :**

માનવ મગજ અમૂલ્ય જ્ઞાનનો ભંડાર છે, પરંતુ તે માત્ર તથ્યોના જથ્થાને ભેગા કરી રાખતું નથી. મગજ માહિતીને ગોઠવેલા, અર્થસભર અને સંગત સ્વરૂપમાં સંગ્રહ કરે છે. વાર્તાઓ આ પ્રક્રિયાનો શ્રેષ્ઠ આધાર છે, કારણ કે તેમાં જીવનની જેમ જ શરૂઆત, મધ્ય અને અંતનો લયબદ્ધ પ્રવાહ રહેલો હોય છે. જાણીતા મનોવૈજ્ઞાનિક જેરોમ બ્રુનરે કહે છે કે માનવ વાસ્તવિકતાને બે માર્ગોથી સમજવાનો પ્રયત્ન કરે છેઃ એક તાર્કિક વિચારધારા, જે નમૂનાની શોધ કરે છે અને બીજું કથાત્મક અભિગમ, જે અનુભવોને વાર્તાના દોરામાં ગૂંથીને તેમને જીવંત બનાવે છે. ઐતિહાસિક ઘટનાની તારીખો સ્મૃતિમાંથી જતી રહે, પરંતુ એ જ ઘટના જો વાર્તાના ઘેરા રંગોથી વર્ણવાય, તો મગજ તેને ચિરંજીવી બનાવી દે છે.

**૨. મનોવિશ્લેષણાત્મક અભિગમ :**

માનવમનના અંધકારમય ખૂણાઓને વાર્તાઓ અદ્ભુત રીતે ઉજાગર કરે છે. ફ્રોઇડના મતે, લોકકથાઓ, દંતકથાઓ કે સ્વપ્નો બધું જ પ્રતીકોની એવી જાળ રચે છે, જેમાં આપણા અચેતન મનની દબાયેલી ઇચ્છાઓ, ભય અને સંઘર્ષો અભિવ્યક્ત થાય છે. રાક્ષસો કે દાનવો એ ફક્ત નર્યી કલ્પના નથી; તેઓ આપણા અંદરના અજાણ્યા ભયોના પ્રતિનિધિ છે.

**૩. સામાજિક શિક્ષણ સિદ્ધાંત :**

માનવજાતનો શિક્ષણપ્રવાસ ફક્ત પુસ્તકોમાંથી પસાર થતો નથી; તે બીજાના વર્તનમાંથી પણ દિશા મેળવે છે. બાંદુરા જણાવે કે બાળક અવલોકન અને અનુકરણથી શીખે છે. વાર્તાઓનાં પાત્રો નાયક અને ખલનાયક તેમના માટે જીવનની જીવંત પાઠશાળા બની જાય છે. પંચતંત્રની કથાઓમાં એક નાનકડી વાર્તા બાળકને સમજાવે છે કે બુદ્ધિ હંમેશાં બળ કરતાં શક્તિશાળી છે. ચતુરાઈ અને નૈતિકતા જીવનને સુખદ બનાવે છે. વાર્તાઓ આ રીતે ફક્ત મનોરંજન પૂરતી જ નથી, પરંતુ નૈતિકતા અને જીવન કૌશલ્યના દીપક પ્રગટાવતી શાળા પણ છે.

**૪. વાર્તાનું મનોવિજ્ઞાન :**

માનવજીવન પોતે જ એક મહાન વાર્તા છે. દરેક વ્યક્તિ પોતાની યાદો, અનુભવો અને સંઘર્ષોને કથાના સૂત્રમાં ગોઠવે છે, જેથી જીવનને અર્થસભર રૂપ મળે. આ ગોઠવણી વ્યક્તિને પોતાની ઓળખ સમજવામાં મદદ કરે છે. જીવનના ઉતાર-ચઢાવને એક સુગમ વાર્તામાં પરિવર્તિત કરે છે. વાર્તા મનોવિજ્ઞાન કહે છે કે આપણે આપણા જીવનને 'જીવંત ગ્રંથ' સમજીને જીવીએ છીએ. ભૂતકાળની ઘટના જ્યારે સ્મૃતિના પાના પર વાર્તારૂપે

ફરીથી લખાય છે ત્યારે તે માત્ર યાદ નથી રહેતી, પરંતુ ભવિષ્યના માર્ગદર્શન તરીકે કામ કરતી બને છે. આ રીતે વાર્તાઓ માત્ર શબ્દો નથી, પરંતુ જીવનનું અર્થઘટન છે. માનસિક સમતુલન અને સ્વ-નિયંત્રણ તરફ દોરી જતી એક અદૃશ્ય શક્તિ છે.

**વાર્તાઓની મનોવૈજ્ઞાનિક અસરો કે પ્રભાવ :**

વાર્તાઓની કેટલીક મનોવૈજ્ઞાનિક અસરો થતી જોવા મળે છે, જે નીચે મુજબ છે.

**૧. સ્મૃતિ પર અસર :**

વાર્તાઓની સૌથી વધુ અસર માનવ સ્મૃતિ પર પડે છે. સામાન્ય હકીકતો કે તથ્યો ઝડપથી ભુલાઈ જાય છે, પરંતુ એ જ તથ્યો વાર્તાના સ્વરૂપમાં રજૂ થાય ત્યારે દીર્ઘકાળ સુધી સ્મૃતિમાં જીવંત રહે છે. જેમકે, બાળકોને જો વિજ્ઞાનનાં સૂત્રો કેટલીક વાર્તાઓ સાથે સમજાવવામાં આવે, તો તેઓ તે હકીકતો કે તથ્યોને વધુ સરળતાથી યાદ રાખે છે. આજના આધુનિક સમયમાં બાળવાર્તાઓ આધારિત એનિમેશન ફિલ્મો કે કાર્ટૂન સિરીઝ બાળકોના શૈક્ષણિક વિકાસમાં મદદરૂપ બને છે.

**૨. લાગણી-ભાવનાઓ પર અસર :**

વાર્તાઓ હૃદયને સીધી સ્પર્શે છે. પાત્રોનાં સુખ-દુઃખ સાથે વાચક પોતાની જાતને જોડીને અનુભવ કરે છે. ભાવવિરેચનની પ્રક્રિયા ફક્ત શેક્સપિયરની ટ્રેજેડીઓમાં જ નહીં, પણ આધુનિક ગુજરાતી ફિલ્મો જેમકે 'હેલ્લારો' અથવા 'છેલ્લો દિવસ'માં પણ સ્પષ્ટ દેખાય છે, જ્યાં દર્શકો વાર્તાની લાગણીઓ સાથે પોતાનો અંતરંગ દુઃખ-સુખ વ્યક્ત કરે છે અને આંતરિક શાંતિનો અનુભવ કરે છે.

**૩. ઓળખ અને વ્યક્તિત્વ નિર્માણ :**

બાળકો પોતાનાં મનપસંદ પાત્રોને આદર્શ સ્વરૂપે અપનાવે છે. જેમકે, મહાભારતના અર્જુન કે રામાયણના શ્રીરામ બાળકોમાં કર્તવ્યભાવના અને આદર્શવાદ જગાવે છે. આધુનિક સાહિત્યમાં પણ ઝવેરચંદ મેઘાણીની પરણેતર કે સોરઠી બહારવટિયા જેવી લોકકથાઓ યુવાવર્ગમાં સાહસ, વીરતા અને નિષ્ઠાની ભાવના વિકસાવે છે. પ્રવર્તમાન સમયમાં, નવલકથાઓ જેવી કે, માનવીની ભવાઈ, સરસ્વતીચંદ્ર અને ફિલ્મો કુંવરબાઈનું મામેરું બાળકો અને યુવાઓના વ્યક્તિત્વ નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**૪. સામાજિક સંબંધ અને સંસ્કૃતિ :**

વાર્તાઓ વ્યક્તિને જ નહીં, પરંતુ સમાજને પણ એક સૂત્રમાં બાંધે છે. પરંપરાગત કથાકથન, ભજન-કીર્તન અને લોકગીતોની પરંપરા સમાજને સાંસ્કૃતિક રીતે જોડતી આવી છે. આધુનિક સમયમાં પણ ટેલિવિઝન સિરિયલો (રામાયણ, મહાભારત), લોકપ્રિય નાટકો અને સામૂહિક પ્રસંગો જેમકે ગરબા અને લોકસાહિત્ય મેળા વાર્તાઓને આધુનિક માધ્યમોમાં જીવંત રાખે છે. આ રીતે વાર્તાઓ પેઢીથી પેઢી સુધી મૂલ્યો અને સંસ્કૃતિનું સંચાર કરતી રહે છે. ક્યારેક દાદી-નાનીના ઓરડામાં અને ક્યારેક સિનેમા સ્ક્રીન કે મોબાઇલની ઍપ્લિકેશન દ્વારા મૂલ્યો અને સંસ્કૃતિનું સંચાર કરતી રહે છે.

વાર્તાઓનું મનોવિજ્ઞાન દર્શાવે છે કે વાર્તા માનવ જીવન માટે માત્ર કલ્પનાની રમત કે મનોરંજન પૂરતી નથી, પરંતુ તે સ્મૃતિ, લાગણી, વ્યક્તિત્વ અને સમાજના સાંસ્કૃતિક માળખાનું ઘડતર કરતી એક જીવંત શક્તિ છે. પ્રાચીન ગુફાચિત્રોથી લઈને આધુનિક ડિજિટલ માધ્યમ સુધી, વાર્તાઓ માનવ સંસ્કૃતિના વિકાસમાં સતત વહેતી નદી સમાન રહી છે. તે જ્ઞાનને સરળ બનાવે છે, લાગણીઓને અભિવ્યક્તિ આપે છે, બાળકોને શૈક્ષણિક દિશા આપે છે અને સમાજને એક સૂત્રમાં બાંધે છે. માનસિક દૃષ્ટિએ વાર્તાઓ વ્યક્તિને પોતાનું અસ્તિત્વ સમજવામાં, જીવનના અનુભવોને ગોઠવવામાં અને આંતરિક શાંતિ મેળવવામાં મદદરૂપ બને છે. સામાજિક દૃષ્ટિએ તે એકતા, સંસ્કૃતિ અને મૂલ્યોના સંચારનું શક્તિશાળી સાધન છે. આથી કહી શકાય કે વાર્તાઓ વિના માનવજીવન અધૂરું છે. વાર્તા એ માત્ર શબ્દો કે પ્રસંગોની ગોઠવણી નથી, પરંતુ માનવમનની ઊંડાણપૂર્વકની સમજણ, અનુભવનું સંચાલન અને જીવનનું અર્થઘટન કરવાની એક અનોખી રીત છે. વાર્તાઓ જ માનવજાતના માનસિક અને સામાજિક વિકાસની અવિનાશી કડી છે.

# વાર્તા દ્વારા વ્યક્તિત્વ વિકાસ



- ડૉ. રાયસિંગભાઈ બી. ચૌધરી
મો. ૯૫૩૭૬૮૧૩૩૭
પૂર્વ એસોસિયેટ પ્રોફેસર, શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

વાર્તા એટલે વિશેષતઃ બાળકોને કહેવામાં આવતી વાર્તા કે જેને બાળકો ધ્યાનથી શ્રવણ કરીને પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધી શકે. પુસ્તકમાંથી વડીલો દ્વારા બાળકોને વાંચી સંભળાવવામાં આવતી વાર્તા, વર્ગ-ખંડમાં શિક્ષક દ્વારા કહેવામાં આવતી કે પુસ્તકમાંથી વાંચી સંભળાવવામાં આવતી વાર્તા ઘર કે જિંદગીની પ્રથમ અને મહાન પાઠશાળા કહેવામાં આવે છે. ઘરમાં માતા-પિતા, દાદા-દાદી તરફથી બાળકને વાર્તાનું શ્રવણ કરાવવામાં આવે છે અથવા પુસ્તકમાંથી વાંચન કરીને વાર્તા સંભળાવવામાં આવે છે. સામાન્ય રીતે બાળકો માટે વાર્તાના સ્રોતો : વિદ્યાલય : શિક્ષકો, આચાર્ય, ઘર : માતા-પિતા, વડીલો, વાર્તાનાં પુસ્તકો, મોબાઈલ- ઈન્ટરનેટ, મિત્રવર્તુળ ગણી શકાય.

**વાર્તા દ્વારા વ્યક્તિત્વ વિકાસ :**

વાર્તાનાં શ્રવણ, કથન અને પઠનથી બાળકોના વ્યક્તિત્વનો વિકાસ થઈ શકે છે, જે આ પ્રમાણે છે :

1. વાર્તાના શ્રવણથી અતિ નિરાશા અને દર્દથી પીડાતાં બાળકો મુક્ત બનીને શારીરિક અને માનસિક દ્રષ્ટિએ તંદુરસ્ત રહે છે.
2. વાર્તાનાં વાંચન અને મનનથી વ્યક્તિ સશક્ત, તંદુરસ્ત બની જાય છે. આશાનાં કિરણોનું નિર્માણ થવાથી વ્યક્તિનું વ્યક્તિત્વ ગતિશીલ બનતું જાય છે. પોતાના જીવનનું ઘડતર અને ચણતર થવા માંડે છે.
3. વાર્તાનું સાહિત્ય વ્યક્તિમાં આનંદ ઉપરાંત મનોરંજનની સાથે નવીન ચેતના, ઉત્સાહ, ઉમળકો, તાજગી આપી શકે છે. ગ્રામ વિસ્તારોમાં પણ જ્યાં વાર્તાનું પૂરતું સાહિત્ય ન હોય ત્યાં સાંજે વાળુ કરી લીધા પછી બાળકોનું ટોળું અનુભવી કે વૃદ્ધ વ્યક્તિ પાસે અતિ ઉમંગથી એકત્ર થઈ જાય છે અને વાર્તાના શ્રવણમાં અતિ મગ્ન બની જાય છે.
4. વાર્તાકથનનો હેતુ વિદ્યાર્થીઓને મનોરંજન ઉપરાંત જિંદગીના પાઠો શીખવવાનો પણ છે. વાર્તામાંથી પ્રાપ્ત થતા બોધપાઠથી કે ઉપદેશથી વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ વિશેષ પાંગરતું જાય છે. પોતાના જીવનને નિયમનમાં, સંયમમાં અને શિસ્તમાં રાખી શકે છે. આવા વિદ્યાર્થીઓ પોતાનાં જીવનમાં ઉપસ્થિત થતી કોઈ પણ પરિસ્થિતિમાં આગવું અનુકૂલન સાધી શકે છે. જીવનમાં અનુકૂલન સાધવું – એ ગતિશીલ વ્યક્તિત્વની આગવી લાક્ષણિકતા છે.
5. પ્રત્યેક બાળક માટે વાર્તાનું શ્રવણ કરવું એ એક પ્રકારની માનસિક જરૂરિયાત છે. જ્ઞાન પિપાસાથી બાળક પરિતોષ પામે છે. આનંદોલ્લાસની સાથે આદર્શ જીવન વ્યતીત કરવા માટેનું પથદર્શન પણ પ્રાપ્ત થાય છે. બાળક વાર્તાના શ્રવણથી આનંદિત થાય અને શબ્દ-ભંડોળ ઉપરાંત ભાષાકૌશલ્ય ઉન્નત બનાવવા અર્થે વાર્તાની વિશેષ અગત્ય ગણાય છે.
6. વાર્તા સાંભળવા માટે તત્પર થનાર બાળક સહજભાવે પોતાનામાં શ્રવણ કૌશલ્ય વિકસાવે છે. ઉત્તમ શ્રવણ કૌશલ્ય ધરાવનાર જ્ઞાન સંપન્ન બની શકે છે, જે પુખ્તતાની સાથે બાળકનાં વ્યક્તિત્વ વિકાસમાં સહયોગી બની શકે છે.
7. વાર્તા કથન અને શ્રવણથી કલ્પના શક્તિનો વિકાસ : વાર્તા કથન કરતી વખતે વાર્તા શબ્દશઃ કહેવાને બદલે પોતાની કલ્પનાથી વાર્તાને વિસ્તૃત બનાવીને રસપ્રદ બનાવે છે. પરિણામે વાર્તા

કહેનારની કલ્પનાશક્તિ વિકાસ પામે છે. વાર્તાનું શ્રવણ કરનાર શ્રોતા પણ હવે પછી કથાવસ્તુ કઈ હોઈ શકે? તેની કલ્પના કરે છે, પરિણામે શ્રોતાની કલ્પના શક્તિનો વિકાસ થાય છે. કલ્પનાશક્તિને વિકસિત બનાવનારનું વ્યક્તિત્વ સમયાંતરે વિશેષ પાંગરતું જાય છે.

8. વાર્તાકથન પણ એક કળા છે. પ્રત્યેક વાર્તામાં કોઈક ને કોઈક વિશિષ્ટતા હોય છે. વાર્તા કહેવાનો પ્રારંભ, મધ્યભાગ અને અંત કલાત્મક રીતે કહેવાનું કૌશલ્ય હોય છે. સામાન્યતઃ વાર્તાઓ વિવિધ રંગી, વિવિધ રસો, અનેક ભાવો અને વિવિધ વેશોવાળી હોય છે. વાર્તાઓ હાસ્યપૂર્ણ અને રહસ્યપૂર્ણ હોય છે. એ પરિસ્થિતિમાં શ્રોતાજનોને શ્રવણ સંદર્ભે એકાગ્રતા ટકાવી રાખવાની પણ એક કળા છે. આમ, વાર્તા કહેનાર અને સાંભળનારનું વ્યક્તિત્વ વિકાસ પામતું રહે છે.

9. વાર્તા કહેનારની પાસેથી વાર્તા કઢાવવા તો ક્યારેક બાળક પાસે વાર્તા કઢાવાવી વિશેષ કૌશલ્યની આવશ્યકતા રહે છે. વાર્તા કહેનાર અને વાર્તાનું શ્રવણ કરવાની તત્પરતા દ્વારા પણ વ્યક્તિત્વનું ઘડતર થતું હોય છે.

10. વાર્તાકથન અને શ્રવણથી ભાષાકીય અભિવ્યક્તિ, શબ્દ-ભંડોળ, વાક્ય-રચના સંદર્ભે જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. ભાષાકીય કૌશલ્ય દ્વારા વ્યક્તિનું વ્યક્તિત્વ ઘડાતું રહે છે.

11. ઈતિહાસ સ્વયં વાર્તાનું સ્વરૂપ ગણાય છે. ઈતિહાસ કહેવો એ વાર્તા કહેવા બરાબર છે. પુરાતન રીતિને વાર્તા વાચા આપે છે. સામાન્ય રીતે ઈતિહાસના કુશળ શિક્ષક વાર્તા કહેવામાં પણ નિપુણ હોય છે. વાર્તા ભૂતકાળમાં કહેવાતી હોય છે. સાક્ષર કે નિરક્ષર વ્યક્તિ વાર્તા કથન કરે તો વાર્તાનું શ્રવણ પણ કરે છે, તે પરિસ્થિતિમાં યાદ-શક્તિ કે સ્મરણ શક્તિમાં સમયાંતરે વૃદ્ધિ થતી રહે છે. પરિણામે બૌદ્ધિક વ્યક્તિઓનું વ્યક્તિત્વ વિકાસ પામતું રહે છે.

12. ચિત્રવાર્તા દ્વારા બાળકો વિશેષ રસથી વાર્તાનો અભ્યાસ કરે છે. ચિત્રો જોતાં જાય અને કથાવસ્તુથી ત્વરિત ગતિએ પરિચિત થતાં જાય છે. ચિત્રો જોવાથી બાળકોની અવલોકન-શક્તિનો પણ વિકાસ થાય છે. આવાં બાળકોની અવલોકન શક્તિ તેઓના વ્યક્તિત્વ વિકાસમાં વિશેષ સહયોગી બની શકે છે.

13. બાળપણથી જ સંસ્કારોનું સિંચન થતું રહે છે. પરિશ્રમ, પરોપકાર અને ત્યાગની ભાવના, જીવદયાની ઉપાસના, પ્રેમભાવ, સંપ, સમૂહ-ભાવના, જૂથ-ભાવના જેવા સદ્‌ગુણો વાર્તાનાં શ્રવણ અને કથન દ્વારા વ્યક્તિત્વ ઉન્નતતા પામતું રહે છે. બાળકનાં જીવનનું ઘડતર અને ચણતર વાર્તા દ્વારા થતું રહે છે. આમ, વિશ્વ સ્તરે વાર્તાનું મનોવિજ્ઞાન હવે ઉન્નત બનતું જાય છે.

બાળ-કેળવણી ક્ષેત્રે ભગીરથ કાર્ય કરનાર બાળકોના બ્રહ્મા ગિજુભાઈ બધેકાનું નામ અમર બની શક્યું છે. બાળકોના સંદર્ભે સંશોધન કરતું ગાંધીનગરનું બાળ વિશ્વવિદ્યાલય નવલપલ્લવિત પામતું રહ્યું છે. બાળકને શક્તિના પુંજ તરીકે ઓળખવામાં આવે છે. પ્રત્યેક બાળક સ્વતંત્ર વિશ્વવિદ્યાલય છે.

બાળક અવલોકન, અનુકરણ અનુભવ અને શ્રવણથી શીખે છે. વાર્તાનું શ્રવણ કરવું – એ બાળક માટે સૌથી પ્રિય પ્રક્રિયા છે. સામાન્ય રીતે બાળકો માટે વાર્તાના સ્રોતો : વિદ્યાલય : શિક્ષકો, આચાર્ય, ઘર : માતા-પિતા, વડીલો, વાર્તાનાં પુસ્તકો, મોબાઈલ- ઈન્ટરનેટ, મિત્રવર્તુળ ગણી શકાય. વ્યક્તિત્વ એ વ્યક્તિનાં શારીરિક અને માનસિક તંત્રોનું ગતિશીલ સંગઠન છે, જે વ્યક્તિને તેનાં પર્યાવરણની સાથે આગવી રીતે સમાયોજન સાધતાં શીખવે છે.

# બાળપ્રિય પ્રવૃત્તિ : વાર્તા



- ડૉ. બિંદુ એ. મહેતા
મો. ૯૬૨૪૭૧૮૪૦૧
શ્રી આંબરડી પ્રાથમિક શાળા, તા. ભાણવડ, જિ. દેવભૂમિ દ્વારકા

સાંજ પડે ને બાળકો દાદા - દાદીની આજુબાજુ વાર્તા સાંભળવા ઉત્સાહથી ગોઠવાઈ જતાં. દાદા-દાદી રાજા, રાણી, રાજકુમારો, પરીઓ, રાક્ષસોની વાર્તાઓ કરીને બાળકોની દુનિયાને કુતૂહલતાથી ભરી દેતા હતા. તેમનામાં વાર્તા દ્વારા સંસ્કારોનું સિંચન કરતા હતાં પરંતુ હાલ આ ઘટના પણ વાર્તા સમાન બની ચૂકી છે. પરંતુ બાળકો સાથે સંલગ્ન તમામ વ્યક્તિ જો બાળવાર્તાથી પરિચિત હોય તો આ કાર્ય પણ અશક્ય નથી. બાળકોને ચૉકલેટ જેટલી મીઠી લાગે છે તેટલી જ મીઠી બાળવાર્તા પણ લાગે છે. બાળવાર્તા સાંભળવાથી બાળકો વધુ રાજી થઈ જાય છે.

**બાળવાર્તાની પસંદગી તથા કળા :**

બાળવાર્તાઓ પણ બાળક જેવી નિર્દોષ તથા તંદુરસ્ત હોય એ જરૂરી છે. જેમ બહારનો ભેળસેળિયો ખોરાક બાળક માટે અપાચ્ય બને છે. તે જ રીતે જેવી તેવી વાર્તા પણ બાળકોના ઘડતર માટે નુકસાનકારક બને છે. તેથી બાળવાર્તાની પસંદગી કાળજીપૂર્વક તેમજ વિવેકપૂર્વક કરવી જોઈએ. બાળવાર્તા સાંભળીને બાળકો રાજી થયાં અને હસ્યાં એટલું જ પૂરતું નથી. બાળવાર્તા નવી, રુચિવાળી, બાળકના હૃદયમાં ઊતરે તેવી, સમજશક્તિ વધારનારી છે કે કેમ તે બાબતો કાળજીથી જોવી તથા તપાસવી પડે.

બાળવાર્તા એ એક નાજુક કળા છે. તે કેળવવી તેમજ ખીલવવી પડે. આ કળા સહજ અને સરળ છે અથવા આપણા માટે અશક્ય છે તેવું માની લેવું જરૂરી નથી. બાળવાર્તા ટૂંકી, સાદી, રમૂજી હોય એટલે ઝડપથી જેમ તેમ કહી દેવી એ વાત ભૂલભરેલી છે. બાળવાર્તાનો દરેક વિચાર વિચારીને રજૂ કરવો જોઈએ. તેની અંદર ભાવ અને કળા પૂરેપૂરા મઠારીને પૂરવા જોઈએ. બાળવાર્તા એક, બે અથવા અનેકવાર ફેરવી ફેરવીને શુદ્ધ તથા સુંદર રીતે બનાવીને કહેવી જોઈએ. બાળવાર્તા કહેતાં પહેલાં મનમાં અથવા કાગળ પર સુધારી લેવી અથવા કહી જવી એ વધુ યોગ્ય રહે છે. જેથી બાળવાર્તાનો હેતુ સારી રીતે સિદ્ધ થઈ શકે.

**વય પ્રમાણે વાર્તા :**

ઉંમર મુજબ વાર્તાના વિષયમાં બદલાવ આવે છે તેનું કારણ પણ સહજ છે. અલગ - અલગ ઉંમરે બાળકોની પ્રકૃતિ પણ જુદી-જુદી હોય છે. તેમની સમજશક્તિ, ભાષાભંડોળ, રસ, ગ્રહણશક્તિમાં પણ તફાવત હોય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને બાળકોને તેમની ઉંમર મુજબની વાર્તાઓ કહેવી જોઈએ.

**વાર્તાકથન નાજુક પરંતુ અઘરું નથી :**

ઘણા લોકોને એવું થાય છે કે વાર્તા કહેવી એ કોઈ અમુક લોકો જ કરી શકે અથવા તો અસામાન્ય લોકો જ કરી શકે પરંતુ એ સત્ય નથી. વાર્તાકથન એવી પ્રવૃત્તિ છે જે દરેક બાળપ્રેમી વ્યક્તિ કરી શકે છે. આપણે જાગૃત રહીએ, સભાન રહીએ એ જ જરૂરી છે. બાલ્યાવસ્થામાંથી આપણે સહુ એક વખત પસાર થઈ ગયા છીએ અને દરેકને બાળકો વહાલાં હોય છે. બાળક સાથે સમય વિતાવવો, તેમની સાથે રમવું એ લગભગ તમામ વ્યક્તિઓને ગમતું હોય છે. તેથી આપણા માટે એ સમજવું પણ વધારે મુશ્કેલભર્યું નથી કે, બાળકને કઈ ઉંમરે શું આપવું, કેવી વાર્તાઓ કહેવી ? આનો જવાબ આપણને આપણા અંતરમનમાંથી જ મળી રહે છે.

**બાળકના જીવનમાંથી વાર્તા :**

વાર્તા પસંદ કરતી વખતે જે તે ઉંમરનાં બાળકોને જે અનુભવ થયા હોય અથવા તો જે અનુભૂતિ કરેલ હોય તેવા વિષય પસંદ કરીએ. નાના બાળકના અનુભવો સામાન્ય

રીતે પોતાના ઘર, શેરી સુધી જ સીમિત હોય છે. પરિવાર, ઘરે આવતા મહેમાનો, શેરીના લોકો તથા ઘરની આસપાસ જોવા મળતાં પશુ, પંખીઓ, સાધુ-સંતો, ફેરિયાઓ, ઘોડેસવારો, રિક્ષાવાળાઓ, દુકાનદારથી બાળકો વધુ પરિચિત હોય છે. વળી બાળકોની કલ્પનાશક્તિ જબરદસ્ત હોય છે તેથી બાળવાર્તામાં જો આ પ્રકારનાં પાત્રોને સામેલ કરવામાં આવે તો બાળકો પોતાના જોયેલા સંસારમાંથી પાત્રો લઈને પોતાનું કલ્પનાચિત્ર સહેલાઈથી રચી શકે છે.

**હું મારી વાર્તામાં :**

બાળકોને તેમના મિત્ર, પક્ષીઓ અને ઘરનાં સભ્યો જેમાં પાત્રો હોય તેવી વાર્તાઓ સાંભળવી ગમે અને એનો અનુભવ સૌને હશે જ અને તેમાં પણ વાર્તાના પાત્ર પોતે, પોતાના ભાઈ- બહેન, મિત્રો માતા-પિતા હોય તો તો બાળકને બહુ જ ગમે છે. ખાસ કરીને બાલમંદિર તથા બાલવાટિકાનાં બાળકોને આવી વાર્તાઓમાં સૌથી વધુ રસ હોય છે. પરંતુ બાળવાર્તાની દુનિયામાં આ વિચાર તરફ વધારે કોઈનું ધ્યાન ગયું નથી તેથી તેવી વાર્તાઓ પણ બહુ જ ઓછી જોવા મળે છે. આવી બાળવાર્તાઓ શિક્ષક અથવા તો બાળકો સાથે કામ લેનાર તમામ વ્યક્તિએ રચવી જરૂરી છે. તેમાં સાહિત્ય તથા ભાષાની ઉચ્ચતમ કક્ષા લાવી શકીએ તો ખૂબ સારું પરંતુ બાળકના જીવનનું સામાન્ય વર્ણન કરીશું તો પણ નાનાં બાળકોને સાંભળવું ખૂબ ગમશે.

**જોડકણાંથી જોડાતી વાર્તા :**

નાનું બાળક બોલનારના હોઠના હલનચલન દ્વારા જ બોલતાં શીખવાનો પ્રયત્ન કરે છે અને તેના ચાળા કરે છે. આપણા બોલવામાં સ્વરોની ગતિ, પ્રાસ અને આરોહ - અવરોહ આવે ત્યારે બાળક રસપૂર્વક સાંભળે છે અને રાજી થાય છે. એ જ રીતે એક શબ્દમાંથી બીજો શબ્દ અને બીજામાંથી ત્રીજો એમ સાંકળ ચાલતી રહે એ પણ બાળકોને ખૂબ જ આકર્ષક લાગે છે અને એમને બોલવું પણ ખૂબ ગમે છે. તેનાથી તેમની યાદશક્તિને મહેનત પડે છે પરંતુ રુચિથી પ્રેરાઈને તેઓ યાદ રાખવાનો પ્રયત્ન ચોક્કસ કરે છે. આપણી ધારણા બહાર તેઓ કંટાળ્યા વગર આવી વાર્તાઓ યાદ પણ રાખી લે છે. ઘણા બાળવાર્તાકારોએ બાળ સ્વભાવને સમજીને સ્વરમેળ તથા પ્રાસવાળી વાર્તાઓની રચના પણ કરી છે. જેમ કે, ચાંદો સૂરજ રમતા હતા..., રાજાની રાણીની વાહ રે વાહ..!

**નિર્દોષ, સહજ બાળવાર્તાઓ :**

બાળકોની પ્રવૃત્તિઓનું અવલોકન કરીએ તો તેમની મોટાભાગની પ્રવૃત્તિઓ કોઈ પણ પ્રકારના સાર્થક હેતુ વગરની હોય છે પરંતુ તેમાં તેમને નિર્દોષ આનંદ મળે છે. બાળક ગાય છે, નાચે છે, હસે છે, રમે છે, દોડે છે, ચડે છે, પડે છે આ બધું તેને આનંદ આપે છે એટલા માટે કરે છે.

આપણે મોટા થતાં જઈએ તેમ આપણું વર્તન સહેતુક બનતું જાય છે પરંતુ બાળકનું બાળપણ તો કોઈ પણ પ્રકારના હેતુ વગર નિર્દોષ અને સાત્ત્વિક આનંદથી ભરપૂર હોય છે. આપણે બાળકની જેમ નિર્હેતુક સાત્ત્વિક આનંદ વાળી પ્રવૃત્તિઓ કરી શકતા નથી અને કરીએ તો અન્ય તેને સહી શકતા નથી. પરંતુ બાળકો આ સાત્ત્વિક આનંદમાં જ મગ્ન હોય છે. અન્ય પ્રવૃત્તિઓની જેમ જ બાળકોને બાળવાર્તા પણ ખૂબ જ પ્રિય હોવાથી એવી વાર્તાઓ પણ કહી શકાય કે જેમાં કદાચ કોઈ હેતુ ન હોય પરંતુ સાત્ત્વિક આનંદ તો મળી જ શકે.

**વાર્તાનો ખજાનો :**

ઘણા લોકોને એવો પણ પ્રશ્ન સહજ રીતે થતો હોય છે કે, વાર્તા કહેવી તો છે પણ યોગ્ય વાર્તા શોધવી ક્યાંથી ? તો આ પ્રશ્નનો ઉત્તર પણ આપની સમક્ષ છે જ. 'મુછાળી મા' તરીકે જાણીતા સ્વર્ગસ્થ ગિજુભાઈ બધેકાએ ખૂબ જ મહેનત કરીને ચાર ભાગમાં કુલ દોઢસોથી વધુ વાર્તાઓ તૈયાર કરી છે, જેનો લાભ આપણે સહુએ અચૂક લેવો જોઈએ. આ ઉપરાંત ઈસપની બાળવાર્તાઓ, પંચતંત્રની બાળવાર્તાઓ વાર્તા સાહિત્યમાં અનોખું સ્થાન ધરાવે છે. આ બાળવાર્તાઓ માણસના સારા ગુણો પ્રગટ કરનારી હોવાથી આપણે સહુએ વધુ ગ્રહણ કરવા જેવી છે. તો પંચતંત્ર અને હિતોપદેશની પશુ-પક્ષીઓની વાર્તાઓ પણ મૂલ્ય શિક્ષણ માટે જરા પણ ઊણી ઊતરે તેમ નથી.

# કિશોરને કેવી વાર્તા કહેવી?



- અખિલકુમાર આર. દવે
મો. ૯૯૭૪૯ ૨૨૩૭૩
શ્રી સણોસરા પ્રાથમિક શાળા, મુ. સણોસરા, તા. જિ. અમરેલી

આ યુગમાં પણ વાર્તાનું વળગણ અણનમ છે. વાર્તા શબ્દ સાંભળતાં જ નાનાં- મોટાં સૌ કોઈના મુખ પર ખુશી છવાઈ જાય છે. વાર્તા દરેક વયકક્ષાને ખૂબ વહાલી છે પરંતુ એ યાદ રાખવું ઘટે કે વાર્તા જે તે વયકક્ષાને અનુરૂપ હોય તો જ આવકાર્ય બને છે. એ બાબતનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે કે, વાર્તા સાંભળનારા કઈ ઉંમરના છે? આપણે ઘણી વખત આ બાબતને અવગણીએ છીએ એટલે વાર્તા પોતાની અસરકારકતા ગુમાવી બેસે છે. અત્રે આપણે કિશોરાવસ્થાનાં બાળકોને કેવી વાર્તા કહેવી જોઈએ? એ અંગે ચર્ચા કરીશું.

**વાર્તાના વટેમાર્ગુ બનવાની વય :**

કિશોરાવસ્થા એટલે કલ્પનાની પાંખે ઊડવાની ઉંમર. સપનાની આંખે જીવન અને જગતને જોવાની ઉંમર. આ ઉંમરમાં કિશોર માત્ર વાર્તા સાંભળીને રાજી થવાના બદલે પોતે જ વાર્તાની ઘટના કે પાત્ર સાથે સાયુજ્ય સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે. તે વાર્તાની ઘટના અને પાત્રોમાં પોતાની જાત, પોતાની ટેવ, પોતાની ઈચ્છાઓ, પોતાની લાગણીઓ, પોતાના ગમા-અણગમા અને પોતાના મનોવિશ્વને એકાકાર કરીને તેમાંથી પોતાને જ શોધવાનો પ્રયાસ કરે છે. આથી તેના માટે કિશોરવય સાથે સંબંધિત વિવિધ અનુભવો પર આધારિત હોય એવી વાર્તા પસંદ કરવી જરૂરી બને છે.

ઉદાહરણ તરીકે  આ ઉંમર પરિવારનાં સભ્યો, મિત્રો, શાળા, શિક્ષકો, અભ્યાસના પડકારો અને એનું દબાણ, પોતાના સપનાઓ, પોતાની અલગ ઓળખ સ્થાપિત કરવાની કે પોતાની જાતને સ્વીકાર્ય બનાવવાની મથામણ વગેરે જેવા મનોવ્યાપારો સર્જે છે. આ પ્રકારનું વિષયવસ્તુ ધરાવતી વાર્તાઓ કિશોરો જલદી પસંદ કરે છે. કેમકે આ અનુભવોમાંથી તે દરરોજ પસાર થતા હોવાથી આ તેમને પોતાની જ વાત લાગે છે. તે વાર્તાના પાત્ર સાથે એટલું તાદાત્મ્ય સાધી લે છે કે એના નામે પોતાને ઓળખાવાનું શરૂ કરે છે. મિત્રો તેને એ નામે સંબોધન કરે એવું તે ઈચ્છવા લાગે છે. પોતાનું અથવા અન્યનું નિકનેમ પણ ગમતા પાત્ર મુજબ આપે છે. કૉમિક્સના સુપરહીરોની નકલ એટલે જ કિશોરો કરતા હોય છે. વાર્તામાં તે માત્ર વાચક તરીકે નહીં પરંતુ પોતે જ પાત્ર તરીકે વિહરવા લાગે છે.

**વિસ્મય સાથે વીરતા :**

આ વય એટલે વિસ્મયની વય. માત્ર વિસ્મય આંખોમાં આંજીને બેસી રહે એ વય નહીં પરંતુ વિસ્મય વીંટીને કંઈક નવું શોધવા, કંઈક કરી બતાવવા નીકળી પડતી સાહસ સમૃદ્ધ વય. આ ઉંમરની વાર્તાઓ પણ એવી હોવી જોઈએ કે જેમાં સાહસિક કાર્યો અને રહસ્ય ગૂંથાયેલા હોય,  જેમાં નવાઈ નીતરતી હોય. આ ઉંમરે જાસૂસી કથાઓ, સાહસિક યાત્રાઓ, રહસ્યમયી જગ્યાઓ, રોમાંચક ઘટનાઓ અને ભેદી વ્યક્તિઓથી ભરેલી અચરજ પમાડતી કથાસૃષ્ટિ કિશોરોને વધારે આકર્ષે છે.

એટલે જ આપણે ત્યાં 'અરેબિયન નાઈટ્સ', 'સાહસિકોની સૃષ્ટિ' (જુલેવર્નની સાહસકથાઓ), 'જંગલબૂક', 'ખજાનાની શોધમાં', 'હેરીપોટર' વગેરે જેવી વાર્તાશ્રેણીઓ દુનિયાભરના કિશોરોમાં વધુ લોકપ્રિય બની છે. આ પ્રકારની વાર્તાઓ કિશોરોમાં સાહસનો ગુણ વિકસિત કરે છે. તેનામાં વિસ્મયનું વાવેતર કરીને નવતર કાર્ય (ઈનોવેશન) કરવા પ્રેરે છે તેમજ સંશોધનવૃત્તિને પ્રોત્સાહિત કરે છે.

**પ્રેરણા સાથે પ્રોત્સાહન :**

પ્રેરણા થકી જીવનનો પમરાટ શક્ય છે. પ્રેરણા આ ઉંમરનો ખોરાક છે એમ કહીએ તો પણ ખોટું નથી. પ્રેરે તે

પ્રેરણા અને આ વયમાં જ કિશોરો નવાં નવાં કાર્યો કરવા પ્રેરાય છે. જો તેને હકારાત્મક દિશા ન મળે તો તે નકારાત્મક દિશા તરફ પણ આગળ વધે છે. આથી કિશોરોને હકારાત્મક પ્રેરણા મળે તેવી વાર્તાઓ કહેવી જરૂરી છે. ઉદાહરણ તરીકે કોઈ વ્યક્તિ અતિશય વિકટ પરિસ્થિતિ કે ગરીબાઈનો સામનો કરીને મહાન વૈજ્ઞાનિક, ખેલાડી કે સફળ અભિનેતા/અભિનેત્રી બને છે એની કથા કિશોરોમાં હકારાત્મક પ્રેરણા પૂરી પાડશે. આવી જ પરિસ્થિતિમાં મોટું થઈને કોઈ અસામાજિક કૃત્ય કરનાર ખલનાયક બન્યું હોય તો એની કથા કિશોરને નકારાત્મકતા તરફ દોરી જશે. આથી હકારાત્મક પ્રેરણા અને સદ્ગુણ સર્જવા માટે યોગ્ય પ્રોત્સાહન પ્રાપ્ત થતું હોય એવી વાર્તા પસંદ કરવી જરૂરી છે. જીવનમાં શોર્ટકટ પસંદ કરવાથી કેવો કરુણ અંજામ આવે છે અને મહેનતકશ વ્યક્તિ અંતે કેવો સંતોષ અને સુખ પ્રાપ્ત કરે છે એ કિશોરને કથા દ્વારા વધુ સારી રીતે સમજાવી શકાય છે. સામાજિક નિસ્બત કે સામાજિક ઉત્તરદાયિત્વને પોષે એવી પ્રેરણાત્મક વાર્તાઓ કિશોરોમાં પરોપકારનો ગુણ વિકસાવવામાં મદદ કરે છે. સંતો અને આપણા લોકસેવકોનાં જીવનચરિત્રોને પણ વાર્તાના સ્વરૂપમાં કિશોરો સમક્ષ રાખી શકાય તો તેઓ તેમના ઉદાત્ત ચરિત્રો પરથી પણ પ્રેરણા મેળવી શકે છે.

**હળવું હાસ્ય અને રમૂજ :**

આ ઉમર થોડી ધીંગામસ્તીની ઉમર પણ છે. હજી તો યુવાનીનો તાજ પહેરાવીને વિદાય થતું બાળપણ પણ ક્યાંય મનમાં મલકતું બેઠું હોય છે. કિશોરોને ખૂબ ભારે વિષયવસ્તુ કે બોધાત્મક ભાષણ ધરાવતી વાર્તાઓ નથી ગમતી. તેમને ગતિ અને પ્રવાહિત શૈલી ધરાવતી વાર્તાઓ વિશેષ ગમે છે. તેમને લાંબા ઉપદેશો અને સલાહોથી ભરેલી ભારે વાર્તાઓ ‘બોરિંગ’ લાગે છે. તેમને હળવું હાસ્ય અને રમૂજી પ્રસંગો ધરાવતી વાર્તાઓમાં વધારે રસ પડે છે. આથી હાસ્ય પ્રસંગો અને રમૂજી પાત્રો ધરાવતી વાર્તા પણ કિશોરોને કહી શકાય.

અહીં ખાસ ધ્યાન રહે કે, માત્ર ઉપરછલ્લું હાસ્ય ન હોય પરંતુ થોડો કટાક્ષ અને વ્યંગ્ય સમાવિષ્ટ હોય એ આ ઉંમરને માટે આવકાર્ય બાબત છે.

**વિજ્ઞાનકથાઓનું વળગણ :**

બાળપણમાં જેને પશુ, પક્ષી કે પ્રાણીઓના પાત્રોવાળી વાર્તા ગમતી હતી એ કિશોર હવે થોડા અલગ અંદાજમાં રહેલી વાર્તા પસંદ કરશે. એને વિજ્ઞાનકથાઓ અને નિતનવી શોધખોળોવાળી વાર્તાઓ સાંભળવી ગમશે. સાયન્સ ફિક્શન સ્ટોરીઓની થીમ જેવી કે ટાઇમ ટ્રાવેલ થકી ભવિષ્યમાં પહોંચવું કે એ દ્વારા ભૂતકાળની ઘટનાઓને બદલવી, દૂરના સૂર્યમંડળ પરથી આવેલા એલિયનનો પૃથ્વી પર હુમલો, રોબોટ દ્વારા થતી ઊથલપાથલ, પરોપકારી અને સ્વાર્થી સાયન્ટિસ્ટ વચ્ચેનું મહાયુદ્ધ વગેરે જેવા નવા વિષયવસ્તુના તાણાવાણા ધરાવતી વાર્તાઓ કિશોરો વધારે પસંદ કરે છે. આ દ્વારા તેમનું વૈજ્ઞાનિકમાનસ પણ ઘડી શકાય છે અને તેમને તર્કસંગત વિચારસરણી તરફ પણ વાળી શકાય છે.

**પ્રેમ અને મિત્રતા :**

આ અવસ્થામાં થતા શારીરિક અને માનસિક ફેરફારો કિશોરોને લાગણીશીલ અને ભાવનાત્મક રીતે ખૂબ સંવેદનશીલ બનાવે છે.

પોતાની મિત્રટોળીમાં પોતાનો સ્વીકાર થાય તેમજ વિજાતીય પાત્રો પાસે પોતાની અલગ ઓળખ ઊભી થાય એ આ ઉંમરની એક અદમ્ય ઇચ્છા હોય છે. આથી કિશોરો પ્રેમ અને મિત્રતાનું વિષયવસ્તુ ધરાવનારી વાર્તાઓને વધારે પસંદ કરતા હોય છે.

આમાં કિશોરીઓ આગળ હોય છે. પ્રેમ અને મિત્રતા વિશે કલ્પનાની દુનિયામાં વિહરતા કિશોરને જો સાચી મિત્રતાંના ઉદાહરણ અને નિઃસ્વાર્થ પ્રેમની મંગલમય કથાઓ સંભળાવવામાં આવે તો તેમની આવેગાત્મક ગતિવિધિઓ ઊર્ધ્વગામી બને છે. તેના ભાવજગત પર હકારાત્મક અસર ઊભી કરી શકાય છે. તેની અને અન્યની લાગણીઓને તે સમજતાં શીખે છે. તે પોતાની જાતીયતાને યોગ્ય માર્ગે વાળીને સુસમાયોજિત વ્યક્તિ બની ભવિષ્યનો ઉત્તમ નાગરિક અને વિશ્વમાનવ બની શકે છે.

# વાર્તાઓ : બાળકોના પ્રથમ મેન્ટોર અને શિક્ષક



- અશોકકુમાર બી. પ્રજાપતિ
મો. ૯૦૧૬૯૨૨૨૬૫
આસિ. પ્રોફેસર સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી. જિ. મહેસાણા.

વાર્તાઓ બાળકોના પ્રથમ અને સૌથી અસરકારક શિક્ષક બને છે. જ્યારે બાળક હજી ઔપચારિક શિક્ષણની શરૂઆત કરતું નથી, ત્યારે જ વાર્તાઓ તેમને જીવનના મૂળભૂત સિદ્ધાંતો શીખવવાનું કામ કરે છે. શિક્ષણક્ષેત્રનાં સંશોધનો સાબિત કરે છે કે કથા-વાર્તાગત શિક્ષણ પદ્ધતિ (Narrative Learning) પરંપરાગત શિક્ષણ પદ્ધતિ કરતાં વધુ અસરકારક છે કારણ કે તે બાળકોની કુદરતી જિજ્ઞાસા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરે છે. વાર્તાઓ દ્વારા બાળકો સારા-ખરાબમાં ભેદ કરવાનું શીખે છે, મહેનત અને પ્રામાણિકતાનું મહત્ત્વ સમજે છે અને વિવિધ પરિસ્થિતિઓમાં કેવી રીતે વર્તવું તેની શીખ મેળવે છે. આધુનિક શિક્ષણ સિદ્ધાંતો જેમકે બ્લૂમ્સ ટેક્સોનોમી અનુસાર વાર્તાઓ બાળકોની સ્મૃતિ, સમજણ, વિશ્લેષણ અને મૂલ્યાંકનની ક્ષમતાઓનો વિકાસ કરે છે.

વાર્તાઓ અને મેન્ટોરશિપ વચ્ચે ઊંડી સમાનતા જોવા મળે છે. જેમ એક મેન્ટોર પોતાના અનુભવો અને જ્ઞાન દ્વારા તેના શિષ્યનું માર્ગદર્શન કરે છે, તેમ વાર્તાઓનાં પાત્રો અને તેમના સંઘર્ષો બાળકોને જીવનની વાસ્તવિકતાઓ માટે તૈયાર કરે છે. સામાજિક શિક્ષણ સિદ્ધાંત (Social Learning Theory) ના પિતા આલ્બર્ટ બાંદુરા મુજબ બાળકો અવલોકન અને અનુકરણ દ્વારા શીખે છે. વાર્તાઓના પાત્રો આ રીતે અવલોકનીય મૉડેલ તરીકે કામ કરે છે. વાર્તાઓમાં રહેલાં નાયક-નાયિકાઓ બાળકો માટે આદર્શ મેન્ટોર તરીકે કામ કરે છે, જેઓ કઠિન પરિસ્થિતિઓમાં સાહસ અને સમજદારી દર્શાવીને બાળકોને પ્રેરણા આપે છે. ચારિત્ર્યની ધારણા અનુસાર વાર્તાઓ બાળકોમાં વિવિધ ગુણો જેવા કે દયા, ન્યાય, સહિષ્ણુતા અને નેતૃત્વ કૌશલ્યનો વિકાસ કરે છે.

**વાર્તાઓની બાળકો ઉપર મનોવૈજ્ઞાનિક અસરો અને શૈક્ષણિક મહત્ત્વ :**

બાળપણમાં વાર્તાઓ માત્ર મનોરંજનનું સાધન નથી પરંતુ મનોવૈજ્ઞાનિક વિકાસ અને શિક્ષણની મજબૂત પાયારૂપ કડી છે. તેમની ઊંડી અસરો બાળકોના વ્યક્તિત્વ નિર્માણમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

**કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો શૈક્ષણિક વિકાસ :**

વાર્તાઓ બાળકોની કલ્પનાશક્તિને ઉત્તેજિત કરે છે અને શૈક્ષણિક વિષયોમાં સર્જનાત્મક વિચારસરણી વિકસાવે છે. જ્યારે બાળકો પરીકથાઓ કે સાહસિક વાર્તાઓ સાંભળે છે ત્યારે તેઓ દૃશ્યોને મનમાં ચિત્રિત કરે છે, જે દૃશ્ય શિક્ષણ (Visual Learning) અને સ્થાનિક બુદ્ધિ (Spatial Intelligence) વધારે છે. આ કૌશલ્ય ગણિત, વિજ્ઞાન અને કલાના વિષયોમાં સમસ્યા-નિવારણમાં મદદરૂપ થાય છે. વાર્તાઓ બાળકોને વૈકલ્પિક અંત વિચારવા પ્રેરે છે, જે તર્કશક્તિ અને વિવેચનાત્મક વિચારસરણી વિકસાવે છે.

**ભાવનાત્મક બુદ્ધિ અને સામાજિક શિક્ષણ :**

વાર્તાઓ બાળકોમાં ભાવનાત્મક બુદ્ધિનું નિર્માણ કરે છે અને નૈતિક મૂલ્યો શિખવાડે છે. વિવિધ પાત્રોની લાગણીઓ સમજીને બાળકો લાગણીઓને ઓળખવા, વ્યક્ત કરવા અને નિયંત્રિત કરવાની કુશળતા શીખે છે. આ કૌશલ્ય વર્ગખંડમાં મિત્રતા, સહયોગ અને સંઘર્ષ નિવારણમાં ઉપયોગી થાય છે. નૈતિક વાર્તાઓ પ્રામાણિકતા, દયા, અને જવાબદારીના પાઠ શિખવાડે છે.

**પાત્રો સાથે તાદાત્મ્ય અને ભાષા કૌશલ્યનો વિકાસ :**

જ્યારે બાળકો વાર્તાનાં પાત્રો સાથે જોડાણ અનુભવે છે, ત્યારે તેઓ નવા શબ્દો શીખે છે, ભાષાનું

વ્યાકરણ સમજે છે અને વાંચન-લેખનની કુશળતા વિકસાવે છે. તેઓ પાત્રોના અનુભવોમાંથી વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓ વિશે શીખે છે, જે વૈશ્વિક જાગરૂકતા વધારે છે.

**ભય અને ચિંતાઓ સામે શૈક્ષણિક આત્મવિશ્વાસ :**

વાર્તાઓ બાળકોને શાળાના ડર, નવા શિક્ષકોનો ભય અને પરીક્ષાની ચિંતા દૂર કરવામાં મદદ કરે છે. હિંમતવાન પાત્રોની વાર્તાઓ બાળકોમાં પડકારોનો સામનો કરવાની ભાવના જગાડે છે. તેઓ શીખે છે કે નિષ્ફળતા પણ શીખવાની પ્રક્રિયાનો ભાગ છે, જે તેમનો શૈક્ષણિક આત્મવિશ્વાસ વધારે છે.

આમ, વાર્તાઓ બાળકોના સંપૂર્ણ વિકાસ - માનસિક, ભાવનાત્મક, સામાજિક અને શૈક્ષણિક - માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સાધન છે.

**નૈતિક અને મૂલ્યોનું શિક્ષણ :**

આજના યુગમાં બાળકોને માત્ર શૈક્ષણિક જ્ઞાન આપવું પૂરતું નથી, પરંતુ તેમનો સર્વાંગીણ વિકાસ કરવા માટે નૈતિક શિક્ષણ અત્યંત જરૂરી છે. સારા-ખરાબનો ભેદ શીખવવો એ શિક્ષણની પ્રાથમિક જરૂરિયાત છે. કારણ કે આ જ આધાર પર બાળકનું ભવિષ્ય અને સમાજનું કલ્યાણ આધાર રાખે છે. બાળકો જન્મથી સારાં કે ખરાબ નથી હોતાં પરંતુ તેમનો પરિવેશ અને શિક્ષણ તેમના વ્યક્તિત્વને આકાર આપે છે. શાળામાં અને ઘરે બાળકોને સાચું-ખોટું, ન્યાય-અન્યાય, પ્રેમ-દ્વેષ વચ્ચેનો ભેદ વ્યવહારિક ઉદાહરણો અને રોજિંદા જીવનની પરિસ્થિતિઓ દ્વારા સમજાવવો જોઈએ. ચારિત્ર્ય નિર્માણમાં વાર્તાઓ અસરકારક સાધન છે, કારણ કે તે બાળકના મનમાં ઊંડો પ્રભાવ પાડીને તેમની કલ્પના-શક્તિને ઉત્તેજન આપે છે અને નૈતિક મૂલ્યો સ્થાપિત કરે છે. વાર્તાના હકારાત્મક પાત્રોથી તેઓ પ્રેરણા લે છે અને નકારાત્મક પાત્રોથી બચવાનું શીખે છે.

આપણી સંસ્કૃતિમાં પંચતંત્ર, હિતોપદેશ, રામાયણ, મહાભારત જેવા ગ્રંથોમાં અનેક શિક્ષાપ્રદ વાર્તાઓ છે, જે દ્વારા ધર્મ, અહિંસા, સત્ય, દયા, ક્ષમા, સેવા જેવાં મૂલ્યો શીખવવામાં આવે છે. તુલસીદાસજીની "સત્ય હરિશ્ચંદ્ર" કે ઉદ્ધવ-ગોપીઓની વાર્તાઓમાં જીવનના ઊંડા સંદેશાઓ છુપાયેલા છે. જે બાળકોના વ્યક્તિત્વ વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજના ડિજિટલ યુગમાં પરંપરાગત વાર્તાઓને આધુનિક સંદેશાઓ સાથે જોડવું જરૂરી છે જેથી બાળકોને સાયબર સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ, વૈજ્ઞાનિક વિચાર, લિંગ સમાનતા જેવા સમકાલીન વિષયોની સાથે પરંપરાગત નૈતિક મૂલ્યો પણ શીખવવામાં આવે. આ માટે કથાઓને નવા સ્વરૂપમાં રજૂ કરીને બાળકોને સમકાલીન સમસ્યાઓ સાથે પરંપરાગત ઉકેલો શીખવવા જોઈએ, જેથી આવતીકાલના નાગરિકોનું સ્વસ્થ વ્યક્તિત્વ ઘડાઈ શકે અને સમાજનું કલ્યાણ થાય.

**ભાષા અને સંવાદ કૌશલ્યનો વિકાસ :**

બાળકના સર્વાંગીણ વિકાસમાં ભાષા અને સંવાદ કૌશલ્ય એ સૌથી મહત્વપૂર્ણ ઘટક છે, જે તેના શૈક્ષણિક, સામાજિક અને વ્યક્તિગત વિકાસના પાયારૂપ બને છે. શબ્દભંડોળનો વિસ્તાર એ ભાષા શીખવાની પ્રથમ સીડી છે, જેના માટે બાળકોને વિવિધ પુસ્તકો, વાર્તાઓ, કવિતાઓ અને રોજિંદા વાર્તાલાપ દ્વારા નવા શબ્દો સાથે પરિચય કરાવવો જરૂરી છે. વાક્ય રચના અને વ્યાકરણની સમજ વિકસાવવા માટે વ્યાવહારિક અભ્યાસ અને સતત અભ્યાસની જરૂર છે, જેમાં બાળકો ખરાબ વ્યાકરણને સુધારીને સાચું બોલવાનું અને લખવાનું શીખે છે. આ પ્રક્રિયામાં શિક્ષકો અને માતા-પિતાએ ધીરજ રાખીને બાળકોની ભૂલોને પ્રેમથી સુધારવાની જરૂર છે, કારણ કે ભાષા શીખવાની પ્રક્રિયા ક્રમશઃ અને પ્રેરણાદાયક હોવી જોઈએ.

વાર્તા કહેવાની કળા આપણી સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે, જે પેઢી દર પેઢી આગળ વધતો રહ્યો છે અને બાળકોની કલ્પનાશક્તિ, સ્મૃતિશક્તિ અને સર્જનાત્મકતા વિકસાવે છે. આ કળાને આધુનિક તકનીકી સાધનો જેવાં કે ઓડિયો-વીડિયો, ડિજિટલ સ્ટોરીટેલિંગ અને સોશિયલ મીડિયા સાથે જોડીને વધુ રસપ્રદ બનાવી શકાય છે.

અભિવ્યક્તિની શક્તિ એ ભાષાશિક્ષણનું સર્વોચ્ચ ધ્યેય છે, જેમાં બાળકો પોતાના વિચારો, લાગણીઓ અને અનુભવોને સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ સાથે વ્યક્ત કરી શકે છે. આ કૌશલ્યનો વિકાસ કરવા માટે ચર્ચા, વાદ-વિવાદ, રંગમંચ, કવિતા પાઠ અને વૃત્તાંત લેખનની પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ, જેથી બાળકો નિર્ભયતા સાથે પોતાની વાત રજૂ કરી શકે અને સમાજમાં અસરકારક સંવાદ સ્થાપિત કરી શકે.

**સામાજિક અને સાંસ્કૃતિક શિક્ષણ :**

સંસ્કારો અને પરંપરાઓનું પ્રસારણ એ સામાજિક શિક્ષણનો મૂળભૂત આધાર છે, જે બાળકોને તેમની સાંસ્કૃતિક ઓળખ આપે છે અને તેમના વ્યક્તિત્વને આકાર આપે છે. આપણી ગુજરાતી સંસ્કૃતિમાં સત્યનિષ્ઠા, આદર-માન, મહેમાનનવાજી, કુટુંબપ્રેમ, વડીલોનું સન્માન જેવા સંસ્કારો પેઢીઓથી ચાલ્યા આવે છે, જેને આધુનિક યુગમાં પણ જાળવી રાખવાની જરૂર છે. પરંપરાગત તહેવારો, રીતિ-રિવાજો, લોકગીતો અને લોકનૃત્યો દ્વારા બાળકો પોતાની સંસ્કૃતિ સાથે જોડાણ અનુભવે છે અને તેમાં ગર્વ અનુભવે છે. શિક્ષણ સંસ્થાઓએ આ પરંપરાઓને જીવંત રાખવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શનો અને વર્કશોપનું આયોજન કરવું જોઈએ, જેથી બાળકોમાં સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યે આદર અને રસ જાગે.

સામુદાયિક મૂલ્યો અને ઐતિહાસિક સાંસ્કૃતિક જ્ઞાનનો પરિચય બાળકોને પોતાના મૂળ સાથે જોડે છે અને ભવિષ્યની દિશા આપે છે. આપણા પૂર્વજોનાં બલિદાન, સ્વતંત્રતા સેનાનીઓના સંઘર્ષ, મહાપુરુષોના આદર્શો અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ વિશેનું જ્ઞાન બાળકોમાં ગર્વ અને દેશભક્તિની ભાવના જગાવે છે. સ્થાનિક ઇતિહાસ, પ્રાચીન સ્મારકો, પરંપરાગત કલાઓ અને શિલ્પોનું અધ્યયન બાળકોને તેમના સમૃદ્ધ વારસાથી પરિચય કરાવે છે. આધુનિક તકનીક દ્વારા અભાસી મ્યૂઝિયમ, ઇન્ટરેક્ટિવ એપ્સ અને ડિજિટલ કન્ટેન્ટ વડે ઐતિહાસિક અને સાંસ્કૃતિક જ્ઞાનને રસપ્રદ અને સુલભ બનાવી શકાય છે, જેથી આવતી પેઢીઓ પણ આ અમૂલ્ય વારસાને સાચવી અને આગળ વધારી શકે.

**વાર્તાઓનાં આધુનિક સ્વરૂપો :**

ડિજિટલ યુગમાં વાર્તાઓનું રૂપાંતરણ એ શિક્ષણ જગતમાં ક્રાંતિકારી પરિવર્તન લાવ્યું છે. પરંપરાગત મૌખિક અને લેખિત વાર્તાઓ હવે વેબસાઇટ્સ, મોબાઇલ ઍપ્લિકેશન્સ, પોડકાસ્ટ અને વર્ચ્યુઅલ પ્લૅટફૉર્મ પર ઉપલબ્ધ છે. આ રૂપાંતરણથી બાળકો ઘરબેઠા વિશ્વભરની વાર્તાઓનો લાભ લઈ શકે છે અને તેમની શિક્ષણ પ્રક્રિયા વધુ વૈવિધ્યસભર બને છે.

ઇન્ટરેક્ટિવ અને મલ્ટિમીડિયા વાર્તાઓ બાળકોની સંલગ્નતા અને રસમાં નોંધપાત્ર વધારો કરે છે. આ માધ્યમો દ્વારા બાળકો વાર્તાના ભાગીદાર બને છે, નિર્ણયો લઈ શકે છે અને વાર્તાની દિશા બદલી શકે છે. એનિમેશન, અવાજની અસરો, ગીત-સંગીત અને ઇન્ટરેક્ટિવ -ગેઇમ્સ વડે વાર્તાઓ વધુ આકર્ષક અને યાદગાર બને છે, જેથી શિક્ષણનું લક્ષ્ય વધુ અસરકારક રીતે પ્રાપ્ત થાય છે.

પરંપરાગત અને આધુનિક માધ્યમોનું સંયોજન એ આજના સમયની મુખ્ય જરૂરિયાત છે, જેમાં પુરાણકથાઓ, લોકકથાઓ અને ઐતિહાસિક ઘટનાઓને ડિજિટલ ટૅક્નોલૉજી સાથે જોડવામાં આવે છે. VR (વર્ચ્યુઅલ રિયાલિટી), AR (ઓગમેન્ટેડ રિયાલિટી) અને AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) નો ઉપયોગ કરીને બાળકો કૃષ્ણના બાળપણના પ્રસંગો કે પંચતંત્રની કથાઓનો સાક્ષાત્ અનુભવ કરી શકે છે, જેથી શિક્ષણમાં નવી ઊંચાઈઓ સર શકાય છે. વાર્તાઓ બાળકોના સર્વાંગીણ વિકાસમાં શ્રેષ્ઠ મેન્ટોર અને માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવે છે, જે તેમના નૈતિક, સામાજિક, ભાષાકીય અને સાંસ્કૃતિક વિકાસને પ્રેરિત કરે છે. માતા-પિતા અને શિક્ષકોએ પરંપરાગત વાર્તાઓ સાથે આધુનિક ટેકનોલોજીનું સંયોજન કરીને બાળકોને રસપ્રદ અને શિક્ષાપ્રદ વાતાવરણ પ્રદાન કરવું જોઈએ.

# NEP-2020 પ્રમાણે
# વર્ગખંડમાં વાર્તા દ્વારા શિક્ષણ



- બહાદુરસિંહ વી. વાળા
મો. ૯૪૨૯૪૮૮૨૨૩
સી.આર.સી.કો ઓર્ડિનેટર આલીધ્રા, તા. મેંદરડા, જિ. જૂનાગઢ.

આજે સમગ્ર વિશ્વની સાથે આપણે શિક્ષણના એક નવા યુગમાં પ્રવેશ કરી રહ્યા છીએ. શિક્ષણની ક્ષિતિજોને વિસ્તારીને બાળકની ઉંમરના ત્રીજા વર્ષથી શરૂ કરીને બાળકની ઉંમર સત્તરથી અઢાર વર્ષની થાય ત્યાં સુધી સાતત્ય સાથે ખેડાણ કરવાનું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં શિક્ષણ પ્રક્રિયા વધુ અધ્યેતાકેન્દ્રી, ચર્ચા આધારિત,લચીલી અને આવશ્યકપણે રુચિ પૂર્ણ હોય તથા શિક્ષણથી ભાષાઓ, સાહિત્ય,સંસ્કૃતિ અને મૂલ્યોનો સમાવેશ કરીને વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય નિર્માણ થવું જોઈએ તે વાત સ્વીકારવામાં આવી છે. વિદ્યાર્થીઓમાં નૈતિકતા,તાર્કિકતા, કરુણા અને સંવેદનશીલતા જેવાં મૂલ્યોનો વિકાસ થાય તે માટે શૈક્ષણિક પદ્ધતિઓને વધુ અસરકારક બનાવવા માટેની ભલામણ છે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ પ્રમાણે વિવિધ સ્ટેજ :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં 5+3+3+4 ના માળખાને સ્થાન આપવામાં આવ્યું છે. આ દરેક તબક્કો પોતાનામાં આગવી વિશેષતા ધરાવે છે. જેમાં (1) 3થી 8 વર્ષની ઉંમરને ફાઉન્ડેશનલ સ્ટેજ (2) 8થી 11 વર્ષની ઉંમરને પ્રિપેરેટરી સ્ટેજ (3) 11થી 14 વર્ષની ઉંમરને મિડલ સ્ટેજ તથા (4) 14થી 18 વર્ષની ઉંમરને સેકન્ડરી સ્ટેજ તરીકે ઓળખવામાં આવે છે.

**અધ્યયન નિષ્પત્તિ આધારિત વર્ગખંડમાં વાર્તા દ્વારા શિક્ષણનું આયોજનઃ**

સામાન્ય રીતે અધ્યયન નિષ્પતિમાં શરૂઆતમાં વિષયના એક કે બે અક્ષર અંગ્રેજી મૂળાક્ષરમાં ત્યારબાદ ધોરણ અને અંતે તે વિષયમાં તે અધ્યયન નિષ્પતિનો ક્રમ દર્શાવવામાં આવે છે. બાળકોની 'મુછાળી મા' નામથી વિખ્યાત એવા ગિજુભાઈ બધેકા એક યુગ પ્રવર્તક શિક્ષક છે. NEP 2020માં ગિજુભાઈ બધેકાની વિચારધારાની અસર સ્પષ્ટ જોઈ શકાય છે, જેમણે બાળકોના અધિકાર અને સર્વાંગી વિકાસ માટે જીવન પર્યંત કાર્ય કર્યું. તેમની બાળ શિક્ષણની ફિલસૂફીમાં બાળસન્માન, સ્વાધીનતા, સ્વતંત્રતા, સ્વનિયમન, બાળકોની અભિવ્યક્તિ, કુદરતી પરિચય વગેરેનો સમાવેશ થાય છે. તેમણે વાર્તાનું બાળ શિક્ષણમાં વિશેષ મહત્ત્વ દર્શાવ્યું છે.

**ફાઉન્ડેશનલ સ્ટેજ :**

3થી 8 વર્ષની ઉંમર ને ફાઉન્ડેશનલ સ્ટેજ તરીકે ઓળખવામાં આવે છે. આ તબક્કા દરમિયાન બાળક શિશુઅવસ્થામાં હોય છે. શિશુ એટલે કોઈ પણ બાળક ભાષા સમજતું થાય ત્યારથી માંડીને આઠેક વર્ષ સુધીનો સમયગાળો. આ સમયગાળા દરમિયાન શિશુકથાઓ ખૂબ જ મૂલ્યવાન અને અર્થસાધક પુરવાર થઈ શકે. આપણે ત્યાં બાળવાટિકામાં માત્ર બાળકોને વાર્તાના શ્રવણ અનુભવ પૂરા પાડવામાં આવે છે એ દરમિયાન જો કોઈ બાળક પોતાના ઘર કે કુટુંબમાંથી કોઈ બાળવાર્તા શીખ્યું હોય તો તેમને કથન અંગે તક પૂરી પાડવામાં આવે છે.

ફાઉન્ડેશનલ સ્ટેજના ધોરણ 1 અને 2 ની અધ્યયન નિષ્પતિ જોઈએ તો G1.10- વાર્તા-કથન કરી શકશે. G1.05 - એકાગ્રતાપૂર્વક સાંભળી સમજી શકશે. G2.02- વાર્તા-કથન કરી શકે છે. આ અધ્યયન નિષ્પતિઓ ખાસ વાર્તાને અનુરૂપ છે પરંતુ આ સિવાયની ઘણી બધી અધ્યયન નિષ્પતિઓ પણ વાર્તા દ્વારા સિદ્ધ થઈ શકે. શિશુ અવસ્થા દરમિયાન બાળકો પોતાની કલ્પનામાં વધારે ઊંચે ઊડવા માટે, પોતાની અપૂર્ણ ઇચ્છાઓને પૂર્ણ જોશથી વહેવડાવવા માટે વાર્તાઓનું શ્રવણ ચાહે છે. આ ચાહના પાછળ કોઈને કોઈ પ્રકારના આનંદની ઝંખના છે. આ આનંદ માટે આ અવસ્થા દરમિયાન બાળકને પ્રકૃતિનાં વિવિધ તત્ત્વો જેમકે નદી, પર્વત, સૂર્ય, ચંદ્ર, ઝાડ વગેરેની સાથે સાથે પશુ પ્રેમ

અને પ્રાણીપ્રેમની વાર્તાઓ કહેવી જોઈએ. ભાષા શિક્ષણનો પાયાનો તબક્કો એ શ્રવણ હોવાથી બાળકોને અભ્યાસ દરમિયાન વધુ ને વધુ વાર્તાઓના શ્રવણ અનુભવો પૂરા પાડવામાં આવે તો આનંદની સાથે સાથે સહજ શિક્ષણ થઈ શકે. આ ગાળા દરમિયાન બાળકોની કાર્યકારી સ્મૃતિ અને લાંબાગાળાની સ્મૃતિ જ્ઞાનાત્મક વિકાસ અને સમજશક્તિના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ સમયગાળા દરમિયાન કહેવામાં આવતી શિશુવાર્તાઓમાં જો આનંદનું તત્ત્વ વધારે હોય તો શીખનાર બાળકને કોઈ ભાર ન લાગે તેમજ શીખનાર અને શીખવનાર બંને અસરકારક માધ્યમથી જોડાઈ શકે તો વાર્તાકથન દ્વારા શિક્ષણની પ્રક્રિયા સફળતાપૂર્વક પાર પડી શકે છે. આ માટે વર્ગખંડમાં વિવિધ ચિત્રવાર્તાનાં પોસ્ટરો તેમજ નાના અને સરળ શબ્દોમાં વર્ગખંડની દીવાલો પર વાર્તાઓ રજૂ કરવામાં આવે તો બાળકોને પિઅર ગ્રૂપ લર્નિંગ દ્વારા પણ વાર્તાના અને તેના દ્વારા આપવામાં આવતા અધ્યયન અનુભવ અસરકારક રીતે આપી શકાય.

**પ્રિપેરેટરી સ્ટેજ :**

બાળકની 8 વર્ષથી 11 વર્ષની ઉંમર સુધીના ગાળાને પ્રિપેરેટરી સ્ટેજ તરીકે ઓળખવામાં આવે છે. આ ગાળા દરમિયાન માતૃભાષાની એટલે કે પ્રથમ ભાષાની અધ્યયન નિષ્પતિઓની વાત કરીએ તો G3.27 - બાળ સાહિત્યનો વાંચનમાં ઉપયોગ કરી શકે છે. G4.01 વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, સંવાદો, નાટકો અને ઉખાણાં વાંચી અને સમજી શકે છે. G5.02- વાર્તા વાંચી અને સમજી શકે છે. G5.04- બાળસાહિત્ય વાંચી અને સમજી શકે છે. અધ્યયન નિષ્પતિઓની અસરકારક સિદ્ધિ માટે પ્રિપેરેટરી સ્ટેજને અનુરૂપ વાર્તાઓના શ્રવણ તેમજ કથન અનુભવોમાં વિકાસાત્મક આવર્તન આવશ્યક છે. આ ગાળા દરમિયાન જો આયોજનની વાત કરીએ તો શરૂઆતના તબક્કે એટલે કે ફાઉન્ડેશન સ્ટેજમાં જે રીતે વાર્તાઓમાં માત્ર આનંદનું તત્ત્વ હતું તેના બદલે હવે ધીમે ધીમે મૂલ્ય શિક્ષણ અને ક્યારેક વિવિધ પ્રકારના બોધ તરફ બાળકોને લઈ જઈ શકે તેવી વાર્તાઓનું બાળસાહિત્ય બાળકોના વાંચન માટે વર્ગખંડમાં રાખવું આવશ્યક છે. શિશુ અવસ્થાથી બાળક કિશોર અવસ્થા તરફ પ્રયાણ કરતું હોવાથી ધીમે ધીમે વાર્તામાં પણ પરિવર્તન થાય તે અપેક્ષિત છે.

અધ્યયન નિષ્પતિઓના આધારે અંગ્રેજી વિષયની વિવિધ બાબતો સિદ્ધ કરવા માટે વાર્તાકથન અસરકારક થઈ શકે. વાર્તા માટે ખાસ ચિત્રો, વિવિધ પ્રકારના પપેટ, ફ્લેશ કાર્ડ, મહોરાં , વગેરે આયોજન દરમ્યાન જો તૈયાર રાખવામાં આવે તો આ વિવિધ શૈક્ષણિક સામગ્રીઓને બાળકોના ઉપયોગમાં લાવીને વાર્તાને અસરકારક રીતે બાળકોને કહી શકાય અને સાથે સાથે દરેક વાર્તાનું એક પાત્ર એ બાળકને જ બનાવવામાં આવે તો તેના દ્વારા મળતા અધ્યયન અનુભવો ખૂબ જ દીર્ઘકાલીન નીવડી શકે.

**મિડલ સ્ટેજ :**

બાળકના 11 થી 14 વર્ષની ઉંમરના ગાળાને મિડલ સ્ટેજ તરીકે ઓળખવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન બાળક ધોરણ 6 થી 8માં અભ્યાસ કરતું હોય તેમને માતૃભાષા ગુજરાતી કે પ્રથમભાષાની અધ્યયન નિષ્પતિઓ જોઈએ તો પહેલી અધ્યયન નિષ્પતિ દરેક ધોરણમાં વાર્તાને વાંચી, મુખ વાંચન કરી તથા સાંભળી અને સમજી શકે છે.

મિડલ સ્ટેજ દરમિયાન બાળક કિશોર અવસ્થામાં હોય છે. આ ગાળાની નિષ્પતિની વાત કરીએ તો G7.04- કિશોર સાહિત્ય અને લોકસાહિત્યની કૃતિઓ સાંભળીને સમજી શકે છે. માટે આ સમયગાળા દરમિયાન બાળકોને રામાયણ, મહાભારત, પંચતંત્ર, હિતોપદેશ વગેરે જેવી વાર્તાઓના પુષ્કળ પ્રમાણમાં શ્રવણમાંથી પસાર કરવા જોઈએ. આ માટે ઈસપની વાતો, ગુલિવર કે સિંદબાદની સફરો, અરેબિયન નાઇટની વાર્તાઓ પણ આયોજનબદ્ધ રીતે કહેવી જોઈએ. સાથે સાથે અન્ય અધ્યયન નિષ્પતિઓ મુજબ બાળકો પોતાની વાર્તાઓ રજૂ કરે અને સાંભળેલી વાર્તાઓનું લેખન કરે તે માટે પણ આયોજન આવશ્યક છે.

# વાર્તા - બાળહૈયાનો ચિતાર



- મિત્તલ પટેલ 'પરિભાષા'
મો. ૯૪૨૮૯૦૩૭૪૩
સાંપા પ્રાથમિક શાળા, દહેગામ, ગાંધીનગર.

આપણા જીવનની જીવંત વાર્તાઓ એટલે બાળકના આંખોમાં રોજેરોજ ઊગતું વિસ્મય, ભાવ વિશ્વ અને સહજ નિર્દોષતા. બાળકો પોતે જ જીવંત વાર્તાસમ હોય છે, જો તેને વાંચી શકો તો. તેમની સાથે હૃદયસ્થ થઈ શકો, તેમનાં અસ્તિત્વમાં ખુદને ઢાળી તેમનામય થઈને કલમ પકડો ને ત્યારે લખાય છે શ્રેષ્ઠ બાળવાર્તાઓ. ગિજુભાઈ બધેકા બાળક માટે માત્ર જીવતા ન હતા, બાળકમય થઈને જીવતા હતા. બાળકના હૃદયના ભાવોમાં જીવતા. તેમને થતાં વહાલ, દુઃખ, આઘાત, ખુશી અને ધ્રાસ્કામાં, તેમની સંવેદનાઓમાં, ખુશી અને પીડામાં જીવતા. બાળકમય થઈને તેની સંવેદનઓમાં સમાવિષ્ટ વેદનાને સમસંવેદી બની અનુભવી શકો ને ત્યારે લખાય છે સત્ત્વશીલ અને તત્ત્વશીલ બાળવાર્તા. તે માટે બાળક સાથે નિસ્બત રાખીને જીવવું પડે.

**વાર્તા-બાળકના બાળમાનસનું એન્જિનિયરિંગ :**

બાળકને ચિત્ર દોરવું ગમે, ગીતોના રાગ ગાવા ગમે, નાચવું ગમે, ખડખડાટ હસવું અને મન ભરીને રડવું, નવું નવું સર્જવું ગમે, આ બાળસહજ કલ્પનાશક્તિ તેનામાં ઈનબિલ્ટ હોય છે. વાર્તાના માધ્યમથી તેનામાં ઈનબિલ્ટ રહેલ આ કલ્પનાશક્તિના માધ્યમથી તેનામાં મૂલ્યોની રોપણી, સપનાની રોપણી, નવા આશ્ચર્યની રોપણી, ભાવની રોપણી, સંવેદનશીલતાની રોપણી, માનવતાની રોપણી, પ્રેરણા તત્ત્વની રોપણી, ઉમળકાની રોપણી, ઉત્સાહની, તત્પરતાની, નિખાલસતાની, રોપણી શક્ય બને છે. ટૂંકમાં કહીએ તો વાર્તા એ બાળકો માટે એક વાઈફાઈ કનેક્શન છે, જેના માધ્યમથી તમે તેનામાં ઈચ્છો એવાં મૂલ્યો ટ્રાન્સફર કરી શકો છો અને એ પણ તેના સ્વભાવની જેમ જ ખૂબ સહજતાથી, સરળતાથી અને મજબૂતાઈપણે. એ પણ કોઈ ભાષણ કે સલાહો વગર! તેને સારો માણસ અને દેશનો સારો નાગરિક બનાવવાની ક્ષમતા માત્ર વાર્તા પાસે છે .

**બાળકને વાર્તા શા માટે ગમે છે?**

બાળક માત્ર વાર્તા સાંભળતું નથી, વાર્તા જુએ છે હા, વાર્તા સીધેસીધી કોઈ જ હાવભાવ વગર કહી નાખો, બાળકને રસ નહીં પડે પણ વાર્તા અભિનય,હાવભાવ, તેના પાત્રોના અવાજના લય સાથે કરશો તો જ બાળક વાર્તામય બની શકશે. બાળકનો મૂળભૂત સ્વભાવ ઓતપ્રોત થઈને જીવવું છે. તે તત્ક્ષણ જીવતો હોય છે. એટલે વાર્તાનાં પાત્રોમાં તે તાદાત્મ્ય અનુભવે છે તે વાર્તામાં પોતે છે એવા વિશ્વમાં તેની કલ્પનાની દુનિયામાં જીવવાનું તેનું બાળમાનસ હોય છે. તે વાર્તા સાંભળતો નથી તેની આંખો સમક્ષ શબ્દના માધ્યમથી પસાર થતા દૃશ્યને જુએ છે તેના મય બને છે. બાળક માટે તે એક વાર્તા નથી એક ઘટના છે હમણાં જ જોયેલી ઘટના. તેને અનુભવી શકે છે. તેનાં સુખદુઃખ. ખુશી આચાર્ય અને તે પોતે અનુભવી શકે છે એટલે જ અમુક ફિલ્મોમાં એજ લિમિટ હોય છે કેમકે બાળ માનસમાં તેના પ્રત્યાઘાત ખૂબ ધારદાર રીતે પડે છે. તે જોઈ શકાતા નથી પણ તેના ઘસરકા તેનામાં વિકૃતિ, વર્તનના તણખા દ્વારા અનુભવી ચોક્કસ શકાય છે.

**વાર્તા બાળકને સંવેદનશીલ બનાવે છે :**

આજે વિશ્વમાં સૌથી વધુ અભાવ હોય ને તો સંવેદનશીલતાનો છે. કોઈને કોઈનાથી કોઈ ફરક પડતો નથી. સ્વ-કેન્દ્રીપણું ન દેખાતું વિશ્વનું દૂષણ છે. "હું અને માત્ર મારું" એક એ માનવ સમાજની વિટંબણા છે. ત્યારે વાર્તા, બાળકના માનસમાં સંવેદનશીલતા રોપવાનું ખૂબ જ મજબૂતાઈપણે કરી શકે છે. મોબાઈલના મોહમાંથી બાળકને કોઈ બહાર કાઢી શકવાની તાકાત ધરાવે છે તો તે

વાર્તા વૈભવ છે. પણ મોટેરાઓમાં પોતે તે માટે મોબાઇલ-માંથી થોડું મોઢું ઊંચું કરી વાર્તા સાથે પોતે જોડાવું પડે ને જમતી વખતે સૂતાં પહેલાં તેને વાર્તાઓ સાંભળવાનો લાભ પૂરો પાડવો પડે. દુનિયાદારીમાંથી થોડા નવરા પડી બાળક પાસે બેસી વાર્તાનો પવન વાર્તાની હૂંફ આપતા રહેવાની ઇચ્છાશક્તિ મા-બાપ, બા દાદાએ કેળવવી પડે. એટલા સમય માટે બાળક તમારી સાથે આત્મીયતાથી જીવશે. તમારી સાથે તેના હૃદયનાં કનેક્શન પણ મજબૂત થશે.

વાર્તાના માધ્યમથી તે પોતાનાઓ સાથે પણ વધુ ને વધુ મજબૂતાઈથી જોડાશે. જો પોતાનાપણું હશે તે બાળક નઠોર કે નિષ્ઠુર નહીં બને. ઘરડા ઘર સુધીની નોબત ન લાવવી હોય તો સંવેદનાને બાળપણમાં જ બાળકમાં રોપો.બાળક મોટું થઈને તમને સમજે એવું ઇચ્છતા હોય તો બાળપણમાં તેના બાળમાનસને સમજી તમારા વાણી, વર્તન, વ્યવહારના તેના પર પડતા આઘાત પ્રત્યે તમે પોતે સંવેદનશીલ બનો.

**વાર્તા અને ડિજિટલાઇઝેશન :**

વાર્તા પોતાના અવાજમાં ઓડિયો રેકૉર્ડ કરીને પણ રાખી શકાય. તેના દ્વારા બાળકોને સંભળાવી શકાય. ખાતી વખતે હાથમાં મોબાઇલ પકડાવી દેતાં મા બાપ બાળકને આહાર સાથેના સંબંધ, સ્વાદના અનુબંધ અને સ્વાદની સાથે જોડાયેલ સ્વાસ્થ્યની અનુભૂતિથી સાવ વિખૂટું પાડી દે છે. રેકૉર્ડ કરેલી વાર્તા અન્ય સમયે કહી શકાય. ખાતી વખતે તો પ્રેમના કોળિયા તેમને ખવડાવતાં, વાર્તા જાતે જ કહેવી જોઈએ. ઘણીવાર ઘણી સરસ એપ્લિકેશન પર વાર્તાઓ ઉપલબ્ધ હોય છે પણ તે વર્ચ્યુઅલ છે કૃત્રિમતા તેનામાં પ્રવેશવાની શક્યતા રહેશે એ માત્ર જોશે, અનુભવ નહીં કરે. પોતાનાઓ દ્વારા જાતે કહેલ બાળવાર્તાઓ સાથે બાળક ઝડપથી કનેક્ટ કરી શકશે જ્યારે ઘરનું કોઈ માણસ બાળકને વાર્તા કહેતું હોય ને ત્યારે તેના અવાજનો રણકો તેને સ્પર્શે છે. તેના માથા પર, ખભા પર સ્પર્શનો, હૂંફનો વહાલનો લાગણીનો હાથ તેના હૃદયને સ્પર્શે છે .

**વાર્તા વિશ્વ- બાળકો કિશોર અને તરુણનું :**

બાળક વાર્તાના માધ્યમથી પ્રકૃતિ, પક્ષી, પ્રાણીઓ સાથે પણ જોડાતો હોય છે. એટલે તેનાં પાત્રો દ્વારા તે કલ્પના દ્વારા સ્વથી સૌ સુધીનો ભાવ પામી શકે છે. કિશોર કથાઓ ઉત્સવ ઉમંગ થનગનતા કિશોરોને દિશા આપવાનું કામ કરે છે. તેમની ઊર્જાને સકારાત્મક દિશામાં વાળવાનું કામ આ કિશોરકથાઓ કરે છે. તેમ શૂરવીરતા સાહસ, હિંમત, મનોબળ, દયાભાવ, સામાજિકતાનું, માન આપવાની ભાવના, સંસ્કૃતિ સાથે જોડાવાની તત્પરતા, સફળતા અને નિષ્ફળતાને પચાવી શકવાની ન ગમતું થાય તો પણ મહેનત કર્યા કરવાની ધીરતા એનામાં વાર્તાના માધ્યમથી, સાહસ-કથાઓના માધ્યમથી, શ્રેષ્ઠ વ્યક્તિત્વની જીવનગાથાની વાર્તાઓના માધ્યમથી તેમનામાં ઉતારી શકાય છે.

તરુણ એ કે જેનું તારુણ્ય જ્યાં હિલોળા લેતું હોય કોઈની સલાહ ન સાંભળવી ગમે એવી ઉંમર, તેના ગમતું કરવામાં કોઈની દખલગીરીના સહન થાય તેવી ઉંમર તેમાં વાર્તાનાં પાત્રોની દખલગીરી અ-કથિત સલાહ, દિશા સૂચનથી ખૂબ સહજતાથી પચાવી લે છે પણ ક્યારે? એ કિશોરાવસ્થાથી પુસ્તકો સાથે, વાર્તાઓ સાથે જોડાયેલો હોય તો. વાંચન તેની આદત, સ્વભાવનો એક ભાગ અને ગમતું કાર્ય બન્યું હશે તો. એટલે જ બાળકો ને નાનપણથી પુસ્તકો સાથે જોડવા, વાંચન સાથે જોડવા ખૂબ જરૂરી છે. મોબાઇલ આપી દીધો એટલે તમે તમારું કામ શાંતિથી અડચણ વગર ચોક્કસ કરી શકતા હશો પણ એના વ્યક્તિત્વ વિકાસમાં તેનાં મૂલ્યોના વિકાસમાં ચોક્કસથી તમે અડચણરૂપ બની રહ્યા છો. પુસ્તકોના માધ્યમથી વાર્તા સાથે જોડાઈ તરુણ આત્મવિશ્વાસ સભર દૂરદર્શિતા સભર, ધીરજ, હકારાત્મક દૃષ્ટિકોણ, સ્થિરતા જેવા ગુણોનો ધારક ચોક્કસ બની શકશે.

'વાર્તા' જીવન કૌશલ્યનો સ્વાદ છે. બાળક વાર્તામય બને તે જ તો, આ આખી વાર્તાનો સાર છે. કલ્પનાઓમાં વિહરવાને, તેનો પોતીકો આસ્વાદ છે. ચાલો બાળમય બનીએ, વાર્તાનો એ જ તો અભિલાષ છે.

# ગિજુભાઈ કહે છે, વાર્તાકથનના ઉદ્દેશ શું હોવા જોઈએ...



- પરીક્ષિત જોશી
મો. ૯૦૯૯૦૧૬૨૬૧
બં.નં.૬, તપસ્વી જલારામ સોસાયટી, વેજલપુર, અમદાવાદ.

ગિજુભાઈને આપણે કેવી રીતે ઓળખીએ છીએ, એમનો પરિચય કઈ રીતે આપીએ છીએ, આવા સવાલોના જવાબોમાંથી જ ગિજુભાઈની સાચી ઓળખ સૌ આગળ છતી થાય છે. ગિજુભાઈને 'બાળકોની મૂછાળી મા' એવું બિરુદ તો મળ્યું પણ એ કેમ અને કેવી રીતે મળ્યું એની પાછળનું એક કારણ ગિજુભાઈના 'વાર્તાનું શાસ્ત્ર' પુસ્તકના પ્રકાશક નોંધે છે એ હોઈ શકે કે, અગાઉના સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રમઝમના હિંસક સિદ્ધાંતને સ્થાને બાળકને પ્રેમ, સ્નેહ, સમજાવટ, સહાનુભૂતિ, હળવાશ, રસમયતા અને સંવેદનશીલતા સાથે ભણાવવાના આગ્રહો કેળવાયા તેને માટેનો પાયાનો પરિશ્રમ ગિજુભાઈએ કર્યો હતો. (પા. ૩, નિવેદન)

પુસ્તકની પ્રસ્તાવના લખનારા દત્તાત્રેય બાલકૃષ્ણ (કાકાસાહેબ) કાલેલકર ગિજુભાઈ અને વાર્તા અંગેની એમની સમજ તથા લોકો અને એમાંય ખાસ તો બાળકો અને શિક્ષકોને સમજાવવાની એમની શક્તિ વિશે લખતાં પહેલા એક વિશેષ ઉલ્લેખ કરે છે કે, ગિજુભાઈની લગભગ દરેક કૃતિની મેં પ્રસ્તાવના લખી છે. તે ઉપરથી ગિજુભાઈ પ્રત્યેનો મારો પક્ષપાત તો સિદ્ધ છે જ. એ બાદ કર્યા પછી પણ હું નિઃશંકપણે કહી શકું કે વાર્તાનું શાસ્ત્ર રચવામાં ગિજુભાઈ સફળ નીવડ્યા છે...માણસ શિક્ષક થયો એટલે કેટલી દૃષ્ટિએ તેણે વિચાર કરવો જોઈએ એનો પણ સરસ ખ્યાલ આ ચોપડીમાંથી અધ્યાપકોને મળશે. (પા. ૮, રહસ્ય)

આમ જોવા જઈએ તો, વાર્તાનું શાસ્ત્ર એકલા શિક્ષકોને જ ઉપયોગી નથી. સૌને આ વાંચ્યા વગર છૂટકો નથી એવી કાકાસાહેબની વાત સાથે આપણે સહમત થવું પડે એવું પુસ્તક ગિજુભાઈએ એમના અનુભવના નિચોડરૂપે આપ્યું છે. પુસ્તક બે ભાગમાં છે, પ્રકરણ ૧થી૫ પહેલા ખંડમાં છે અને પ્રકરણ ૬થી૧૩ બીજા ખંડમાં. અનુક્રમની વાત કરીએ તો વાર્તાકથનના ઉદ્દેશથી શરૂ કરીને ગિજુભાઈએ વાર્તાની પસંદગી, વાર્તાનો ક્રમ, વાર્તાને કહેવા યોગ્ય કેમ બનાવવી અને પછી કેવી રીતે કહેવી એ વિશે પહેલા ખંડમાં વાત માંડીને કરી છે. બીજા ખંડમાં વાર્તા કહેવાનો યોગ્ય સમય, વાર્તાનો વિશિષ્ટ ઉપયોગ, વાર્તા અને નાટક, વાર્તાકથન અને નીતિશિક્ષણની વિસ્તૃત સમજ આપ્યા પછી ગિજુભાઈએ લોકવાર્તાનું કથન અને કલ્પનાશક્તિ, લોકવાર્તાનું સાહિત્ય જેવા વિષયની પણ ચર્ચા કરી છે. છેલ્લે વાર્તા વિશે થોડુંએક કહી, વાર્તાના ભંડારોની સૂચિ પણ આમેજ કરી છે.

વાર્તાકથનના શાસ્ત્રનું પહેલું પ્રકરણ વાર્તાકથનના ઉદ્દેશ સંબંધે હોવું જોઈએ. જ્યાં સુધી વાર્તાકથનનો ઉદ્દેશ વાર્તા કહેનારના મનમાં સ્પષ્ટ ન હોય ત્યાં સુધી વાર્તા સહેનાર વાર્તાની પસંદગીમાં, તેના ક્રમમાં અને તેને કહેવાની રીતિમાં બહુ જ મુશ્કેલી અનુભવે. ગિજુભાઈએ યથાર્થ નોંધ્યું છે કે, માણસ વાર્તા સાંભળીને આનંદ પામે છે અને માણસને નિરાશ કરનારી વાર્તાઓ ભાગ્યે જ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે. છતાં દુઃખ ભૂલવા માટે પણ માણસ વાર્તા સાંભળે છે. વાર્તા આનંદને માટે સ્વાભાવિક ખોરાક છે તેમ જ દર્દની દવા પણ છે. જ્યાં સુધી સમાજજીવન માણસના આનંદોને થોડા યા ઘણે અંશે લઈ લે છે, ત્યાં સુધી વાર્તાના કથનની ઉપયોગિતા ઊભી જ રહેવાની.

આમ પણ વાર્તાનો પ્રથમ ઉદ્દેશ આનંદ છે. જીવનનું સ્વાભાવિક લક્ષણ આનંદ છે. જીવાત્મા આનંદમય વસ્તુ છે. આનંદની ભૂખ, વાંછના એ જીવન જેટલી જ સ્વાભાવિક છે.

કાકાસાહેબ કાલેલકર વાર્તાનો મહિમા કરતાં કહે છે કે, ઉત્તરધ્રુવથી દક્ષિણધ્રુવ સુધી પૃથ્વીના બધા દેશોમાં, મોટા મોટા ખંડોમાં કે નાના નાના ટાપુઓમાં, સુધરેલા લોકોમાં તેમ જ જંગલી લોકોમાં, ઘરડાંઓમાં તેમજ બચ્ચાંઓમાં, સંસારીઓમાં કે સંન્યાસીઓમાં જો કોઈ સર્વસામાન્ય વ્યસન હોય તો તે વાર્તાનું છે. સાંજ પડી છે અને છતાં વાર્તા ચાલતી નથી એવું દુનિયામાં એકે ગામડું નહીં હોય. જ્યાં જ્યાં જૂનું વેપારનું મથક હતું ત્યાં ત્યાં દૂર દેશાવારના વેપારીઓ સરાઈઓમાં ભેગા થાય અને ચાતુર્યની, ઠગબાજીની, આશકમાશૂકની, કૂતરાં-બિલાડાની, રાજારાણીઓની, સાધુસંતોની, ઈશ્વરી ક્ષોભની અથવા દૈવી ચમત્કારની, મંત્ર, તંત્ર કે જાદુ ટોણાની વાર્તાઓ જરૂર ચાલે જ ચાલે.

વાર્તા આનંદદાયક વસ્તુ છે. વાર્તાશ્રવણમાં મનુષ્યને અપૂર્વ આનંદ મળે છે. એટલે, વાર્તા કહેનારની સમક્ષ પ્રથમ ઉદ્દેશ વાર્તા સાંભળનારને શુદ્ધ અને સંપૂર્ણ આનંદ આપવાનો હોવો જોઈએ. વાર્તા પોતે એક કલાકૃતિ જ છે. દરેક કલાકૃતિનો મુખ્ય ઉદ્દેશ એના પરિચયમાં આવનારને આનંદ આપવાનો છે જ. વાર્તા એ લોકજીવનનું - લોકાત્માનું એક પ્રતિબિંબ છે. વાર્તાનો ઉદ્દેશ મનુષ્યના આત્માની જે સાહિત્ય વિષયક કલા છે, તે વ્યક્ત કરવાનો છે. વાર્તાઓ અનેક રસોનો ભંડાર છે. વિવિધ રસના ભોક્તા આ રસોનું પાન કરી આનંદતૃપ્તિ પ્રાપ્ત કરી શકે છે. સાહિત્યનો આ રસવિભાગ વાર્તામાં જેટલો પ્રગટ થાય છે તેટલા પ્રમાણમાં વાર્તા કલાની કૃતિ છે, અને તેટલા પ્રમાણમાં વાર્તાકથનનો ઉદ્દેશ આનંદ આપવાનો છે જ.

ગિજુભાઈ એક વિશેષ વાતવિચાર મૂકતાં કહે છે કે, આજે તો શિક્ષણશાસ્ત્રના અગ્રગણ્ય વિચારકો કહી રહ્યા છે કે શિક્ષણ અને આનંદ એ એક વસ્તુ છે. આજે 'રમત કરો ત્યારે રમત કરો અને કામ કરો ત્યારે કામ કરો' મુદ્રાલેખ બદલાઈને 'રમત કરો ત્યારે કામ કરો, અને કામ કરો ત્યારે રમત કરો' એ મુદ્રાલેખ થોડી શાળાઓને બારણે લાગવા માંડ્યો છે. અને એથીયે થોડી શાળાઓને બારણે તો 'બધી રમત કામ છે, બધું કામ રમત છે' એમ મોટા અક્ષરે લખાવા માંડ્યું છે. આજે કેટલાક દેશમાં વાર્તા દ્વારા ઘણા વિષયો શીખવવાનું ચાલે છે. એટલે, દરેક વિષયશિક્ષણની શરૂઆત વાર્તાના કથનથી થઈ શકે, એ બીજો ઉદ્દેશ હોઈ શકે.

વાર્તા દ્વારા શિક્ષણ આપવાની નીતિરીતિ પુરાણી છે. આ વાતને સ્પષ્ટ કરવા ગિજુભાઈ એક ઉદાહરણ ટાંકે છે. હિન્દુસ્તાનમાં પણ યાત્રા માટે નીકળેલા ઋષિમુનિઓ ક્યાંય સત્ર ચાલતું હોય ત્યાં થોડા દહાડા વિશ્રાંતિ કરતા અને અત્યંત ઉત્સાહથી ધાર્મિક વાર્તાઓનો વિનિમય કરતા. બુદ્ધ ભગવાન પણ દરરોજ સાંજે શ્રમણ ભિક્ષુકોને ભેગા કરીને વાર્તા કહેતા. ઈશુ ખ્રિસ્ત ધર્મોપદેશ કરતા ત્યારે વાર્તા મારફતે જ ઉપદેશ ઠસાવતા. (પા.૭) આપણે ત્યાં પણ રાજપુત્રોને ધાર્મિક વાર્તાઓ દ્વારા બધું જ્ઞાન અપાતું. પંચતંત્રની પ્રતિજ્ઞાની વાર્તા પણ એવી જ છે. રાજાના ઠોઠ છોકરાઓ કેમે કર્યા ભણતા નહતા તેમને આર્ય વિષ્ણુશર્માએ વાર્તા દ્વારા છ મહિનાની અંદર ભણાવી-ગણાવીને ડાહ્યા બનાવી દીધા. ઉપનિષદોમાં પણ મોટા મોટો ઋષિઓ વિશ્વનાં રહસ્યો ઉકેલનાર સિદ્ધાંતો વાર્તા દ્વારા પોતાના શિષ્યોના મન પર ઠસાવતા. આપણો મધ્ય કાલીન અને અત્યારે (તત્કાલીન) જીવંત માણભટ્ટ રામાયણ અને મહાભારત જેવા વિષયો કથાવાર્તાથી જ શીખવે છે.

વાર્તાકથનનો ત્રીજો ઉદ્દેશ સાંભળનારાની કલ્પનાશક્તિ ખીલવવાનો છે. કલ્પના અને ભ્રમણા એ બેમાં તફાવત છે. કલ્પના વાસ્તવિકતાની બીજી બાજુ છે અથવા તો કલ્પના વાસ્તવિકતાનો વિસ્તાર છે. દરેક કલ્પના વાસ્તવિકતાના મૂળમાં છે, પણ વાસ્તવિકતામાંથી અમુક વસ્તુ કલ્પનાને પામે છે અને એમાં જ કલ્પનાશક્તિનું બળ રહેલું છે. વાર્તાથી કલ્પનાશક્તિ ખીલે છે. વિશિષ્ટ ઉપરથી સામાન્ય પર જવાની શક્તિનું બંધારણ કલ્પનાશક્તિના પ્રાબલ્ય ઉપર છે. એવી જ રીતે, વાસ્તવિકતાના જુદી જુદી જાતના મિશ્રણ કરીને તેને એક નવીન મિશ્રણ તરીકે રજૂ કરવી એ પણ કલ્પનાનો પ્રદેશ

છે. વાર્તા પોતે જ કલ્પનાનું ફળ છે. એ વાસ્તવિકતાથી ભરેલી છે, છતાં એનો પ્રબંધ કલ્પનાને આભારી છે.

શિક્ષણની દૃષ્ટિએ જોઈએ તો વાર્તાકથનનો આ સિવાય પણ એક ઉદ્દેશ છે. એ ઉદ્દેશ વિદ્યાર્થીની ભાષાશુદ્ધિ સાધવાનો છે. શુદ્ધ ભાષાજ્ઞાન માટે શુદ્ધ ભાષાનો પરિચય એ રાજમાર્ગ છે. વાર્તા દ્વારા સાંભળનાર વાર્તાની ભાષાના પરિચયમાં આવે છે. જે શબ્દસમૂહોથી, વાક્યોના સમૂહોથી અને જોડકણાંથી ભાષા સ્પષ્ટ, જોરદાર અને અસલ બને છે, તે વાર્તાના શ્રવણથી આપોઆપ સાંભળનારનાં બની જાય છે અને સાંભળનારનો ભાષા ઉપર, ગિજુભાઈ કહે છે એમ, ભારે નિર્મલ કાબૂ જામી જાય છે.

વાર્તાકથનનો બીજા એક ઉદ્દેશ પણ છે. વાર્તાઓ લોકસાહિત્યનું અંગ છે. લોકસાહિત્યમાં હંમેશાં પ્રજાની સંસ્કૃતિ વહે છે. જો પ્રજાની સંસ્કૃતિનો સુપરિચય ભાવિ પ્રજાને કરાવવો હોય તો વાર્તાકથન-શ્રવણને આપણે ટકાવી રાખવું જોઈએ અને એનો મહિમા સમજવો જોઈએ. વાર્તાકથનથી સીધેસીધી રીતે એક મોંએથી બીજે મોંએ, એક વ્યક્તિથી બીજી વ્યક્તિએ, એક સમાજેથી બીજા સમાજે અને એક જમાનેથી બીજે જમાને પ્રજાની સંસ્કૃતિનો સંદેશ જીવંત રહેતો આવ્યો છે.

ગમે તેમ હોય પણ વાર્તા એક જાદુઈ વસ્તુ છે. વાર્તાના મંત્રથી મુગ્ધ બની બાળક વાર્તા કહેનારને અધીન વર્તે છે, આ અધીનતા સમભાવની છે, પ્રેમભાવની છે. વાર્તા કહેનાર પોતાનું દૃષ્ટિબિંદુ સમજે છે અને તેને રજૂ કરે છે એ કલ્પનાથી, સાંભળનાર કહેનારે ભૂલી જઈ, પોતાના જેવો જ એને કલ્પી લઈ, તેની સાથે એકભાવ અનુભવે છે. આ એકભાવથી માતાપિતા અને બાળકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ એકબીજાના ગાઢ પરિચયમાં આવે છે, એકબીજાના પર વિશ્વાસ, પ્રેમ અને સહાનુભૂતિ આપોઆપ પ્રગટ થાય છે. આ મીઠા સંબંધમાંથી ઘર, શાળા કે સમાજની વ્યવસ્થા પ્રશ્નો સરળ બની જાય છે. વાર્તા કહેનાર પોતાના હાથમાં હંમેશાં એક જાતની એવી રામબાણ ઔષધિ લઈને ફરે છે કે જેને વડે બેચેન, બસૂરાં, અવ્યવસ્થિત, ઘોંઘાટિયા, ચીડિયાં અને રિસાયેલાં બાળકો કે મનુષ્યોને તે તરત જ સુવ્યવસ્થિત કરી શકે છે.

એક બીજી દૃષ્ટિએ પણ વાર્તાનું કથન આવકારદાયક છે. જેમ બાળકની કલ્પનાશક્તિ વાર્તાથી ખીલે છે તેમ બાળકની સ્મરણશક્તિ પણ વાર્તાથી ખીલે છે. સ્મરણશક્તિનો મૂળ પ્રાણ વિચાર સંકલના છે. આપણામાં જેટલા પ્રમાણમાં વિચારસંકલનશક્તિ વધારે તેટલા પ્રમાણમાં આપણી સ્મરણશક્તિ વધારે પ્રબળ. વાર્તાની ગૂંથણી એવા પ્રકારની છે કે એમાં વિચારસંકલના સરળ અને સહજ છે, જેના લીધે વાર્તાનો તંતુ સળંગ ચાલ્યો આવે છે અને સ્મરણશક્તિને પોષક અને સહાયક બને છે. એટલે જ, ગિજુભાઈએ પહેલું પ્રકરણ કાકાસાહેબ કાલેલકરના જે અવતરણ સાથે પૂર્ણ કર્યું હતું આપણે પણ એની સાથે આ લેખની પૂર્ણાહુતિ કરીશું. ગિજુભાઈ ટાંકે છે કે, બૌદ્ધકાલીન જાતકકથાઓ લ્યો, જૈનકાલીન પંચતંત્ર લ્યો, વિષ્ણુશર્માનું હિતોપદેશ વાંચો કે મિસર દેશના ઈસપની નીતિકથાઓ વાંચો તો જણાશે કે માણસ પરિસ્થિતિ સાથે, તિર્યગ્યોનિઓ સાથે, જીવસૃષ્ટિ સાથે એકરૂપ હતો. રામાયણમાં પણ વાલ્મીકિ પશુ, પક્ષી, મસ્ત્ય, વાનર વગેરે સર્વ પ્રાણીઓ સાથે એકરૂપ થઈ શકે છે. આ સમભાવને લીધે આપણે સર્વ પ્રાણીઓ ઉપર પ્રેમ રાખી શક્તા હતા, એમના સ્વભાવ ઉપરથી ઘણું શીખી શક્તા હતા અને સર્વત્ર એક જ આત્મા છે એ સમજવું સરળ રહેતું હતું. વાર્તાઓ એ મનુષ્યજાતિનું જૂનામાં જૂનું અને અત્યંત વ્યાપક એવું જીવનરહસ્ય છે.

ગિજુભાઈ બાળકો માટે એક બાલવિદ્યાપીઠ (childern's university) સ્થાપવા ઇચ્છતા હતા અને બાળકો માટે એક બાલજ્ઞાનકોશ તૈયાર કરવા માગતા હતા. જોકે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સક્રિય પ્રયાસોને લીધે ગાંધીનગર ખાતે બાલવિદ્યાપીઠની સ્થાપના થઈ, એના નિમિત્તે આ દિવાળી વિશેષાંક થઈ રહ્યો છે એનો આનંદ અને બાલવિદ્યાપીઠ સાથે સંકળાયેલા સૌને આ નિમિત્તે દિવાળીની શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન.

# ભારતીય સંદર્ભમાં વાર્તાનો ઈતિહાસ



- સાગર એ. ગાંધી
મો. ૯૯૭૪૧૭૯૧૧૧
આસિસ્ટન્ટ પ્રોફેસર પાંડેસરા બી.એડ્. કૉલેજ, સુરત.

માનવજીવનમાં વાર્તાનું સ્થાન સદીઓથી અતિ મહત્ત્વનું રહ્યું છે. વાર્તા એટલે પ્રત્યાયનનું સૌથી સરળ અને મોજીલું માધ્યમ. બાળક હજી બોલતાં શીખે તે પહેલાં તેને વાર્તાઓ સંભળાવીને ઘણાં એવાં જીવનમૂલ્યો અને સંસ્કારો શીખવવાના પ્રયત્નો કરવામાં આવે છે. બાળક બોલી ભલે ના શકે, પણ વાર્તાની ભાષા તદ્દન સરળ અને રસપ્રદ કથાવસ્તુ તેને આકર્ષે છે, તેને સમજાય છે અને તેનાથી આનંદની અનુભૂતિ થાય છે. પહેલાના સમયમાં જયારે આધુનિક યંત્રો મોબાઈલ, ટેલિવિઝન તેમજ ડિજિટલ પડદાઓ ન હતાં ત્યારે બાળકો માતા-પિતા, દાદી-નાની તથા કુટુંબના વડીલો પાસેથી વાર્તાઓ સાંભળવાનો આગ્રહ રાખતાં. ખાસ કરીને સૂતાં પહેલાં બાળકને વાર્તા સાંભળવાની મઝા પડતી અને તેઓ વાર્તા સાંભળતા સાંભળતાં સૂઈ જતાં. અહીં વાર્તાઓનું મહત્ત્વ એ હતું કે, દરેક વાર્તાને અંતે નાનો પણ ઊંડા અર્થવાળો બોધ મળતો. આ બોધપાઠ બાળકના કૂણા માનસપટ પર કાયમને માટે છવાઈ રહેતો. આમ, મૂલ્યોનું સિંચન થતું.

ભારતમાં વાર્તાનો ઈતિહાસ હજારો વર્ષોથી સમૃદ્ધ અને વૈવિધ્યસભર છે. ભારતમાં વાર્તાકથનમાં વર્ષો દરમિયાન નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે, જે બદલાતી ટેક્નોલૉજી, સાંસ્કૃતિક પરિવર્તન અને પ્રેક્ષકોની પસંદગીઓને આધારરૂપ અને અનુરૂપ છે. ચાલો, આ ઈતિહાસનાં કેટલાંક મુખ્ય પાસાંઓ જોઈએ.

**પ્રાચીન ભારત અને વાર્તા :**

ભારતમાં વાર્તાનો ઈતિહાસ હજારો વર્ષનો છે. વેદ, ઉપનિષદ, પુરાણો અને મહાકાવ્યો એ તેના મુખ્ય સ્રોત છે. પ્રાચીન ભારતમાં વેદ, પુરાણ તથા અન્ય લોક કાવ્યો/મહાકાવ્યો દ્વારા ચાલતી આવતી કથાઓ પ્રચલિત હતી.

વૈદિક કાળની વાત કરીએ તો વૈદિક કાળમાં પ્રાચીન હિન્દુ ગ્રંથો, વેદોમાં નૈતિક અને આધ્યાત્મિક પાઠ આપતી વાર્તાઓ અને પૌરાણિક કથાઓ બાળકોને સંભળાવવામાં આવતી. જેની મદદથી બાળકોને આધ્યાત્મિકતાના પાઠ મળતા. બાળકોમાં આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન થતું. જેમકે, નચિકેતાની કથા (કઠોપનિષદ) માં બાળક નચિકેતા મૃત્યુદેવ યમ સાથે જ્ઞાન સંવાદ કરે છે. આ વાર્તા બાળકોને ધૈર્ય, સત્યશોધ અને જ્ઞાન જેવી બાબતો પ્રત્યે જાગૃત કરતી હતી.

પુરાણો અને દેવકથાઓની વાતો કરીએ તો પ્રાચીન પુરાણ ગ્રંથોમાં દેવતાઓ, દેવીઓ અને પૌરાણિક વ્યક્તિઓ વિશેની વાર્તાઓ છે, જેમાં ઘણીવાર નૈતિક અને દાર્શનિક વિષયો હોય છે. આ કથાઓ થકી બાળકોને દેવી-દેવતાઓનો પરિચય થતો તેમજ નૈતિક મૂલ્યોનું સિંચન થતું. જેમકે, પ્રહ્લાદની કથા ધર્મ અને ભક્તિ પ્રત્યેની અડગ શ્રદ્ધા શીખવે છે. આ વાર્તા દ્વારા બાળકને વિશ્વાસ, સત્યનિષ્ઠા અને હિંમત જેવાં મૂલ્યો મળે છે.

મહાકાવ્યોની વાત કરીએ તો, પ્રાચીન ભારતના બે મહાકાવ્ય-રામાયણ અને મહાભારતની કથાઓ પણ પ્રચલિત છે. આ મહાકાવ્યોને કલા અને સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં ફરીથી કહેવામાં આવ્યાં છે અને ફરીથી અર્થઘટન કરવામાં આવ્યાં છે, જે દ્વારા બાળકને સાહસિકતા, સચોટ નિર્ણયશક્તિ જેવા અનેક બોધપાઠો આપતી કથાઓ બાળકોને સંભળાવવામાં આવતી અને બાળકને ઉત્તમ વ્યક્તિ બનવાની પ્રેરણાઓ પૂરી પાડવામાં આવતી હતી. જેમકે, રામાયણમાં ભગવાન રામનો આદર્શ અને મર્યાદા પુરષોત્તમ રૂપે પરિચય કરાવવામાં આવ્યો છે. રામની માતૃભક્તિ, ભાઈભક્તિ અને ન્યાયપ્રિયતા એ પેઢીઓ સુધી બાળકો માટે આદર્શરૂપ બની

રહી. મહાભારતમાં અભિમન્યુનું શૌર્ય કે કર્ણની દાનવીરતા જેવી કથાઓ બાળમનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રેરણાદાયક રહી છે. આવા મહાકાવ્યો માત્ર વાર્તા નહીં પરંતુ જીવનમાર્ગ દર્શાવતી સાહિત્યિક સંપત્તિ છે.

**લોકકથા અને મૌખિક પરંપરાઓ :**

પ્રાચીન ભારતમાં મૌખિક વાર્તા કહેવાની પ્રથા પેઢી દર પેઢી પસાર થતી રહી છે, બાળકો પોતાના વડીલો પાસેથી અવનવી વાર્તાઓ સાંભળવાનો ખૂબ શોખ રાખતાં. તો ઘણીવાર મૌખિક પરંપરાઓ, કથકલી, યક્ષગાન અને કઠપૂતળી જેવા લોક પ્રદર્શન દ્વારા પણ વાર્તાઓ સંભળાવવામાં આવતી. જાણે વાર્તાકથન જ એક મનોરંજનનું માધ્યમ ના હોય!

લોકકથાઓનું વૈવિધ્ય સમજીએ તો, ભારતમાં લોકકથાઓ પણ પ્રચલિત હતી. ભારતીય લોકકથાઓમાં ઘણીવાર પ્રાણીઓ, પૌરાણિક જીવો અને નૈતિક પાઠ દર્શાવવામાં આવે છે, જે દેશની સાંસ્કૃતિક વિવિધતાને પ્રતિબિંબિત કરે છે. જે થકી બાળકોને નવીન જાણવાનું મળતું તેમજ તેમાંથી નૈતિક મૂલ્યો પણ બાળકને શીખવવામાં આવતાં. બાળકને ભારતની પ્રાચીન વૈવિધ્યસભર સંસ્કૃતિ વિષે લોકકથાઓ દ્વારા જ જાણવા મળતું અને દેશપ્રેમનાં મૂલ્યોનું સિંચન પણ સાથે જજ...

વિવિધ પ્રાંતોની લોકકથાઓમાં તેની સંસ્કૃતિ અને જીવનશૈલીનું પ્રતિબિંબ જોવા મળે છે. જેમકે, વિક્રમાદિત્ય અને વેટાળની વાર્તાઓ બાળકોને બુદ્ધિ, તર્કશક્તિ અને ચતુરાઈનું મહત્ત્વ સમજાવે છે. ગુજરાતમાં પ્રચલિત રાણખંભાની વાર્તાઓ અથવા ઝાંસીની રાણીની કથાઓ સાહસ અને દેશભક્તિનો સંદેશ આપે છે.

લોકપ્રદર્શન દ્વારા વાર્તાની વાત કરીએ તો, કથકલી (કેરળ), યક્ષગાન (કર્ણાટક), કઠપૂતળી (રાજસ્થાન) જેવા લોકપ્રદર્શન વાર્તાને જીવંત બનાવે છે. કઠપૂતળીનાં રમકડાં મારફતે પ્રાણીઓની વાર્તાઓ બાળકોને મનોરંજન સાથે બોધ પણ આપે છે.

**સાહિત્યિક પરંપરાઓ :**

ભારત પાસે અખૂટ સાહિત્યિક ખજાનો છે અને આ સાહિત્યોમાં વાર્તા અને ટૂંકી વાર્તાઓ તો પ્રાથમિક છે. ટૂંકી વાર્તાઓના લેખન દ્વારા જ સાહિત્ય બનવાની શરૂઆત થઈ. ખૂબ જ પ્રચલિત એવા સંસ્કૃત સાહિત્યમાં પંચતંત્ર અને હિતોપદેશની કથાઓમા નૈતિક પાઠ અને શાણપણ વ્યક્ત કરતી વાર્તાઓ અને દંતકથાઓ છે. પંચતંત્ર અને હિતોપદેશની વાર્તાઓ તો વિશ્વપ્રખ્યાત છે. તેમાંની વાર્તાઓની કથાવસ્તુથી લઈ અવનવાં પાત્રો અને અંતમાં મળતો મજેદાર બોધ વાચકોને જાણે મોહી રાખતો. અને તેને વારંવાર વાંચવા છતાં દરેક વખતે તે નવી જ લાગે. જેમકે, ''કાગડો અને ઘડો'' જેવી વાર્તા બુદ્ધિપ્રયોગ શીખવે છે. ''સિંહ અને ઉંદર'' મિત્રતા અને પરસ્પર સહાયનું મૂલ્ય સમજાવે છે. આવી વાર્તાઓ નાનાં બાળકોને સરળતાથી સમજાય છે અને જીવન માટે ઉપયોગી બોધ આપે છે.

પ્રાદેશિક સાહિત્યની વાત કરીએ તો, ભારતની વિવિધ પ્રાદેશિક ભાષાઓની પોતાની સમૃદ્ધ સાહિત્યિક પરંપરાઓ છે, જેમાં ઘણીવાર સ્થાનિક સંસ્કૃતિ અને ઇતિહાસને પ્રતિબિંબિત કરતી વાર્તાઓ અને દંતકથાઓ શામેલ છે. જેની મદદથી બાળકોને સાથે સાથે વાર્તામાં રસ રાખતાં કોઈ પણ વયકક્ષાના વાચકોને જે-તે પ્રદેશની પરંપરાઓની માહિતી મળે છે. પ્રાદેશિક સાહિત્યની વાર્તાઓ જોઈએ તો, તમિલમાં કંબરામાયણમ, બંગાળમાં ઠાકુરમાર ઝોલી, ગુજરાતમાં દાલપત પંડ્યાની કથાઓ - આ બધું સાહિત્યિક વારસામાં વાર્તાની સમૃદ્ધ પરંપરા દર્શાવે છે.

**આધુનિક વાર્તાકથન :**

પ્રાચીન ભારતમાં વાર્તા અંગે ઘણું જોયું હવે આધુનિક સમયમાં વાર્તાના બદલાયેલા સ્વરૂપની ચર્ચા કરીએ.

ભારતીય સિનેમા અને ટેલિવિઝનની વાત કરીએ તો, પ્રાચીન ભારત સાથે જો તુલના કરવામાં આવે તો સાંપ્રત સમયમાં વાર્તાનું સ્વરૂપ ખૂબ જ બદલાયેલું છે. આજના ટૅક્નોલૉજીના યુગમાં વાર્તા ફક્ત પુસ્તકો કે મૌખિક પરંપરા પૂરતી સીમિત નથી. ફિલ્મો, ટેલિવિઝન શો અને ડિજિટલ માધ્યમ દ્વારા વાર્તાઓ પ્રસ્તુત થાય છે.

તેથી વાર્તાકથનનું સ્થાન ડિજિટલ પડદાઓએ લઈ લીધું છે. હવે બાળકથી માંડી મોટાંઓ દરેક પડદાના મધ્યમથી પોતાના રસ મુજબ વાર્તાઓ જુએ છે. ભારતીય સિનેમા ખાસ કરીને બોલીવુડે, ફિલ્મ દ્વારા વાર્તાઓ અને દંતકથાઓને લોકપ્રિય બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. હવે પારંપરિક વાર્તાકથનનું સ્થાન ચિત્રપટે લઈ લીધું છે. હવે વાર્તા ફક્ત વાંચન કે સાંભળવા પૂરતી સીમિત નથી, હવે તે દશ્યમાન બન્યું છે. જેથી દર્શકોને વધું રસ પડે છે. જેમકે, પૌરાણિક કથા જોઈએ તો, ''મહાભારત'' અને ''રામાયણ''ની ટીવી શ્રેણીઓએ 80ના દાયકામાં સમગ્ર ભારતને એક દોરામાં બાંધ્યો હતો. બાળકો માટેના કાર્ટૂન અને ફિલ્મોની વાત કરીએ તો, ''ટોમ એન્ડ જેરી'', ''છોટાભીમ'', ''મોટુ-પતલુ'' જેવી એનિમેશન વાર્તાઓ તેમજ હાલમાં જ પ્રસિદ્ધ થયેલી 3D ફિલ્મ નરસિંહમાં આજનાં બાળકો માટે નવીન મનોરંજન સાથે બોધ પૂરાં પાડે છે.

સાહિત્ય અને કલ્પનાની દુનિયાની વાત કરીએ તો, આધુનિક ભારતીય સાહિત્યમાં, ઘણાં સાહિત્યકારો જેમ કે સલમાન રશ્દી, અરુંધતી રોય અને ઝુમ્પા લાહિરી જેવા લેખકોની કૃતિઓ, ઘણીવાર ઓળખ, સંસ્કૃતિ અને સામાજિક ન્યાયના વિષયોની શોધ કરે છે. વાચકને કલ્પનાની દુનિયામાં લઈ જઈ આનંદની અનુભૂતિ કરાવે છે. આમ, વાર્તાના ઈતિહાસમાં હરણફાળ બદલાવ જોવા મળે છે.

**વાર્તાનું સાંસ્કૃતિક મહત્ત્વ:**

ભારતમાં સામાજિક ભાષ્ય, સાંસ્કૃતિક સંરક્ષણ અને શિક્ષણ માટે વાર્તાકથનનો ઉપયોગ એક સાધન તરીકે કરવામાં આવ્યો છે. વાર્તાની સરળ અને મોજીલી ભાષા વિષયવસ્તુની આપ-લે માટે ઉત્તમ માધ્યમ બની રહ્યું.

સામાજિક ભાષ્યની વાર્તા દ્વારા સમાજની સમસ્યાઓ, અંધશ્રદ્ધાઓ અને અસમાનતા પર ટીકા કરવામાં આવી છે. જેમકે, મુંશી પ્રેમચંદની વાર્તાઓ ગરીબી, અન્યાય અને માનવીય મૂલ્યોને પ્રકાશિત કરે છે.

સાંસ્કૃતિક સંરક્ષણની વાર્તા એ લોકસંસ્કૃતિ, તહેવારો અને પરંપરાઓને જીવંત રાખે છે. જેમકે, ''ગોકુળની ક્રીડાઓ''ની વાર્તાઓ આજેય જન્માષ્ટમીના પ્રસંગે સંભળાવવામાં આવે છે.

શૈક્ષણિક મહત્ત્વની વાત કરીએ તો, વાર્તા શિક્ષણનું પ્રાથમિક સાધન રહી છે. બાળકો માટે વાર્તા એ જ્ઞાનનું દ્વાર છે. આજકાલ શાળાઓમાં વાર્તાકથન-લેખન કાર્યશિબિર, સ્પર્ધાઓ, સેમિનાર (સ્ટોરી-ટેલિંગ સેશન) બાળકોના વ્યક્તિત્વ વિકાસમાં મદદરૂપ થાય છે.

વિવિધતા અને બહુવચનવાદ (એક સાથે બે અથવા વધારે પદસ્થાન પર થયેલી નિયુક્તિ) ભારતનો વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસો તેની સમૃદ્ધ વાર્તા કહેવાની પરંપરાઓમાં પ્રતિબિંબિત થાય છે, જે ઘણીવાર બહુવચનવાદ અને વિવિધતાની ઉજવણી કરે છે. ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને વર્ણવે છે, વિવિધતામાં રહેલી એકતાને વર્ણવે છે. ભારતનો આધ્યાત્મિક વારસો તેમજ ઊંડું જ્ઞાન સઘળું એ વાર્તાના માધ્યમથી સહુની સમક્ષ કર્યું. જેમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને ગુજરાતથી આસામ સુધીની વાર્તાઓ એક જ માનવીય મૂલ્યોની ઉજવણી કરે છે.

વાર્તા કહેવાનો ઈતિહાસ માત્ર સાહિત્ય કે મનોરંજન પૂરતો સીમિત નથી, તે આપણા સાંસ્કૃતિક વારસાનો અભિન્ન ભાગ છે. વાર્તાઓએ સમાજને સંસ્કારિત કર્યું છે, મૂલ્યો આપ્યા છે અને એક પેઢી એ બીજી પેઢી સુધી જ્ઞાનનો વહેવાર કર્યો છે.

પ્રાચીન કાળની લોકકથાઓ હોય કે પંચતંત્રની નૈતિક કથાઓ, દાદી-નાનીની વાર્તાઓ હોય કે આજના સમયમાં સ્ક્રીન પર આવતી વાર્તાઓ - બધાં જ સ્વરૂપોમાં વાર્તા જીવનને સ્પર્શે છે, આનંદ આપે છે અને માર્ગદર્શન આપે છે. આમ, વાર્તાનો ઈતિહાસ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનો પુરાવો છે, જે સમય સાથે અનુકૂલન અને વિકાસ કરવાની ક્ષમતાથી આજે પણ અવિરત રીતે આગળ વધી રહ્યો છે.

# વાર્તા દ્વારા વ્યક્તિત્વ વિકાસ
# વાર્તાઓઃ એક સર્વાંગી અભિગમ



- શમીમ મર્ચન્ટ 'શમા'
મો. ૮૨૦૮૨૩૮૩૬૬
શિક્ષિકા અને લેખિકા, મુંબઈ.

એક નાના છોકરાએ તેના દાદાને ફરિયાદ કરી, ''મને હંમેશાં એવું લાગે છે જાણે મારી અંદર બે વરુઓ લડતાં હોયઃ એક ગુસ્સો, ઈર્ષ્યા અને અભિમાનથી ભરેલો અને બીજો દયા, ધીરજ અને પ્રેમથી ભરેલો. કોણ જીતશે?''

દાદાએ સ્મિત કરતાં, એના વાળ સહેલાવ્યા, ''જેને તું પોષણ આપીશ, એ જીતશે.''

આ શું હતું? એક ટૂંકી વાર્તા!

વાર્તાઃ મનોરંજન કરતાં વધીને; દુનિયામાં પ્રવેશવાની બારી, આપણી લાગણીઓનો અરીસો અને બચ્ચાઓ માટે માર્ગદર્શક. બાળકના શરૂઆતના દિવસોથી, વાર્તાઓ કલ્પના, જિજ્ઞાસા, સહાનુભૂતિ અને નૈતિક સમજણને પોષે, જે ગુણો વ્યક્તિત્વને સૂક્ષ્મ પરંતુ સ્થાયી રીતે આકાર આપે. વ્યાખ્યાનો કે સૂચનાઓની સરખામણીમાં, વાર્તાઓ બાળકોને આડકતરી રીતે જીવનનો અનુભવ કરાવે, જેની સાથે તેઓ જોડાઈ શકે, અથવા પ્રશંસનીય પાત્રોની સફર દ્વારા જીવનના પાઠ શીખી શકે. વાર્તાકથન કોઈ નવું શૈક્ષણિક વલણ નથી, તે માનવીય સંસ્કૃતિ જેટલું જ જૂનું છે, જે પેઢી દર પેઢી નૈતિકતા, સામાજિક નિયમો, ભાવનાત્મક બુદ્ધિ શીખવવા કે માત્ર મનોરંજનના સાધન રૂપે પસાર થતું આવ્યું છે.

વાર્તા કહેવાની સુંદરતા એ છે કે વાર્તાકાર અને શ્રોતા બંને આ પ્રક્રિયાનો આનંદ માણી શકે. જીવંત હાવભાવ અને અભિવ્યક્તિઓ સાથે જોડવામાં આવે, ત્યારે વાર્તા કહેવાનું સત્ર ફિલ્મ જોવા કરતાં પણ વધુ આકર્ષક બની જાય.

**નાનપણથી વાર્તા કહેવાનું મહત્ત્વ :**

વાર્તા કહેવાથી બાળકના જીવનની શરૂઆતના તબક્કાથી, શબ્દો આકાર લે તે પહેલાં, હાવભાવ સમજી શકે, તે ક્ષણથી તેનું મૌન કાર્ય શરૂ થઈ જાય. બાળ વિકાસના અભ્યાસે દર્શાવ્યું, કે બાળપણથી વાર્તાઓ સાંભળતાં બાળકોમાં મજબૂત ભાષા કૌશલ્ય, સારી એકાગ્રતા અને પ્રારંભિક સામાજિક જાગૃતિનો વિકાસ થાય છે. વાર્તા કહેવાથી ભાવનાત્મક સુરક્ષા પણ વધે. જે બાળક નાયકો, સંઘર્ષો અને વિજયોની વાર્તાઓ સાંભળે, તે વાસ્તવિક જીવનમાં જે લાગણીઓ અને પરિસ્થિતિઓનો સામનો હજી નથી કર્યો, તેને પણ પાર કરવાનું શીખે.

એક મા રોજ પોતાના બાળકને સુવડાવતી વખતે નીંદરડી રે ગાતી. થોડા દિવસોમાં તેણે જોયું કે બાળક સૂવાના સમયે શાંત થવા લાગ્યું. ગીતની મીઠી લય અને નિયમિતતા બાળકને આત્મનિયંત્રણ અને એકાગ્રતા તરફ દોરી ગઈ.

બીજાં માતાપિતાએ શરમાળ બાળકને લાગણીઓ વ્યક્ત કરવામાં અને જરૂરિયાતો વ્યક્ત કરવામાં મદદ માટે સિંહ અને ઉંદરની વાર્તા કહી. આનાથી બાળકને પોતાની લાગણીઓ અને જરૂરિયાતો વ્યક્ત કરવાની હિંમત મળી. વાર્તાથી બાળકમાં સામાજિક તથા લાગણીશીલ વિકાસ થયો.

**વાંચન અને વાર્તાકથનઃ એક સિક્કાની બે બાજુ :**

વાર્તા કહેવી અને વાંચન હાથમાં હાથ મિલાવીને રહી શકે. વાર્તા કહેવાથી શ્રવણ કૌશલ્ય, યાદશક્તિ અને કલ્પનાશક્તિ મજબૂત બને, જ્યારે વાંચન શબ્દભંડોળ, સમજણ અને વિશ્લેષણાત્મક વિચારસરણીનો વિકાસ કરે. જ્યારે તેને જોડવામાં આવે, ત્યારે બાળકો સર્વાંગી અનુભવ મેળવે, જે મન અને પાત્ર, બંનેને પોષે.

એક પિતા તેના બાળકને અકબર-બીરબલની વાર્તાઃ સાચો માલિક કોણ? વાંચીને સંભળાવતા. વચ્ચે અટકીને પૂછતાઃ ''હવે બીરબલે શું કરવું જોઈએ?'' છોકરો

પોતાના શબ્દોમાં વાર્તા ફરી કહેતો, ક્યારેક નવા વળાંક ઉમેરીને. આ આંતરક્રિયાએ સમજણને મજબૂત બનાવી, સર્જનાત્મકતાને પોષી અને વિચારો વ્યક્ત કરવામાં આત્મવિશ્વાસ વધાર્યો.

શિક્ષકો ઘણીવાર વિદ્યાર્થીઓને વાંચેલી વાર્તાનાટ દશ્યોને નાટકીય બનાવવા માટે પ્રોત્સાહિત કરી શકે, વાંચન સમજણને સક્રિય વાર્તા કહેવા સાથે મિશ્રિત કરે. આવા અભ્યાસો બાળકોને પાઠ આંતરિક બનાવવામાં મદદ કરે અને સાથે જ સહાનુભૂતિ અને ટીમ વર્ક વિકસાવે.

જ્યારે બાળક ભય, નિરાશા અથવા અન્યાયનો સામનો કરી રહેલા પાત્ર વિશે વાર્તા વાંચે અને પછી તેને ફરીથી કહે, અથવા નાટકીય બનાવે, ત્યારે તેઓ ભાવનાત્મક પ્રતિબિંબ, નૈતિક તર્ક અને દષ્ટિકોણ લેવાની કુશળતાનો અભ્યાસ કરે છે, જે વ્યક્તિત્વ વિકાસ માટે જરૂરી છે.

**વાર્તાઓ સ્પષ્ટ રીતે જણાવ્યા વિના મૂલ્યો શીખવી શકે** :

વાર્તાઓમાં અનોખી શક્તિ છેઃ તે સીધા ઉપદેશ વિના, સૂક્ષ્મ રીતે નૈતિક પાઠ શીખવી શકે. બાળક વ્યાખ્યાનો દ્વારા પ્રામાણિકતા, શેરિંગ અથવા હિંમત જેવા અમૂર્ત નિયમોને સમજી શકતું નથી, હકીકતમાં તેને તે કંટાળાજનક પણ લાગી શકે. જોકે, જ્યારે તેઓ કોઈ પાત્રની યાત્રાને અનુસરે, ત્યારે આ મૂલ્યો તેમના વિચારનો ભાગ બની જાય.

એક દાદીમાએ તેના પૌત્રને એકલવ્યની વાર્તા કહી. એકલવ્ય ગુરુ વિના પણ રોજ તીરંદાજીનો અભ્યાસ કરતો અને ધીરજપૂર્વક પ્રયત્ન કરતો રહ્યો. જ્યારે બાળક વારંવાર નિષ્ફળતાઓથી કંટાળતો, ત્યારે દાદીએ સમજાવ્યું, એકલવ્ય જેવી સંકલ્પશક્તિ અને નિયમિત અભ્યાસથી હંમેશાં આગળ વધવામાં મદદ મળે. આથી બાળક વધુ સંકલ્પશક્તિ અને અભ્યાસ કરવાની ઇચ્છા સાથે પડકારોનો સામનો કરવા લાગ્યો.

એક મમ્મીએ તેના દીકરાને કૃષ્ણ/સુદામાની અતુલનીય મિત્રતાની વાર્તા કહી. છોકરો સમજી ગયો કે, જીવનનો ખરો અર્થ તો સાચા સ્નેહમાં છે. કેવી રીતે પ્રેમ અને લાગણી જીવનને વાસ્તવમાં અર્થપૂર્ણ બનાવી શકે, તે વાર્તામાં સુંદર રીતે દર્શાવ્યું છે. એક પિતાએ સત્યનું મહત્ત્વ શીખવવા માટે 'ધ બોય હૂ ક્રાઇડ વુલ્ફ'નો ઉપયોગ કર્યો; વાર્તા યાદ કરવાથી બાળકને સમજવામાં મદદ મળી કે જૂઠું બોલવાનાં ગંભીર પરિણામો હોઈ શકે અને શાળામાં મુશ્કેલ પરિસ્થિતિમાં પ્રમાણિક રહેવાનું માર્ગદર્શન આપ્યું.

વાર્તાઓ જિજ્ઞાસા અને સર્જનાત્મક વિચાર-સરણીને પણ ઉત્તેજિત કરી શકે. એક શિક્ષકે એક વાર બાળકોના ગ્રૂપને સ્ટોન સૂપની કથા વાંચીને સંભળાવી, જેનાથી શેરિંગ અને ટીમવર્ક વિશે ચર્ચા શરૂ થઈ. પછીથી વિદ્યાર્થીઓએ એક પ્રોજેક્ટ પર સાથે મળીને કામ કર્યું, જેનાથી સાબિત થયું, કે સ્પષ્ટ સૂચના વિના પણ વાર્તા વર્તનને સીધી રીતે પ્રભાવિત કરી શકે. આ વાતો દર્શાવે છે કે વાર્તાઓ બાળકના હૃદય સુધી એવી રીતે પહોંચે, જે કાર્ય વ્યાખ્યાનો ઘણીવાર નથી કરી શકતાં. કલ્પના, જિજ્ઞાસા, શેરિંગ, સંભાળ અને સહાનુભૂતિ ખીલે, જ્યારે બાળકો પ્રવચન કરતાં વાર્તા દ્વારા મૂલ્યોનો અનુભવ કરે.

જેમ ફિલિપ પુલમેન આપણને યાદ અપાવે છે, 'પોષણ, આશ્રય અને સાથીદારી પછી, વાર્તાઓ એવી વસ્તુ છે જેની આપણને દુનિયામાં સૌથી વધુ જરૂર છે.'

**મહાન મૂલ્યો શીખવતી કાલાતીત વાર્તાઓ** :

"વાર્તાકથન એ આજના વિશ્વમાં વિચારો રજૂ કરવાનો સૌથી શક્તિશાળી માર્ગ છે." - રોબર્ટ મેકકી

કેટલીક વાર્તાઓ કાલાતીત રહે છે કારણ કે તે સાર્વત્રિક માનવીય ગુણોને સંબોધિત કરે છે અને પેઢી દર પેઢી બાળકો સાથે પડઘા પાડી શકે.

ઈસપની દંતકથાઓઃ દરેક ટૂંકી વાર્તા પ્રામાણિકતા, નમ્રતા અને દયા વિશે જ્ઞાન આપે છે. પંચતંત્ર અને હિતોપદેશઃ કાગડો અને કુંજો, કાચબો અને હંસ જેવી વાર્તાઓ બાળકોને બુદ્ધિ, વિનમ્રતા અને સચ્ચાઈનો પાઠ શીખવે છે. કાચબો અને સસલો સતત પ્રયત્ન અને ધીરજની મૂલ્યવાન શીખ આપે છે.

રોલ્ડ ડાહલની મટિલ્ડાઃ શિક્ષકો અને માતાપિતા બંનેએ મટિલ્ડાનો ઉપયોગ બાળકોને અયોગ્ય વર્તનનો

સામનો કરતી વખતે, હિંમતપૂર્વક વર્તવા પ્રોત્સાહિત કરવા માટે કર્યો.

જોહાના સ્પાયરી દ્વારા હાઈડીઃ પ્રકૃતિ પ્રત્યે પ્રેમ, કૌટુંબિક બંધનો અને અન્ય લોકો પ્રત્યે સહાનુભૂતિ જગાડી, બાળકોને રોજિંદા જીવનમાં દયાનું મહત્ત્વ બતાવ્યું.

રુડયાર્ડ કિપલિંગ દ્વારા ધ જંગલ બુકઃ યાદગાર પાત્રોના સાહસથી, મિત્રતા, વફાદારી અને જવાબદારીનું અન્વેષણ કરે છે.

ભારતીય લોકકથાઓ મૂલ્યોથી ભરપૂર વાર્તાઓનો ખજાનો છે. પંચતંત્ર કથાઓ બુદ્ધિ, હિંમત અને સમસ્યા-નિવારણની કળા શીખવે, જ્યારે જાતક કથાઓ કરુણા, પ્રામાણિકતા અને શાણપણ જેવા ગુણોને ઉજાગર કરે છે. આવી વાર્તાઓ માતાપિતા અને શિક્ષકો દ્વારા બાળકોને સ્વાભાવિક રીતે નૈતિક પાઠ આપવાની અનોખી રીત બની શકે.

**વ્યક્તિત્વ પર લાંબા ગાળાનો પ્રભાવ** :

જ્યારે બાળકોને નિયમિત વાર્તાઓ કહેવામાં આવે, ત્યારે તેમના વ્યક્તિત્વ પર તેનો ઊંડો પ્રભાવ પડે છે. તેઓ વધુ કલ્પનાશીલ, સહાનુભૂતિશીલ, ધીરજવાળા અને લવચીક બને. વાર્તાઓ સાંભળવાથી વિચારશીલતા વિકસે છે અને જિજ્ઞાસાની એવી ભાવના પોષાય, જે આખી જિંદગી ટકી રહે. શિક્ષકોએ ઘણીવાર જોયું કે, નાની વયથી જ વાર્તાઓમાં જોડાયેલાં બાળકોમાં સમસ્યાઓ હલ કરવાની ક્ષમતા વધુ મજબૂત હોય. તેઓ માનવીય વર્તનને વધુ સારી રીતે સમજે, દયાળુ નિર્ણય લે અને સંઘર્ષને સમજદારીપૂર્વક ઉકેલી શકે.

આશ્ચર્ય નથી કે ગેરી પોલસને લખ્યું, "વાર્તાઓ શિક્ષકના હથિયારખાનામાં સૌથી શક્તિશાળી સ્રોત છે."

વાર્તા કહેવાની કળા સામાજિક બુદ્ધિનું પણ સંવર્ધન કરે. પાત્રો નૈતિક દુવિધાઓનો સામનો કરે અથવા જટિલ સામાજિક પરિસ્થિતિઓમાંથી પસાર થાય, તે સાંભળીને બાળકોને પરિણામો અને નૈતિક નિર્ણય લેવાની સમજ મળે.

**વાર્તા કહેવાને એકીકૃત કરવાની વ્યવહારુ રીતો** :

1. દરરોજ 10 થી 15 મિનિટ વાર્તા વાંચવા કે કહેવા માટે ફાળવો.
2. બાળકોને પોતાની ભાષામાં વાર્તા ફરીથી કહેવા પ્રોત્સાહિત કરો, જેથી સમજણ અને સર્જનાત્મકતા વિકસે.
3. વિચારપ્રેરક પ્રશ્નો પૂછોઃ "જો તું આ પાત્રની જગ્યાએ હોત તો તને કેવું લાગ્યું હોત?"
4. સ્કૂલમાં કે ઘરમાં વાર્તાને અભિનય રૂપે રજૂ કરો, જેથી જોડાણ વધારે ઊંડું બને.
5. વાર્તાકથનને કલા અથવા સંગીત સાથે જોડો, જેથી કલ્પનાશક્તિ અને ઇન્દ્રિય અનુભૂતિ સમૃદ્ધ બને.
6. વાર્તાની શરૂઆત કરી મધ્યમાં અટકાવો; બાળકને પૂછો કે હવે વાર્તાને કેવી રીતે આગળ લઈ જઈ શકાય.
7. એવી રીતે, વાર્તાનો અંતિમ ભાગ આપીને બાળકને પૂછોઃ "તને શું લાગે છે, આ વાર્તાની શરૂઆત કેવી રીતે થઈ હશે?"

**ડિજિટલ યુગમાં વાર્તાકથનને જીવંત રાખવું** :

આજના ઝડપી ડિજિટલ યુગમાં, સ્ક્રીન ઘણીવાર બાળકોનું ધ્યાન વાર્તાઓથી દૂર ખેંચે છે. તેમ છતાં, ટૅક્નોલૉજી અવરોધ નહીં પરંતુ સાથી બની શકે. માતા-પિતા અને શિક્ષકો ઑડિયોબુક્સ, પૉડકાસ્ટ્સ અને ઈન્ટરેક્ટિવ ઇ-બુક્સનો ઉપયોગ કરીને વાર્તાકથનને જીવંત રાખી શકે.

"સ્ટોરી નાઇટ" જેવી કુટુંબ પરંપરાઓ, જેમાં દરેક સભ્ય એક વાર્તા કહે, અથવા વર્ગખંડની પ્રવૃત્તિઓ, જ્યાં બાળકો ટૅબ્લેટ પર પોતાની વાર્તાઓ રેકૉર્ડ કરે, જૂની રીતોને નવાં સાધનો સાથે મિશ્રિત કરી શકાય.

માનવીય સંબંધોની ઉષ્ણતા, અવાજ, અભિવ્યક્તિ અને પરસ્પર ક્રિયા, વાર્તાકથનના કેન્દ્રમાં જળવાય રહે, ભલે ટૅક્નોલૉજીનો સમાવેશ કરવામાં આવ્યો હોય.

# વાર્તા દ્વારા બાળકોની કલ્પનાશક્તિને એક નવી ઉડાન



- ડૉ. ફાલ્ગુની રાઠોડ 'ફાગ'
મો. ૯૪૨૮૩૮૦૧૭૪
ઉપશિક્ષક- સિસોદ્રા કન્યા શાળા, તા.જિ. નવસારી

આજના આધુનિક યુગમાં બાળકો મોબાઈલ અને ટેલિવિઝનના વલણમાં ઝડપથી ફસાઈ જાય છે. એમનાં હાથમાં નાનકડું રમકડું આપી એની કલ્પનાશક્તિને કુંઠિત કરવાની નોબત આવી ગઈ છે. બાળક દૃશ્યમાન મનોરંજનમાં તુરંત મગ્ન થઈ જાય છે, પરંતુ કલ્પનાશક્તિ પર તેનો પ્રભાવ નબળો પડે છે. તેની સામે, જીવંત વાર્તા બાળકને વિચરવા, કલ્પવા અને સર્જવા પ્રેરિત કરે છે.

**વાર્તા એ માનવ સંસ્કૃતિનું શાશ્વત સાધન :**

વાર્તા માનવજીવનમાં એટલે ઊંડે પ્રસ્થાપિત થઈ ગઈ છે કે તેને દૂર કરવી અશક્ય છે. પારણામાંથી શરૂ થતાં લોકકગીતો પણ એક પ્રકારની વાર્તા જ છે. બાળપણથી લઈને વયસ્કતા સુધી વાર્તા માણસની જીવનયાત્રામાં સાથી બને છે. ઈતિહાસમાં આવી પૌરાણિક કથાઓ, લોકકથાઓ, જાતક કથાઓ, હિતોપદેશ આ બધું માનવજાતનાં મૂલ્યોનો સંચય છે. સાહિત્યમાં કાવ્ય, નાટક, નવલકથા બધું વાર્તાનું વિસ્તૃત સ્વરૂપ છે. સમાજમાં મૂલ્યો, આદર્શો, સંસ્કૃતિ બધું વાર્તા દ્વારા જ પેઢીથી પેઢી સુધી પહોંચે છે.

**વાર્તા અને બાળમાનસ જગત :**

બાળમાનસ એ શુદ્ધ, પવિત્ર, નિર્દોષ અને જિજ્ઞાસુ હોય છે. તે દરેક અનુભવને નવી દૃષ્ટિએ લે છે. વાર્તા બાળકના મન માટે એક જાતનો "અરીસો" છે. બાળક વાર્તાનાં પાત્રો સાથે ભાવનાત્મક રીતે જોડાય છે. વાર્તા-શિક્ષણ  દ્વારા જીવનનાં સૂત્રો સહેલાઈથી સમજી શકે છે. બાળક વાર્તાની દરેક પરિસ્થિતિને પોતાના મનથી સર્જે એટલે કલ્પનાનો વિકાસ થાય છે. વાર્તા મનોરંજનની સાથે સાથે આનંદદાયી શિક્ષણ પણ પૂરું પાડે છે.

**બાળકનો અમૂલ્ય ખજાનો એટલે કલ્પના શક્તિ :**

કલ્પનાશક્તિ એ એવી શક્તિ છે કે જેના આધાર પર માનવજાતે અશક્ય લાગતી સિદ્ધિઓ હાંસલ કરી છે. ચંદ્રયાત્રા, વિમાન, કમ્પ્યૂટર આ બધું પહેલેથી કલ્પના રૂપે જ જન્મ્યું હતું. જો બાળક નાનપણથી જ કલ્પનાજગતમાં વિહાર કરે તો તેની દુનિયામાં નવા નવા વિચારોની સંભાવનાઓને તે જન્મ આપે છે અને એમનામાં અનેક પ્રકારના કાલ્પનિક વિચારોથી એ નવી નવી દુનિયા ઘડતો થાય છે.

**બાળકની કલ્પનાશક્તિ વિકાસના તબક્કા પ્રમાણે બદલાતી રહે છે :**

બાળકોને ઉંમર પ્રમાણે એમની વાર્તાઓની કાલ્પનિક દુનિયામાં પણ બદલાવ આવે છે. જેમકે, પ્રાથમિક ઉંમરે (3–6 વર્ષ): બાળકોને જાદુઈ દુનિયા, પરીઓની, બોલતાં પ્રાણીઓની વાર્તાઓ વધુ ગમે છે. મધ્ય ઉંમરે (7–12 વર્ષ): આ ઉંમરે એમને સાહસિક વાર્તાઓ, વૈજ્ઞાનિક કથાઓ, રહસ્યકથાઓ રસપ્રદ લાગે છે. કિશોરાવસ્થામાં (13 પછી): જ્યારે કિશોરાવસ્થામાં એમને વાસ્તવિક જીવનની કથાઓ, સામાજિક મુદ્દાઓ અને આદર્શ પાત્રો પ્રેરણા આપે એવી વાર્તાઓ ગમે છે.

**વાર્તા અને કલ્પનાશક્તિનો સંબંધ :**

વાર્તા અને કલ્પના શક્તિનો સંબંધ એ બાળકો માટે ખૂબ જ ખાસ છે વાર્તા બાળક માટે કલ્પનાની "લૅબોરેટરી" છે. 'જાદુઈ મહેલ' સાંભળતાં જ બાળક મનમાં ચિત્ર દોરવા લાગે છે. એ અદૃશ્યથી દૃશ્યની દુનિયામાં પ્રવેશ કરે છે. એની અંદર અનેક પાત્રોને એ જીવંત કરે છે. એ સિંહ, વાંદરો કે ચાંદની પણ તેને જીવંત લાગવા લાગે છે. એ અનેક વિકલ્પો સર્જવા તૈયાર થાય છે. વાર્તાનો બીજો અંત કલ્પીને બાળક પોતાની સર્જનાત્મકતા અજમાવે છે. એ ભાવનાઓને  અનુભવી પાત્રોની ખુશી, દુઃખ, ડર બધું બાળક પોતે અનુભવતો જાય છે.

આપણે વાર્તા દ્વારા કલ્પનાશક્તિ વિકસાવવાના માર્ગ નક્કી કરી શકીએ. એ માટે નીચેના મુદ્દાઓ ધ્યાને લઈ શકાય.

1. **મૌખિક વાર્તા-વાચન :** માતા-પિતા, દાદા-દાદી કે શિક્ષક દ્વારા જીવંત અવાજમાં વાર્તા કહેવી. જેથી અવાજ, હાવભાવ, વિરામ આ બધું બાળકને વાર્તામાં ખેંચી લે છે. અને કલ્પનાશીલ બને છે.
2. **ચિત્રકથાઓ અને પુસ્તક વાંચન :** ચિત્રો સાથેની વાર્તા બાળકને દૃશ્ય પ્રેરણા આપે છે. આગળ બાળક પોતાની રીતે પાત્રોનાં ચિત્રો દોરે છે. ચિત્રો દ્વારા એમનામાં નવી નવી કલ્પના વિકાસ થાય છે.
3. **નાટ્યરૂપાંતર :** વાર્તાને નાટકમાં ફેરવી રજૂ કરવામાં આવે તો વાર્તાઓ જીવંત અનુભવ પૂરો પાડે છે. બાળકો પાત્રો ભજવે છે અને કલ્પનાને અભિનયમાં પિગાળે છે.
4. **સર્જનાત્મક પ્રવૃત્તિઓ :** વાર્તા પછી ચિત્ર દોરાવવું, "જો તું હોત તો શું કરત?" એવો પ્રશ્ન પૂછવો, નવો અંત કે નવું પાત્ર ઉમેરાવવું. આવી સર્જનશીલ સર્જક બનવાની સફર કલ્પનાશીલ બનાવે છે.
5. **શ્રવણ અને કથન કળા :** બાળકને પોતાની વાર્તા કહેવાની તક આપવી. આ રીતે બાળક કલ્પના અને ભાષા બંને વિકસાવે છે.
6. **વાર્તા આધારિત શિક્ષણ (Story-based Learning) :** હાલની નવી શિક્ષણ નીતિમાં પેડાગોજી આધારિત શિક્ષણ ઉપર ભાર આપવામાં આવ્યો છે એમાં પણ વાર્તા આધારે શિક્ષણ પેદા કરજો પર વિશેષ ભાર આપવામાં આવ્યો છે. વાર્તા માત્ર મનોરંજન પૂરતું નથી, તે શિક્ષણનું શક્તિશાળી સાધન છે.

વિજ્ઞાન વિષયમાં "પાણીના ટીપાની યાત્રા" વાર્તા દ્વારા જળચક્ર સમજાવવું. ગણિત વિષયમાં "વાંદરા અને કેળા" કથા દ્વારા ભાગાકાર સમજાવવો. સામાજિક વિજ્ઞાન વિષયમાં "સત્યનિષ્ઠા ધરાવતા રાજકુમાર" વાર્તાથી નૈતિક મૂલ્યો શીખવવાં. ભાષામાં વાર્તા સાંભળીને બાળક નવી શબ્દસમૃદ્ધિ મેળવી શકે છે.

7. **કલ્પનાશકિતના વિકાસમાં વાર્તાના લાભ :** શબ્દભંડોળ, વ્યાકરણ, ઉચ્ચારણ વગેરે ભાષા વિકાસ કરવામાં ઉપયોગી છે. પ્રશ્નો પૂછવાની ટેવ, સમસ્યા ઉકેલવાની કળા વગેરે વિચારશક્તિનો વિકાસ થાય છે. પાત્રોની લાગણીઓ સમજી સહાનુભૂતિ કેળવે છે. વાર્તા કહીને બોલવાની હિંમત આવે છે આમ આત્મવિશ્વાસમા વધારો થાય છે. ચિત્રકામ, લેખન, સંગીત કે નૃત્ય જેવી સર્જનાત્મક કલા વિકાસ પામી નવી કલ્પનાઓ જન્મે છે.
8. **વાર્તા કહેવાની કળા :** વાર્તા કહેવી એ પણ એક કળા છે. અવાજમાં ઉતાર-ચઢાવ, આંખો અને હાથના હાવભાવ, રસપ્રદ વિરામ. વાર્તાને બાળકોના જીવન સાથે જોડવી, અંતે પ્રશ્નો પૂછવા આ બધી બાબતો એમાં સહયોગી બને છે.
9. **સંશોધન આધારિત દૃષ્ટિકોણ :** શૈક્ષણિક મનોવિજ્ઞાનીઓનાં સંશોધનો મુજબ વાર્તા આધારિત શિક્ષણ બાળકની સ્મૃતિ, ભાષા અને કલ્પનાશક્તિ પર સીધી અસર કરે છે.

જેન પિયાજેએ કહ્યું છે કે, 'બાળક જ્ઞાન પોતાના અનુભવથી સર્જે છે. વાર્તા એ અનુભવનું માધ્યમ છે.' વિગોત્સ્કી કહે છે કે, 'કલ્પનાશક્તિ સામાજિક સંવાદ દ્વારા વિકસે છે. વાર્તા એ ઉત્તમ સામાજિક સંવાદ છે.' બ્રુનર કહે છે કે, 'વાર્તા શિક્ષણને અર્થપૂર્ણ બનાવે છે.' વાર્તા એ બાળમાનસ માટે કલ્પનાની પાંખ છે. વાર્તા દ્વારા બાળક અજ્ઞાત દુનિયા સુધી જઈ શકે છે, પાત્રો સાથે જીવંત અનુભવ કરી શકે છે અને પોતાનું સર્જનાત્મક વ્યક્તિત્વ વિકસાવી શકે છે. શિક્ષણમાં વાર્તાને સ્થાન આપવું એટલે માત્ર મનોરંજન પૂરું પાડવું નહીં, પરંતુ બાળકના ભવિષ્ય માટે સર્જનાત્મક, વિચારોમાં સમૃદ્ધ અને આત્મવિશ્વાસી વ્યક્તિત્વ ઘડવું છે.

# આજના યુગમાં વાર્તાકથનની પ્રાસંગિકતા



- ડૉ. ઉષા એસ. શારડા
મો. ૯૮૨૪૦૭૯૪૦૩
એસો. પ્રોફેસર એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન આણંદ.

માનવજીવનના ભૂતકાળની ઘટનાઓને વર્ણવતી વાર્તા-ધર્મ, અર્થ કે મનોરંજન માટે મહત્ત્વની બની છે. પ્રાચીન સમયથી જ વાર્તાઓ માનવજાત માટે સમજણ, શિક્ષણ, સંસ્કૃતિના વારસાનું સંવર્ધન અને નૈતિક મૂલ્યો માટે ઉપયોગી રહી છે.

**વાર્તાકથન :**

વાર્તાકથન એ એક કળા છે, જેમાં કોઈ ભાવ, કલ્પના, વિચાર કે બોધને લયબદ્ધ રીતે ચહેરાના હાવભાવ અને શારીરિક ગતિવિધિઓ અંગો  દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. જેમાં અવાજ વૈવિધ્ય અને હાવભાવ અર્થપૂર્ણ હોય છે. વાર્તાકથન મૌખિક વર્ણન, સંગીત અને નૃત્યના સુભગ સમન્વયથી કહેવામાં આવે તો વાર્તા માનવ અસ્તિત્વનો અર્થ ઉપજાવી શકે છે. એમ કહેવાય છે કે નવી પેઢીનાં યુવાનો અને યુવતીઓમાં વધુ સમય સુધી કંઈ પણ સાંભળવાની ધીરજ નથી.પરિણામે માઇક્રો વાર્તાની ડિમાન્ડ વધી છે. માઈક્રો વાર્તાની બોલબાલા વધતાં ટીવી કે ફિલ્મોમાં પોતાની ઓળખ ઊભી કરવા ઇચ્છતા કલાકારો માટે સોશિયલ મીડિયા મહત્ત્વનો પુરવાર થઈ રહ્યું છે. માઇક્રો વાર્તાનો મોટો લાભ એ  છે કે તેના માટે વધુ સમયની ન તો બોલનારની જરૂર રહે છે ન સાંભળનારને જરૂરત રહે છે.ઓછા સમયમાં ઘણું બધું કહી શકાય. એક, બે કે  ચાર મિનિટની અવધિ ધરાવતી વાર્તા, વાર્તાની દુનિયામાં ધૂમ મચાવી રહી છે.

**વિશ્વ વાર્તાકથન દિવસ :**

મોબાઇલના વધુ પડતા ઉપયોગના કારણે લુપ્ત થતી વાર્તા સંસ્કૃતિને જીવંત રાખવા માટે વિશ્વ વાર્તાકથન દિવસ દર વર્ષે 20 માર્ચના રોજ ઊજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ વાર્તાકથનની કળાને પ્રોત્સાહન આપવાનો અને તેના દ્વારા જીવન ઘડતર અને પર્યાવરણ મહત્ત્વ-સંરક્ષણ કરવાનો છે.

**સાંપ્રત સમયમાં વાર્તાકથનની અગત્ય :**

1. **બાળકોના ઘડતર માટે વાર્તા :** પ્રવર્તમાનમાં વિદ્યાર્થીની સત્ત્વમૂલક પ્રતિકારશક્તિ માણસની પૂંછડીની જેમ લુપ્ત થઈ રહી છે. વિદ્યાર્થીઓ માટે સમયની કદર, આત્મવિશ્લેષણ, સાધના અને ધૈર્ય, ઇંદ્રિય સંયમ, સમર્પણ અને કરુણા જેવી બાબતો પર દેશના મહાનુભાવોનું જીવન પ્રેરણારૂપ છે. ટીવી, મોબાઈલ અને આઇ-પેડના યુગમાં બાળકની જિજ્ઞાસાવૃત્તિ જગાડવવા નાનપણથી જ ભગતસિંહ, ગાંધીજી, સરદાર-સાહેબ, લાલબહાદુર શાસ્ત્રીના બાળપણની બાબતો વાર્તારૂપે રજૂ કરીએ, જેથી તેમને પ્રેરણા મળે. નીડરતાના ગુણો ખીલે. તેમના જીવનની વાતો વાર્તા પઠન દ્વારા કરાવીએ, તો તેમની બોલવાની અને લખવાની આવડતમાં વધારો થશે. ઝેન ઝી અને જનરેશન આલ્ફા પછી હવે Generation Beta  પેઢીમાં પણ બાળકને ઉત્તમ મનુષ્ય તરીકે ઘડવાનો એક જ ઉપાય છે કે એને વધુમાં વધુ વાર્તા કહો. વાર્તાકથન વિદ્યાર્થીઓની ભાષા અભિવ્યક્તિ, શબ્દભંડાર અને શ્રવણ-કૌશલ્યનો વિકાસ કરે છે.

2. **કલ્પનાશકિત અને સર્જનાત્મકતા વિકસાવવા વાર્તા :** શિક્ષણનું મહત્ત્વનું કામ બાળકને કલ્પનાશીલ બનાવીને વિચારતા કરવાનું અને નવા સ્ટાર્ટ-અપ માટે તૈયાર કરવાનું છે બધું જ જ્ઞાન વૈધિક શિક્ષણમાં આપી ન શકાય. સમય બહુ ઓછો પડે છે તેના પૂરક રૂપે બાળકને વાર્તા દ્વારા શિક્ષણ આપવું જોઈએ. વાર્તા સાંભળવાથી

વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ વિકસે છે અને તેઓ સર્જનાત્મક વિચાર માટે પ્રેરાય છે. વાર્તારૂપી બારીથી બાળક વિશાળ અને વિરાટ જગતનો પરિચય મેળવશે. વાર્તા સાંભળીને વિદ્યાર્થી નવી સંભાવનાઓ અંગે વિચારી શકે છે અને પોતાની મતપ્રકાશન ક્ષમતા વિકસાવે છે.

3. **નૈતિકતા અને મૂલ્યોનું સંવર્ધન :** જીવનમાં સત્ય એટલે નીતિ, વિચારમાં શિવમ્ એટલે કે કલ્યાણની ભાવના આવે, તો જ જીવન સુંદર થાય, એવી એક આપણી મૂળ ભારતીય સંસ્કૃતિ રહી છે. દંભ, દેખાડો, ઈર્ષા, નિંદા, આગ્રહ, અપેક્ષા, એવા એટલા બધાં દૂષણો પ્રવેશી ગયાં છે કે, ખરેખર સાચા સંબંધો હવે જોવા મળતા નથી. ફલાણાને આટલાં લાઈક મળ્યા મને એક પણ નહીં, એવી ઈર્ષા થવાની પણ સંભાવના વધી જાય છે. સંતાનમાં શિસ્ત, ઈમાનદારી, પરિષ્કાર અને સભ્યતા ઘટી રહી છે. માતા-પિતાઓ પણ મૂલ્ય શિક્ષણ માટે ચિંતિત છે. પંચતંત્રની વાર્તામાં રહેલાં પાત્રો અને ઘટનાઓ દ્વારા વિદ્યાર્થીઓને સદાચાર, આદર્શો અને નૈતિક મૂલ્યોની સમજણ આપી શકાય છે.

4. **સમસ્યા ઉકેલવાની ક્ષમતા :** પરીક્ષા સમયે માત્ર પંખીની આંખ-અર્જુનની, નચિકેતા, ભક્ત પ્રહ્લાદ અને એકલવ્યની વાર્તામાં રજૂ થયેલી પરિસ્થિતિઓ વિદ્યાર્થીઓને સમસ્યા ઉકેલવા માટે વિચારવા પ્રેરિત કરે છે. વાર્તાઓ દ્વારા સમાજમાં રહેલી પરિસ્થિતિઓ અંગે જ્ઞાન મળે છે અને સહાનુભૂતિ વિકસે છે.

5. **આનંદમય અભ્યાસ :** વાર્તા દ્વારા અભ્યાસક્રમને રસપ્રદ અને આનંદમય બનાવવામાં આવે છે, જેના કારણે શિક્ષણમાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી વધે છે. વાર્તા ધ્યાનપૂર્વક સાંભળવાથી વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત થવાનું કૌશલ્ય મજબૂત બને છે.

6. **સહાનુભૂતિ અને સંવેદનશીલતા :** જો વ્યક્તિને શાંતિ જોઈતી હોય, તો પહેલા વ્યક્તિએ ઈચ્છાને શાંત કરવી કારણ કે ઈચ્છા એવી વસ્તુ છે કે જો તે પૂર્ણ ન થાય તો ક્રોધ વધે છે અને જો તે પૂર્ણ થાય તો લોભ વધે છે. આજના યુગમાં જ્યાં આતંકવાદ, યુદ્ધ અને જાતીય હિંસા વધી રહી છે. મહાત્મા ગાંધીજીની અહિંસા દ્વારા આઝાદી-શાંતિનો સંદેશ સંપૂર્ણ વિશ્વ માટે આશાજનક છે. યુએનથી લઈને સ્થાનિક સામાજિક સંગઠનો "જીવો અને જીવવા દો" ને શાંતિ સ્થાપનાનું સાધન માને છે. આઝાદી માટે શહીદ થનારાં પાત્રોની ગાથા સાથે વિદ્યાર્થી ભાવનાત્મક રીતે જોડાય છે, જેના કારણે સંવેદનશીલતા વિકસે છે.

7. **વાતાવરણ અને પર્યાવરણ જતન :** વર્તમાનમાં પર્યાવરણ દૂષિત થઈ રહ્યું છે ત્યારે દરેક જીવમાં આત્માનું દર્શન કરીને વૃક્ષો, નદીઓ અને પ્રાણીઓની સંભાળ રાખવી જરૂરી છે. શૈક્ષણિક સંસ્થાઓએ પોતાના વિદ્યાર્થીઓમાં માત્ર શૈક્ષણિક જ્ઞાન જ નહીં, પણ નૈતિક મૂલ્યો અને સામાજિક જવાબદારીની ભાવના પણ વિકસાવવાની છે. પોતાના વિશિષ્ટ દિવસે શિક્ષકો/વિદ્યાર્થીઓ શાળાના પરિસરમાં "હરિતઘર", "પાણીનો બચાવ",પ્લાસ્ટિકથી બચાવ અંગેની વાર્તા, તુલસીના છોડને પાણી પાવવાની અને પીપળાને વાવવાની ધાર્મિક કથા,રામાયણમાં સેતુ બંધ સમયની ખિસકોલીની વાર્તા વગેરે દ્વારા પર્યાવરણ જતન અને પ્રકૃતિપ્રેમનો સંદેશ આપી શકે.આ પ્રયોગ માત્ર સંસ્થાની ચાર દીવાલ સુધી મર્યાદિત ન રહેતાં સમગ્ર સમાજ માટે પ્રેરણાસ્રોત બની શકે છે. વાર્તા દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા, આરોગ્ય અને સામાજિક મૂલ્યો પ્રત્યે જાગૃતિ ફેલાય છે. તેથી વિદ્યાર્થીઓ માત્ર અભ્યાસમાં જ નહીં, પણ સમાજ માટે પણ જવાબદાર નાગરિક બનશે.

8. **જીવનકૌશલ્યોનું શિક્ષણ :** વાર્તાઓ વિદ્યાર્થીઓને જીવનની સમસ્યાઓનો સામનો કરવો, યોગ્ય નિર્ણયો લેવા અને આત્મવિશ્વાસ વધારવામાં સહાય કરે છે. વાર્તાકથન શિક્ષણમાં ભાષા વિકાસ, મૂલ્ય શિક્ષણ, સર્જનાત્મકતા, સામાજિક જાગૃતિ અને જીવનકૌશલ્યોના વિકાસ માટે અત્યંત અસરકારક સાધન છે.

9. **આધ્યાત્મિક સંતુલન અને માનસિક આરોગ્ય :** જો વ્યક્તિના વિચારો અને તેની વિચારસરણી "સંકુચિત" થઈ જાય તો એક સરળ અને સુંદર જીવન પણ યુદ્ધ બની જાય. જે કાર્ય કરવાથી સ્વયંને અને બધા જીવોને લાભ થાય તે જ સાચી પૂજા છે, બાકીનું બધું ફક્ત એક વિકલ્પ છે. કાયમી સુખ ત્યાગમાં છુપાયેલું છે, જ્યારે ભોગવટાથી મળતું સુખ ક્ષણિક છે.આધુનિક યુગમાં માણસ મટીરિયલિસ્ટિક બની ગયો છે. અસંતોષ, નિરાશા, ડિપ્રેશન જેવી માનસિક બીમારીઓ વધી રહી છે .જીવનમાં શું કરવું, શું ન કરવું,જીવન કેવી રીતે જીવવું તે અંગે રામાયણ, ગીતા, સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી બૌદ્ધ, જૈનની ધર્મની વિવિધ કથાથી આધ્યાત્મિક શાંતિ અને આંતરિક સંતુલન પ્રાપ્ત થઈ શકે છે.

10. **વાર્તા દ્વારા મહિલા સશક્તીકરણ :** મૈત્રેયી,ગાર્ગી કર્માવતી, ફૂલીબાઈ, દ્રૌપદી, મીરાંબાઈની જીવનવાર્તા દરેક દીકરીને "કરોડપતિ દીદી" નહિ પણ શિક્ષિત દીદી,આત્મનિર્ભર નારી બનાવવા માટે ઉપયોગી થશે. વિવિધ ક્ષેત્રે પ્રવર્તમાન સમયમાં અગ્રેસર મહિલાઓની વાર્તાઓ ઘરેલુ હિંસા, દેહવ્યાપાર, ભ્રૂણ હત્યા જેવી સામાજિક બુરાઈઓને સંપૂર્ણપણે નાબૂદ કરવાના પ્રયત્નો કરી શકાય .

11. **વાર્તા દ્વારા વૈજ્ઞાનિક વિચારધારા :** ભારતમાં થઈ રહેલા મોટા ફેરફારો, નવીનતાઓ અને વિકાસના ક્રોસરોડ્સ પર આપણે ઊભા છીએ. પ્રાચીન કાળમાં વિશ્વનું શૈક્ષણિક હબ બનવાથી લઈને આજે વિશ્વનું આઈટી હબ બનવા સુધી, ભારતીય લેન્ડસ્કેપ ઘણો આગળ વધી ગયો છે. ભારતની પેટન્ટ ફાઈલિંગમાં વધારો બદલાતી સંશોધન સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. જળવાયુ પરિવર્તન, અર્થવ્યવસ્થાની અસમાનતા અને વૈશ્વિકીકરણ જેવા ગંભીર સંકટ છતાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. ડૉ . જગદીશચંદ્ર બાસુ, સી. વી. રામન, ડૉ. હોમી જહાંગીર ભાભા, ડૉ. વિક્રમ સારાભાઈ, અબ્દુલ કલામસાહેબના વૈજ્ઞાનિક વિચારો-શોધોનાં બીજ વાર્તા દ્વારા આપણા બધામાં સાચા અર્થમાં અંકુરિત થશે ત્યારે ભારત વિશ્વગુરુ બની ગયો હશે.

અંતે... રાષ્ટ્ર અને વિશ્વ માટે દીવાદાંડી, ગૌરવશાળી વેદ, ઉપનિષદ,કથાના વારસા પર ગર્વ કરતો ભારત વારસાના વિઝન પર ન માત્ર પોતાના દેશમાં આગળ વધી રહ્યું છે બલ્કે વિશ્વ સમક્ષ તેને મૂકી પણ રહ્યું છે. આજે જ્યારે વ્યક્તિ બહારથી આગળ વધી રહી છે, પણ અંદરથી ખાલીપો અનુભવે છે, ત્યારે ઈન્ટરનેટ સંસ્કૃતિ તથા વાર્તા વચ્ચે સમન્વય અને સંતુલન રાખવાનું છે. વાર્તા આઉટ ઓફ બોક્સ વિચારણા માટે વ્યક્તિના મિત્ર, માર્ગદર્શક બની તેનો કંટાળો અને એકલતા દૂર કરે છે. ટૂંકમાં જીવન હવે નવા પ્રયોગને ઝંખી રહ્યું છે, તો કોઈ પણ રીતે જાગીને જીવનને એક નવી દિશા તરફ લઈ જવું રહ્યું. વાર્તામાંનો કોઈ એક બોધ ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ જાય એવું પણ બને. જીવન ઘડતરને ખરી દિશા આપવામાં વાર્તા કથન પ્રવૃત્તિઓ, શૈક્ષણિક સંસ્થા, પરિવાર અને સમાજ તથા સરકાર દ્વારા કરી શકાય તેવા પ્રયાસોની તાતી જરૂરિયાત છે.

# પ્રવર્તમાન સમયમાં બાળવાર્તાના પડકારો અને ભાવિ



- હસમુખ બોરાણિયા
મો. ૯૯૭૯૨૩૭૨૫૯
નિવૃત્ત પ્રિન્સીપાલ, બાળસાહિત્યકાર

પ્રવર્તમાન સમયમાં બાળવાર્તાના પડકારો અને ભાવિ આ લેખની શરૂઆત આપણા પીઢ બાળ-સાહિત્યકાર રમણલાલ સોનીએ લખેલ નોંધથી કરવી છે. 'બાળસાહિત્યના લેખકોને' એમ ઉદ્દેશીને લખાયેલું લખાણ બાલોપનિષદમાંથી સાભાર આ મુજબ છેઃ ''હું માત્ર બાળલેખક છું – બાળ પણ ખરો અને બાળસાહિત્યનો લેખક પણ ખરો. મારે મન એ ઘણી મોટી પદવી છે.

શિશુ માનસને સમજવામાં મને અમદાવાદના એક બાળમંદિરના શિક્ષક બનવાનો અનુભવ બહુ કામ લાગ્યો છે. મારી કહેલી વાર્તા બાળકો પોતાની મેળે ભજવતા, ત્યારે મેં જોયું કે વાર્તામાંના સંવાદો મેં જેવા કહેલા તેવા જ બાળકો બોલતા. આમાંથી ભાષા – શિક્ષણ માટે વાર્તાનું માધ્યમ કેટલું જોરદાર છે તેની મને પ્રતીતિ થઈ. વાર્તા છીછરા મનોરંજનના સ્તરે ઊતરી જાય અથવા તો કોઈ ખોડખાંપણ કે ખાસિયતની ચેષ્ટાઓ દ્વારા હાસ્ય નિષ્પન્ન કરાય તેમાં કેટલું જોખમ છે, તેનો ખ્યાલ મને આવ્યો. વાર્તા દ્વારા કહેવા ધાર્યું હોય કંઈક અને બાળકો ગ્રહણ કરે કંઈક બીજું જ, એવું પણ જોયું. આ બધાને પરિણામે એક વાત મનમાં નિશ્ચિત થઈ કે વાર્તામાં બાળકોને ભાષાજ્ઞાન આપવા ઉપરાંત મૂલ્યોનું જ્ઞાન આપવાની અદ્ભુત શક્તિ છે . બાળસાહિત્યના લેખકે એ શક્તિનો કોઈ કાળે ઉપેક્ષા કરવી પાલવે નહીં.

ઈસપની એક વાર્તા બહુ જ જાણીતી વાર્તા છે - શિયાળ કાગડાના ખોટા વખાણ કરીને તેના મોંમાંથી પૂરી પડાવી લે છે. મારે મોઢે આ વાર્તા સાંભળી એક બાળકી બોલી ઊઠીઃ 'જટ્ઠો જીતી ગયો!' હું ચોંક્યો. મેં તરત વાર્તાની પૂરવણી કરી કહ્યુંઃ એક ડાઘિયો કૂતરો સૂતો સૂતો આ જોતો હતો. શિયાળ પૂરી લેવા દોડ્યો કે ડાઘિયો એની પાછળ પડ્યો. શિયાળ પૂરી મેલીને ભાગ્યો. દરમિયાન એક ગાય ચરતી ચરતી આવીને પૂરી ખાઈ ગઈ. આમ શિયાળની યુક્તિ ફળી નહીં, એ જાણી બાળકો ખુશ થઈ તાળી પાડી ઊઠયાં. બાળ- મન પણ મૂલ્યોનું મૂલ્ય સમજતું થાય એ બાળસાહિત્યકારે જોવાનું છે.

બાળસાહિત્યના લેખનમાં લેખકે ખૂબ સાવધ રહેવાનું હોય છે. આ અઘરી વિદ્યા છે. બાળકના સમસ્ત અંતઃ શરીરમાં પ્રવેશવાની આ વિદ્યા છે. કવિ શ્રી ઉમાશંકર જોશી સાચું જ કહે છે કે ''એક મોટી નવલકથા જેટલી સહેલાઈથી લખી શકાય છે એટલે એટલી સહેલાઈથી બાળકો માટે એક ઉત્તમ વાર્તા લખી શકાતી નથી!''

આટલી વાતમાં સમજાયું કે બાળવાર્તામાં પડકારો છે. આપણે બાળવાર્તા સામે પડકારો અને ભાવિ વિશે વિચારીએ તોઃ

(1) વિષયવસ્તુનો પડકાર
(2) કથાવસ્તુનો પડકાર
(3) ભાષા – શૈલી પડકાર
(4) અંગ્રેજી ભાષાનો પડકાર
(5) પ્રકાશનનો પડકાર
(6) વિવેચનનો પડકાર
(7) વાંચનનો પડકાર

સૌ પ્રથમ બાળવાર્તા સામે કથાવસ્તુના પડકારો અને વિષયવસ્તુ અંગે વિચારીએ તોઃ પીઢ બાળસાહિત્યકાર યશવન્ત મહેતા નોંધે છે 'કોઈ પણ કૃતિ માટે કથાવસ્તુ પ્રાણરૂપ હોય છે. મૂળે જે પ્રાણ હોય એની આસપાસ જ હાડ, માંસ, રુધિર, ચેતાતંત્ર વિકસે અને દેહ બને છે તેમ, સાહિત્યની કોઈ પણ કૃતિ માટે એનું કથાવસ્તુ પ્રાણરૂપ છે. એ જ આધાર છે, એ જ પાયો છે, જેના પર કૃતિની આખી ઈમારત ખડી કરાય છે.'

માટે, બાળવાર્તા લેખન માટે કથાવસ્તુ અગત્યની બાબત છે. આપણે એવું વિચારીએ છીએ કે બાળવાર્તામાં પશુ, પંખીઓની વાત આવે તો જ બાળકોને ગમશે અથવા તો એક માન્યતા પ્રવર્તે છે કે બાળવાર્તામાં પશુ -પંખીઓની વાત આવવી જ જોઈએ. અલબત્ત, બાળકોને એ ગમે છે એ વાત ખરી. પરંતુ હવે તાર્કિક, વૈજ્ઞાનિક વિચારસરણી અપનાવવી પડશે. બાળવાર્તામાં મારામારી, અંધશ્રદ્ધા, લડાઈ, હત્યા, હિંસા, ચોરી, આત્મહત્યા, અકસ્માત, મિથ્યા તરંગો વગેરે બાબતો ટાળવી જોઈએ. બાળવાર્તામાં અંત એક પડકાર છે. બાલવાર્તાનો અંત સુખદ જ હોવો જોઈએ. આજે અમુક સર્જક મિત્રો બાળવાર્તાનાં અંતમાં બોધ લખે છે. જે ટાળવું જોઈએ. આપણે બાળકોનો બોધ આપવા વાર્તા લખીએ છીએ? ના , બોધ આપવાનું કામ સર્જકનું નથી જ નથી.

હું મારી બાલવાર્તાઓ વિશે વાત કરું તો મેં નક્કી કર્યું - પશુ, પંખીઓ વિનાની બાળવાર્તા લખવી. મને અઢળક વિષયો મળ્યા. મેં મમરા, બગાસું, પેન, ઢીંગલીઓ, દડા, બંડી, ઠંડી, દરિયો વગેરે વિષયો પર બાલવાર્તાઓ લખી. આશ્ચર્ય વચ્ચે બધાને ખૂબ પસંદ પડી. હાલમાં ઘણા બાળસાહિત્યકાર મિત્રો આ પ્રકારે લખે છે.

બાળસાહિત્યકાર મોહનલાલ શં. પટેલની વાત યાદ આવે છે. તેઓ કહેતા કે 'પશુ-પંખીઓ પરત્વે બાળકોને મનમાં પૂર્વગ્રહ બંધાય તે પ્રકારનું બાળસાહિત્ય બાળકો માટે હિતકારક નથી. શિયાળ ચતુર હોય, કાગડો લુચ્ચો હોય, ગધેડો મૂર્ખ હોય - એ પ્રકારની માન્યતાઓ બાળકોના મનમાં રૂઢ થઈ જાય એવું ન થવું જોઈએ. સમગ્ર જીવસૃષ્ટિ સાથે બાળકોને આત્મીયતા બંધાય એ જરૂરી છે.'

આગળ વિચારીએ તો ત્રીજા પડકારમાં બાળવાર્તામાં ભાષા - શૈલીના પડકારો પણ છે. બાળવાર્તાની ભાષા બાળભોગ્ય હોવી જોઈએ. વાક્યો ટૂંકાં અને સરળ ભાષા હોય, રમતિયાળ, રસાળ શૈલીમાં રજૂ કરવામાં આવી હોય, બાળકોની બુદ્ધિકક્ષા અનુરૂપ, બાળકોના ભાવવિશ્વ નિરૂપણ કરતી હોય, બાળવાર્તા લખતી વખતે બાળકોની ઉંમરનો પણ ખ્યાલ રાખવો જોઈએ. અત્યારના સંજોગોમાં અંગ્રેજી ભાષાના શબ્દો, જે ગુજરાતી ભાષામાં રૂઢ થઈ ગયા છે તેનો ઉપયોગ થવો જોઈએ. સાવ ભદ્રંભદ્ર ના હોવું જોઈએ. હા, જેના પર્યાય શબ્દો મળે ત્યાં ગુજરાતી શબ્દો લખવા જોઈએ, પણ કોઈ ભાષા પ્રત્યે સૂગ ના હોવી જોઈએ. અત્યારે જોવા મળે છે કે આપણાં વર્તમાનપત્રો શનિવારે બાળસાહિત્ય પૂર્તિ પ્રગટ કરે છે, જેમાં હવે અંગ્રેજી આવૃત્તિ પણ શરૂ થઈ છે. જે માતૃભાષા ગુજરાતીમાં લખતા લેખકો માટે પડકાર છે. અંગ્રેજી આક્રમણ પણ એક પડકાર છે. અંગ્રેજી ભાષાની બોલબાલા છે. આવું કેમ થયું? જાગૃતિની જરૂર છે.

વળી, બાળવાર્તામાં જોડકણાં અનિવાર્ય છે. જોડકણાં બાળવાર્તામાં પ્રાણ પૂરે છે. એ દ્વારા બાળવાર્તા લય, તાલ મેળવે છે. બાળકોને પ્રિય બને છે. બાલવાર્તાઓ જોડકણાંથી વધુ શોભે. અલબત, પરાણે જોડકણાં ઘુસાડવા નહીં, શક્ય હોય ત્યાં લખી શકાય. બાળકોને આનંદ મળે. અંતે તો બાળસાહિત્યનો ઉદ્દેશ બાળકોને આનંદ આપવાનો છે ને? એટલે અભિવ્યક્તિનો પડકાર પણ છે.

સાંપ્રત સમયમાં વાંચન ઘટ્યું છે. મોબાઇલનો ઉપયોગ વધ્યો છે ત્યારે, દૃશ્ય શ્રાવ્ય સાધનો વધ્યાં છે ત્યારે, બાળકોને શિક્ષકો, વાલીઓ દ્વારા બાળવાર્તા કથન થવું જોઈએ.

બાળસાહિત્યનું વિવેચન જોઈએ તેટલું થતું નથી. આમાં બાળવાર્તા પણ સામેલ ગણાય જ. મુ. શ્રી યશવન્ત મહેતા નોંધે છે : બાળસાહિત્યમાં સાચા - સારા વિવેચકો નથી. કડક વિવેચકો ન હોય તો ભાષાનું ભવિષ્ય નથી. બે - પાંચ નિષ્ણાત, સંનિષ્ઠ વિવેચકો આપો.'

બાળકોમાં વાંચન વધે તેવા પ્રયત્નો થવા જોઈએ. ટી. વી. , મોબાઇલમાં સાંભળેલી કે જોયેલી વાર્તા કરતાં સાંભળેલી વાર્તા અસરકારક છે. મોઢામોઢ કહેવાતી બાળવાર્તાની તોલે કોઈ ન આવી શકે, કારણ કહેનાર અને સંભાળનાર વચ્ચે આત્મીયતા બંધાય છે. ગુજરાત સરકારશ્રી દ્વારા 'વાંચે ગુજરાત' અંતર્ગત સારું પરિણામ મળ્યું હતું. આજે અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા વાંચન યજ્ઞ, પુસ્તક પરબ યોજાય છે, જે થકી બાળસાહિત્યને પણ

બળ મળે છે. આમ, વાંચન વ્યાપ વધે, પ્રસાર-પ્રચાર થાય તે જરૂરી છે.

ખાસ અગત્યની વાત એ છે કે બાળવાર્તાને પ્રકાશનના પડકારો પણ છે. એક સમય હતો કે બાળસાહિત્યનાં થોકબંધ મૅગેઝિનો પ્રગટ થતાં હતાં. અત્યારે આંગળીના વેઢે ગણી શકાય તેટલાં મૅગેઝિનો પ્રગટ થાય છે. વર્તમાનપત્રોમાં બાળસાહિત્ય પ્રગટ થાય છે. જેમાં ગુણવત્તાના પ્રશ્નો છે. જે અલગ બાબત છે. બાળવાર્તા પુસ્તક ઓછી કિંમતનું હોવું જોઈએ, રંગીન અને ચિત્રો સાથે બનાવે તો પ્રિન્ટિંગ ખર્ચ વધી જાય છે. પ્રગટ થયાં પછી વેચાણનો પ્રશ્ન છે. અલબત્ત, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર પુસ્તક પ્રકાશન માટે પ્રોત્સાહન આપે છે. બાળસાહિત્યમાં પાંચ પુસ્તકો સુધી સહાય મળી શકે છે. સામે બાળસાહિત્યકારોને પુરસ્કાર મળવો જોઈએ તે મળતો નથી. જે મળે છે તે રકમ ઓછી છે.

પીઢ બાળસાહિત્યકાર ઈશ્વર પરમાર બાળવાર્તાની અગત્ય વિવિધ દૃષ્ટિકોણથી પ્રસ્તુત કરતા લખે છે : 'બાળવાર્તા બાળક માટે આનંદનું ઝરણું.' આ ઝરણું ખળખળ વહેતું રહે તે જોવાનો પડકાર છે.

આમ, સમગ્ર રીતે જોઈએ તો, અનેક પડકારો છતાં ચિત્ર સારું છે. એના વિશે વાત કરતાં આનંદ થાય છે. અત્યારે બાળવાર્તાનાં પોંખણાં થઈ રહ્યાં છે, લેખકો પ્રયોગશીલ બાલવાર્તાઓ લખી રહ્યા છે. લેખકોને અનેક પુરસ્કારો, ઍવૉર્ડ, પારિતોષિકો મળી રહ્યાં છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા ભારતીય ભાષાઓમાં બાળસાહિત્યને ₹50,000 જેટલી રકમ દ્વારા સર્જકને સન્માન મળે છે. ગુજરાત સરકારશ્રીની ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દર વર્ષે ઍવૉર્ડ આપી સાહિત્યકારોને સન્માનિત કરે છે, જેમાં બાળસાહિત્ય સમાવિષ્ટ છે. સારી રકમ પુરસ્કારરૂપે મળે છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા બાલવાર્તાઓનો પાઠ્યપુસ્તકોમાં સમાવેશ થઈ રહ્યો છે. પા. પુ.મંડળ 'બાલસૃષ્ટિ' સામાયિક પ્રગટ કરે છે.

બાળસાહિત્ય અકાદમી, અમદાવાદ દર વર્ષે અધિવેશન યોજી બાળસાહિત્યનાં વિવિધ સ્વરૂપો અંગે ચિંતા - ચિંતન કરે છે. જેમાં ગુજરાતભરના બાળસાહિત્યકારો સારી સંખ્યામા હાજરી આપે છે, બાળસાહિત્ય અકાદમી દર બે વર્ષે બાળસાહિત્યના વિવિધ પુરસ્કારો પણ આપે છે. જેમાં આઠ જેટલા પુરસ્કારમાંથી બે પુરસ્કાર બાળવાર્તા માટે છે. લેખિકા પુરસ્કાર પણ બાળસાહિત્ય અકાદમી આપે છે, જેમાં પણ રોકડ પુરસ્કાર મળે છે.

'બાલવાટિકા' મૅગેઝિન, અમરેલી દ્વારા ભારતીબેન બોરડ પાંચ વર્ષથી 'બાળવાર્તા લેખન સ્પર્ધા' યોજી બાળવાર્તાને પ્રોત્સાહન આપે છે. આ સ્પર્ધામાં ગુજરાતભરના અંદાજે સોએક સર્જકો ભાગ લે છે.

શ્રી અક્ષર એજ્યુકેશન ચૅરિટેબલ ટ્રસ્ટ તથા બાલવિચાર પરિવાર દ્વારા દર બે વર્ષે અંજુ - નરશી પારિતોષિક એનાયત કરવામાં આવે છે, જેમાં બાળસાહિત્યનાં પુસ્તકોને પારિતોષિક મળે છે. જે પુરસ્કાર ₹ 21,000 થી શરૂ થાય છે. શ્રી નવનીત મોદી (ત્રિપદા હેલ્થકેર પ્રા. લિ.) પ્રેરિત ત્રિપદા ફાઉન્ડેશન અને અસાઈત સાહિત્ય સભા, ઊંઝા ઉપક્રમે સર્જન -પુરસ્કાર વિવિધ સાહિત્ય પ્રકારોમાં આપવામાં આવે છે. જેમાં બાળવાર્તાનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. ગુજરાતી સાહિત્ય પરિષદ બાળસાહિત્યમાં પારિતોષિક આપે છે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર 'બાળવિશ્વ'ના વિશેષાંક દ્વારા બાળવાર્તાને વેગ આપે છે અને બાળસાહિત્યનાં સંપાદિત પુસ્તકો પ્રકાશિત કરે છે, બાળવાર્તા કથન કાર્યક્રમો કરે છે, સમયાંતરે બાળવાર્તા લેખન સ્પર્ધા યોજે છે. માતૃભાષા અભિયાન અંતર્ગત દર પંદર દિવસે યોજાતી બાળસાહિત્ય શનિસભા, અમદાવાદમાં બાળસાહિત્યને પ્રોત્સાહન મળે છે. દર પંદર દિવસે બુધવારે શારદા મુદ્રણાલય, અમદાવાદ ખાતે મળતી શારદાસભામાં રજૂ થતાં બાળસાહિત્યને વેગ મળે છે. કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન, ગોધરા વિવિધ સાહિત્ય પ્રકારોમાં બાળસાહિત્યનો પુરસ્કાર પણ આપે છે. બાળસાહિત્યકારોનું સન્માન કરે છે.

# શુકસપ્તતિ વાર્તાસંગ્રહ : અવિરત જીવનયાત્રાનું મુકામ



- ડૉ. રાકેશકુમાર પટેલ
મો. ૯૪૦૮૬૪૦૯૩૦
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

નાનાં બાળકોને ગમતી વાર્તાઓ મનને મોહ પમાડનારી હોય છે. ઘટનાઓ અને ઘટમાળને વ્યક્ત કરતી વાર્તાઓ સદીઓથી માનવ માત્રની સેવા કરતી રહી છે. શું વાર્તાઓ માત્ર બાળકો માટેનો મનોવૈભવ છે? ના, બિલકુલ નહીં ! ચૉકલેટ કે શીરો માત્ર બાળકને ભાવતી વાનગી હોય એવું તો બને નહીં ને ! વાર્તા અને જીવન સિક્કાની બે બાજુઓ છે.

એકમાં કલ્પનામાં રહેલું જીવન પરખાય છે અને બીજામાં સત્યની પડખે ક્યાંક કલ્પનાજગત લહેરાતું હોય છે. વાર્તાનું મૂળ તત્ત્વ તો પેલું આચાર્ય ભરતે આપેલું 'રસ' નામનું તત્ત્વ છે. જેને આપણે સાહિત્યનો 'આત્મા' એવું કહીને સન્માન આપીએ છીએ.

વાસ્તવમાં 'વાર્તા' પ્રાચીન અને સર્વકાલીન પણ છે, પણ 'ટૂંકી વાર્તા' કે 'નવલિકા' એ અર્વાચીન અને આધુનિક, અન્ય સ્વરૂપોની અપેક્ષાએ મોડું કે પાછળથી ઉદ્ભવેલ ટૂંકું કથાત્મક સાહિત્યસ્વરૂપ છે. પણ આપણે તો વાત કરવી છે સંસ્કૃત સાહિત્યની 'શુકસપ્તતિ'ની. જેની શરૂઆત સરળ સંસ્કૃતમાં માણીએ.

अस्ति चन्द्रपुरं नाम नगरम्। तत्र विक्रमसेनो नाम राजा बभूव । तस्मिन्नगरे हरिदत्तो नाम श्रेष्ठी तस्य भार्या श्रृङ्गरसुन्दरीनाम्नी। तत्पुत्रो मदनाविनोदनामा बभूव। तस्य पत्नी प्रभावती । सा सोमदत्तश्रेष्ठिनः कन्या । સરળ સંસ્કૃતમાં કેવી ધારદાર અને રસસભર શરૂઆત છે.

**શુકસપ્તતિ અને અન્ય સંસ્કૃત વાર્તાઓનો સમય :**

શુકસપ્તતિ (જેનો અર્થ = 'પોપટની સિત્તેર વાર્તાઓ') એવો થાય છે. મૂળ સંસ્કૃતમાં રચાયેલી વાર્તાઓનો સંગ્રહ છે. જેનો સમય 12મી સદી કરતાં પહેલાનો મનાય છે. 14મી સદી પહેલાં જ તેનો ફારસી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો હતો. પ્રખ્યાત ફારસી કવિ નક્ષ્વીએ ઈ.સ. 1329-30 માં 'તુતી નમાહ' લખ્યું હતું, જેનો તુર્કીમાં અનુવાદ કરવામાં આવ્યો હતો અને પછી બીજી યુરોપિયન ભાષાઓમાં ગયો હતો.

રામાયણ અને મહાભારત આ બંને મહાકાવ્યો વાર્તા સાહિત્યના સૌથી મોટા સ્રોત છે. રામાયણ રામની જીવનકથા પર આધારિત છે, જ્યારે મહાભારતમાં પાંડવો-કૌરવોની મુખ્ય કથા સાથે સાથે હજારો ઉપકથાઓ અને બોધકથાઓનો સમાવેશ થાય છે, જેમકે શુક-શાબરી, નળ-દમયંતી, અને સાવિત્રી-સત્યવાનની કથાઓ વગેરે. કથા-સાહિત્યના યુગમાં વાર્તાઓએ સ્વતંત્ર સ્વરૂપ ધારણ કર્યું અને તેનો હેતુ મનોરંજન અને ઉપદેશ બંનેનો હતો.

**'શુકસપ્તતિ' વાર્તામાં રહેલું જીવન તત્ત્વ :**

શુકસપ્તતિમાં શુક (પોપટ) દ્વારા કહેવામાં આવેલી 70 વાર્તાઓનો સંગ્રહ છે, જેમાં એક ચતુર પોપટ તેની માલકણને માર્ગદર્શન આપતો જોવા મળે છે. શુકસપ્તતિ વાર્તાઓનો મુખ્ય વિષય સ્ત્રીની ચતુરાઈ અને તેની પોપટની અદ્ભુત વાર્તા કહેવાની કળા છે. આ વાર્તાઓનો હેતુ એક યુવાન સ્ત્રીને તેના પતિની ગેરહાજરીમાં કોઈ અનૈતિક કાર્ય કરતાં રોકવાનો છે. જેમ, એક પડમાંથી અનેક પડ નીકળતાં જાય એમ એક વાર્તામાંથી બીજી વાર્તા નીકળતી જાય. અને એમાં છુપાયેલો ગુપ્ત વાર્તાપ્રવાહ આપણને એની પાછળ ખેંચતો જાય.

'શુકસપ્તતિ'ની કથા એવી છે કે એક વેપારી તેની પત્નીને ઘરે મૂકીને વેપાર માટે વિદેશ જાય છે. તે તેની પત્નીની સંભાળ રાખવા માટે એક પોપટ અને એક મેનાને ઘરે રાખે છે. એક રાત્રે, વેપારીની પત્ની કોઈ બીજા પુરુષને મળવા જવાની તૈયારી કરે છે. તે સમયે, મેના તેને રોકવાનો પ્રયાસ કરે છે, પણ તે તેની વાત માનતી નથી અને ગુસ્સે થઈને મેનાને મારી નાખે છે.

મેનાનું મૃત્યુ જોઈને પોપટ સમજી જાય છે કે જો તે સીધી રીતે રોકશે તો તેનું પણ મૃત્યુ થશે. તેથી, તે યુક્તિનો ઉપયોગ કરે છે. જ્યારે પત્ની ઘરની બહાર જવા તૈયાર થાય છે, ત્યારે પોપટ તેને કહે છે, 'તમે અત્યારે જઈ શકો છો, પણ મારા કહેવા પ્રમાણે એક વાર્તા સાંભળીને જજો.' પોપટ દરરોજ રાત્રે એક વાર્તા કહે છે જેનો મુખ્ય વિષય સ્ત્રીની ચતુરાઈ, બુદ્ધિ અને કાર્ય કુશળતા દર્શાવે છે. તે વાર્તાઓમાં એવી સ્ત્રીઓની કથાઓ કહે છે જેમણે પોતાની બુદ્ધિથી મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર નીકળીને પોતાના પતિનું રક્ષણ કર્યું હોય અથવા કોઈ મુશ્કેલીનો સામનો કર્યો હોય. આ વાર્તાઓ સાંભળતી વખતે, પત્નીના મનમાં સંકોચ અને ચિંતા ઊભી થાય છે.

ઘટનાઓની તીવ્ર ગતિ અને પરિણામ એ પ્રાચીન વાર્તાઓમાં સહજ જોવા મળે છે. શુકસપ્તતિમાં પણ પાત્રો આપણી આસપાસની ઘટમાળને દર્શાવે છે. આ વાર્તાઓમાં સ્ત્રી- પુરુષના સંબંધોના આટાપાટા અદ્ભૂત રીતે દર્શાવ્યા છે. સ્ત્રી પાત્રો પતિને સમજાવતાં અને બુદ્ધિધન વહેંચતાં જોવા મળે છે. કેટલાંક પાત્રોના માધ્યમથી પોપટ સત્માર્ગનું માર્ગદર્શન કરે છે.

અયોગ્ય માર્ગે જતાં પાત્રોને પોપટ વાર્તાના માધ્યમથી યોગ્ય માર્ગે લઈ આવે છે. જેમકે, મદન નામનું એક યુવાપાત્ર ભોગવિલાસ અને દારૂના વ્યસનમાં લાગેલું રહે છે. પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન પણ કરે છે. તેની પત્નીનું નામ પ્રભાવતી છે. મદનના પિતા હરિદત્તના દુઃખને જોઈને એક બ્રાહ્મણ બુદ્ધિમાન પોપટને પીંજરામાં લઈને એની પાસે પહોંચે છે. અને કહે છે કે તમારા દુઃખોને આ પોપટ દૂર કરી દેશે.

પિતા પુત્રના સુધાર માટે તે પોપટ મદનને આપે છે. પછી પોપટ મદનને દેવશર્મા નામના બ્રાહ્મણની કથા કહે છે. તે બ્રાહ્મણ પુત્ર પણ પિતાનું કહેલું માનતો નહોતો. તેને દૈવી જ્ઞાન મેળવવાની ખૂબ ઉતાવળ હોવાથી પોતાના પુત્ર તરીકેના કર્તવ્યને ભૂલીને ઘર છોડીને નીકળી પડે છે. દેવશર્માએ વનમાં ઉગ્ર તપ કર્યું. ત્યારબાદ એકવાર તે તીર્થયાત્રા કરવા નીકળી પડે છે. ત્યારે એક બગલો તેના ઉપર ચરકે છે, દેવશર્માએ તેની સામે જોતાં જ તે બગલો મરી જાય છે. આગળ જતાં રાત્રિનિવાસ માટે તે એક બ્રાહ્મણને ત્યાં રોકાવા જાય છે, પરંતુ બગલાની હત્યા કરી છે, એવું જાણીને બ્રાહ્મણ પત્નીએ તેને નિવાસ માટે ના પાડી દીધી. આગળ જતાં દેવશર્મા વારાણસી પહોંચે છે. ત્યાં ધર્મવ્યાધને મળે છે અને તેને પણ નિવાસ માટે વિનંતી કરે છે. શાપિત બનેલો ધર્મવ્યાધ તેનું સ્વાગત કરીને ભોજન કરાવે છે. ત્યારે ધર્મવ્યાધને દેવશર્મા પૂછે કે તમે આવો સદ્વ્યવહાર કેવી રીતે કરી શક્યા. ત્યારે ધર્મવ્યાધ તેને ઉપદેશ આપે છે કે જે તમારું કર્તવ્ય હોય તેને કરો તે જ તમારે માટે યોગ્ય છે. એ જ સાચી ભક્તિ અને સફળ જીવનનું સૂત્ર છે. પુત્ર તરીકેનું કર્તવ્ય હોય કે નાગરિક તરીકેનું પણ તેનું અવશ્ય પાલન કરવું જોઈએ. આ વાત સાંભળી દેવશર્માને પોતાની ભૂલ સમજાઈ. તે પોતાના પરિવાર પાસે પહોંચી ઉત્તમ જીવન જીવવા લાગ્યો. ત્યારબાદ પોપટ મદનને સમજાવે છે કે તારે પણ તારાં માતા- પિતાની સેવા કરવી જોઈએ. અને ત્યાબાદ મદન તેના જીવનમાં સેવા કાર્યો કરતો કરતો આગળનું જીવન યોગ્ય રીતે પસાર કરે છે.

**શુકસપ્તતિની વાર્તાનો હેતુઃ**

આ 70 વાર્તાઓનો હેતુ સીધો ઉપદેશ આપવાનો નથી. તેના બદલે, પોપટ વાર્તાઓ દ્વારા પત્નીને તેના ખોટા નિર્ણયનાં સંભવિત પરિણામો વિશે વિચારવા મજબૂર કરે છે. દરેક વાર્તાના અંતે, પોપટ એક પ્રશ્ન પૂછે છે અથવા કોઈ કોયડો આપે છે, જેનો જવાબ શોધવામાં મદનની પત્નીની આખી રાત પસાર થઈ જાય છે. આમ, વાર્તાઓનો પ્રવાહ એટલો રોચક હોય છે કે સ્ત્રી દરરોજ રાત્રે સાંભળવા માટે રાહ જુએ છે અને તે કોઈ બીજા પુરુષને મળવા જવાનું ભૂલી જાય છે.

આમ, શુકસપ્તતિની વાર્તાઓનો વિષયમાં ચતુરાઈ, બુદ્ધિ, પતિવ્રતા ધર્મ અને માનવધર્મ મુખ્ય છે. આ ગ્રંથ દર્શાવે છે કે વાર્તાના માધ્યમથી ઉપદેશ આપવો એ કઈ રીતે સીધા ઉપદેશ કરતાં વધુ અસરકારક બની શકે છે.

# વાર્તા દ્વારા ભાષાશિક્ષણ

- દર્શનાબેન પી. માવદિયા
મો. ૯૮૨૫૮૧૮૨૬૬
શ્રી પે સેન્ટર કુમાર શાળા છાયા, તા.જિ. પોરબંદર

ભાષાના અધ્યયન કાર્યને સફળ બનાવવા માટે શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવાચન કરાવવું જોઈએ. મૂકવાચનનો મહાવરો ન હોય તો શિક્ષકે આદર્શવાચન પણ કરાવવું જોઈએ એમાં પણ એકમને વાર્તા સ્વરૂપે વાર્તા કથન દ્વારા આદર્શ નમૂનો પૂરો પાડી શકાય છે. પ્રાથમિક કક્ષાએ જે વિદ્યાર્થીઓને વાંચતાં ન આવડતું હોય, તે વિદ્યાર્થીઓની નજીક જઈ અથવા તો પાસે બોલાવીને શિક્ષકે કેવી રીતે વાંચવું જોઈએ, તે સંભળાવવું જોઈએ આમ વાર્તા કથન વિદ્યાર્થીના આદર્શ વાંચન અને મૂકવાચન માટે ખૂબ જ અસરકારક સાબિત થાય છે. શિક્ષકે વિદ્યાર્થી સમક્ષ એકમને વાર્તા સ્વરૂપે છટ્ટાથી, ભાવથી અને નિયમ પ્રમાણે વાંચન કરવું જોઈએ. મૂકવાચન માટે પણ અલગ અલગ બેસાડીને વાર્તાની પુસ્તિકા આપીને મનમાં વાંચે એમ પણ કરી શકાય.

**વાર્તા દ્વારા શ્રુતલેખન (ડિકટેશન) :**

શિક્ષકે ભાષાના અધ્યયન અને અધ્યાપન કાર્ય માટે શ્રુતલેખન જરૂરથી કરાવવું જોઈએ. આ શ્રુતલેખન સારી રીતે કરાવવા માટે પણ વાર્તાનું સ્વરૂપ જરૂરી બને છે.જે રીતે વાર્તા કહેતા હોઈએ એ જ રીતે શિક્ષકે બોલીને, અટકીને, બાળકો સામે જોઈને તથા વ્યવસ્થિત સાંભળીને વિદ્યાર્થીને શ્રુતલેખન કરાવી શકાય. વાર્તા સ્વરૂપે શિક્ષક કોઈ એક ફકરાનું શ્રુતલેખન કરાવે ત્યારે વિદ્યાર્થી કેવી રીતે લખે છે? કેવી રીતે સમજે છે? તે સમજવું માતૃભાષા માટે ખૂબ અગત્યનું છે. શ્રુતલેખન એ માતૃભાષાનું અગત્યનું અંગ છે. આમ વાર્તા દ્વારા પણ શ્રુતલેખન વ્યવસ્થિત કરાવી શકાય. ભાષાના વિકાસ માટે દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવું જરૂરી બને છે. બીજાના સારા અક્ષર જોઈને પોતે પણ સારા અક્ષર કરવા જોઈએ. એવી ભાવના દરેક વિદ્યાર્થીમાં કેળવવી જરૂરી બને છે.

**વાર્તા દ્વારા જોડાક્ષરોની સમજ :**

આરોહ અવરોહ અને યોગ્ય ઉચ્ચારણ સાથેનું વાર્તાકથન બાળકના માનસ પર ખૂબ સારી રીતે છાપ પાડે છે. ભાષામાં આવતા જોડાક્ષરો માટે વાર્તામાં વધુમાં વધુ આવતા જોડાક્ષરોવાળી વાર્તા કહી શકાય. આ વાર્તા કહ્યા પછી બાળકોને ભાષાશિક્ષણ માટે જોડાક્ષરોની એક નોંધપોથી બનાવી શકાય. આ માટે જે તે ધોરણમાં આવતા ભાષા પાઠ્યપુસ્તકનું વાંચન કરીને જોડાક્ષરો શોધીને અલગ તારવી શકાય. આમ જોડાક્ષર પોથી બનાવડાવી શકાય. આવી પોથી પ્રાર્થનામાં અથવા વર્ગખંડમાં દરેક વિદ્યાર્થી વાંચે તેવું આયોજન કરી શકાય. ભાષામાં જોડાક્ષરોનું ખૂબ જ મહત્ત્વ છે. જોડણી અને જોડાક્ષર બંને ભાષાનો આત્મા મનાય છે.

**વાર્તાનું નાટ્યસ્વરૂપ અને ભાષા :**

ગિજુભાઈના મતે વાર્તા દ્વારા અધ્યયન અને અધ્યાપન કાર્ય ભાષા શીખવવા માટે સફળ રહ્યું છે. તેમના મતે પાઠમાં આવતી વિગતોને વાર્તાનું સ્વરૂપ આપી સમજાવ્યા પછી તેને વિદ્યાર્થીઓ નાટક સ્વરૂપે ભજવે તે ખૂબ જ જરૂરી બને છે. વિદ્યાર્થી જ્યારે નાટક તૈયાર કરે ત્યારે વિષય વસ્તુ તેમને તરત જ યાદ રહી જાય છે. ભાષામાં આવતા એકમોને શિક્ષકે નાટ્ય સ્વરૂપે ભજવવા પ્રોત્સાહનનું પૂરું પાડી શકાય. આમ નાટક દ્વારા અધ્યયન અધ્યાપન કાર્ય ભાષા શિક્ષણને હળવાશવાળું અને રસપ્રદ બનાવે છે. શિક્ષકે ભાષાનાં પુસ્તકોમાં જ એકમ નાટક સ્વરૂપે ભજવીને એકમો પસંદ કરીને વિદ્યાર્થી સામે નાટક કરી બતાવવું જોઈએ. વિદ્યાર્થીઓમાં નાટકની ભજવણી થાય એવી રીતે વાર્તા સ્વરૂપને નાટક દ્વારા રજૂ કરી શકાય.

નાટક માટે વિદ્યાર્થીઓને કુદરતી વાતાવરણમાં લઈ જવા જોઈએ વિદ્યાર્થીઓને જાતે જોયેલું અને

અનુભવેલું જલદી યાદ રહી જાય છે. જીવસૃષ્ટિમાં રહેલાં પ્રાણી, પક્ષી, મનુષ્ય વગેરેને જોઈને તેના હાવભાવ જાણી શકાય છે.

**વાર્તા દ્વારા કવિતાનું શિક્ષણ :**

ભાષા માટે ગીત, અભિનયગીત અને કવિતાનું વધુમાં વધુ ગાન અને અનુગાન કરાવવું જોઈએ. ગિજુભાઈની બાળવાર્તામાં વચ્ચે વચ્ચે પણ નાની નાની કાવ્ય પંક્તિઓ, ઉખાણાં સ્વરૂપે ગાઈ શકાય એવા નાની મોટી કવિતાઓ વાર્તા વચ્ચે વચ્ચે આવે છે. તો ભાષા શિક્ષણનો પાયો જાણીતાં લોકગીતો કે કાવ્ય દ્વારા નાખી શકાય. શિક્ષક કાવ્ય કે ગીત ગાય અને વિદ્યાર્થી સાંભળે, જાણીતાં કે વખાણેલાં લોકગીતો શિક્ષક ગાય અને વિદ્યાર્થી સાંભળી સાથે સાથે ક્યારેક અભિનય પણ કરતા જવાથી વાર્તા સાથે ગાયન, અભિનય અને આ બધા દ્વારા શ્રેષ્ઠ ભાષા શિક્ષણ બાળક મેળવી શકે. દરરોજ નવીન કવિતા જોડકણાં, ગીતો, લોકગીતો આ બધું વિદ્યાર્થી સમક્ષ ગાવાથી અને તેના વિશે માહિતી આપવાથી બાળકોને ભાષા દ્વારા ઉત્તમ કાવ્ય શિક્ષણ મળી રહે છે.

**વાર્તા દ્વારા ભાષાના અધ્યયન અધ્યાપનમાં શબ્દકોશનો ઉપયોગ :**

ભાષાના અધ્યયન અધ્યાપન કાર્ય માટે શબ્દ-કોશનો ઉપયોગ ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડોળ વધે તે માટે શબ્દકોશનો ઉપયોગ ખૂબ જ આવશ્યક છે. વાર્તા દ્વારા વધુમાં વધુ શબ્દોનો ઉપયોગ કરવાનો આવે છે. અને નવા નવા શબ્દોની જરૂરિયાત ઊભી થાય છે. આ શબ્દોનું ભંડોળ વધારવા માટે વિદ્યાર્થીઓને શબ્દકોશના ઉપયોગની રીત શિક્ષકે શીખવવી જોઈએ. વિદ્યાર્થીઓ દરરોજ વાર્તામાં આવતા શબ્દો શોધવા શબ્દકોશનો ઉપયોગ કરે તે જરૂરી બને છે.

**વાર્તા દ્વારા ભાષાના અધ્યયન અધ્યાપન કાર્યમાં વ્યાકરણ શિક્ષણ :**

ગિજુભાઈના મતે રમત દ્વારા બાળકોને વ્યાકરણ ખૂબ જ સારી રીતે શીખવી શકાય. બાળકોને રમત ખૂબ જ પ્રિય હોય છે. શિક્ષકે કેટલાક પ્રયત્નો કરીને કઈ રીતે વ્યાકરણને સરળ રીતે શીખવી શકાય એ પણ વાર્તા દ્વારા પણ શિખવાડી શકાય. બાળકોને વ્યાકરણમાં આવતા નામ,સર્વનામ, વિશેષણ, નરજાતિ, નારીજાતિ, નાન્યતરજાતિ, ક્રિયાપદ, ક્રિયાવાચક શબ્દો વગેરેને રમત દ્વારા ખૂબ જ સારી રીતે વાર્તાકથન દ્વારા પણ શીખવી શકાય. વિદ્યાર્થીઓનાં ગ્રૂપ પાડીને કાગળની પટ્ટીઓ અને પૂઠાં પર લખાણ વગેરે કરી શકાય.

**વાર્તા દ્વારા પુસ્તકોનું વાંચન અને ભાષાસમૃદ્ધિ :**

ભાષાના અધ્યયન અને અધ્યાપન કાર્યને સુંદર રસિક અને રોચક બનાવવા માટે પુસ્તકનું વાંચન ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન જે પુસ્તક વાંચે છે તેની યાદી કરવી જોઈએ. લાઇબ્રેરી હોય તો રજિસ્ટરમાં વિદ્યાર્થીઓએ વાંચેલાં પુસ્તકો અને લેખનના નામની યાદી હોવી જોઈએ.

આમ કરવાથી વિદ્યાર્થીનું વાંચન ભંડોળ કેટલું વિકસ્યું છે તે જાણી શકાય. કેટલા વિદ્યાર્થીઓ ચોપડીઓ વાંચે છે કઈ કઈ, કોણે વધુ ચોપડીઓ વાંચી, કોણે ઓછી ચોપડીઓ વાંચી વગેરેનો ખ્યાલ આવે છે. કયા પુસ્તકમાં વિદ્યાર્થીઓને રસ છે તે પણ જાણી શકાય છે. આમ અવનવાં પુસ્તકોના વાંચનથી વિદ્યાર્થીઓમાં વાર્તા દ્વારા ભાષા અંગે શબ્દભંડોળનું જ્ઞાન વધે છે. અને ભાષા પ્રત્યે રસ જાગૃત થાય છે.

ભાષા જે દરેક માણસની આગવી ઓળખ છે. અને તેનું અસરકારક પ્રત્યાયન તે ભાષા પરની પકડ પર આધારિત હોય છે. અને ગિજુભાઈની લખેલી વાર્તાઓમાં માતૃભાષાના આબેહુબ દર્શન થાય છે. આવી ગુર્જર ભૂમિ પર જન્મેલા શિક્ષણ પ્રણેતા "મુછાળી મા" તરીકે ઓળખાતા ગિજુભાઈ બધેકાને શત શત નમન. ગિજુભાઈ બધેકા કે જેમણે શિક્ષણ જગતને વાર્તા દ્વારા પ્રગતિની દિશા દર્શાવી છે. વિદ્યાર્થી, વાલી, શિક્ષક અને સમાજને પોતાનું જીવન અર્પણ કર્યું છે. આમ, વાર્તા દ્વારા ભાષામાં રહેલી મૃદુતા, સમજણ, અર્થગ્રહણ, ચિંતન વગેરેનું આબેહ બ દર્શન તેઓની વાર્તામાં પ્રગટ થાય છે. ફરીથી એકવાર ગિજુભાઈ બધેકાને શત શત નમન...

# બાળકોના અદ્‌ભુત વિકાસ અર્થે વાર્તા



- ગિરા પિનાકિન ભટ્ટ
મો. ૯૯૦૯૬૪૧૨૬૨
૪૫, "શિવસ્ય", ઊર્જાનગર વિ.-૧, રાંદેસણ, ગાંધીનગર.

બાળક માટે વાર્તા એ તેના મનનો ખોરાક છે. એની બુદ્ધિના વિકાસ માટેનો ખોરાક છે. વાર્તા એ બાળકના ઉત્તમ ઘડતર માટે પાયાની જરૂરિયાત છે. ઉત્તમ વાર્તાઓ બાળકો માટે જાદુઈ છડી જેવું કામ કરે છે. એ માટે વાર્તાના લેખકે કે વાર્તા કહેનારે બાળકની ઉંમરના થવું જોઈએ. ને તેની અસર અવશ્ય બાળકો જોઈ શકશે ને અનુભવશે. આબાલવૃદ્ધ સહુને એની વય અનુસાર વાર્તા વાંચવી અને સાંભળવી ગમે છે. મોટેરાંઓ તો એમનું મનોરંજન એની રીતે મેળવી લે છે પરંતુ બાળકોનું શું? કદાચ એ સમજવામાં આપણે ઘણા નબળા પુરવાર થયા છીએ. એવું લાગી રહ્યું છે. બાળકની માગણીને અનુરૂપ એની ભૂખ સંતોષતાં માતા-પિતા એની માનસિક ભૂખ સંતોષવા બાબતે ઊણાં ઊતરે છે. જો બસો-ત્રણસોના પિત્ઝા, આઈસક્રીમ કે પંજાબી ખોરાક બાળકને આપતાં નહીં અચકાય, એ ખોરાકમાં તેલ કયું છે? મસાલા યોગ્ય છે કે કેમ એની તપાસ કરતાં નથી. પરંતુ સો રૂપિયાનું એક પુસ્તક લેવાનું હોય તો કેટલુંય વિચારશે. મને ખાતરી છે કે એ તું નહીં વાંચે... એ ખાલી પડી રહેશે. ને ઢગલા વધશે... જેવા બોલથી બાળકની જિજ્ઞાસા ઉપર ટાઢુંબોળ પાણી ફેરવી નાખીએ છીએ. આ આપણી ને આપણા સમાજની કઠણાઈ છે.

હવે અહીં મુદ્દો છે બાળકોની વય કક્ષાને અનુરૂપ વાર્તાઓનો. તો બાળકોને એની વય પ્રમાણે વાર્તા વાંચવાની કે સાંભળવાની ગમે છે. અન્યથા એ એમાંથી રસ મેળવી શકતું નથી. બાળકને એની વય અનુસાર રસ-રુચિ વધતી હોય છે. સાવ નાના બાળકના ખોરાક માટે માતા કેટલી બધી જાગૃત રહે છે? એ જાણે છે કે એનું પેટ આ પચાવી જાણશે કે નહીં તે. પરંતુ એ જ માતા બાળકના માનસિક વિકાસ માટે આટલું ધ્યાન રાખતી હોય તો ? કેવા અદ્‌ભુત પરિણામ આવે ? એ વાતે હજુ આપણે મોટેરાંઓ બાલ્યાવસ્થામાં જ છીએ અને જીવી રહ્યાં છીએ.

સાવ નાનકડું શિશુ કે જે હજુ તો માંડ બોલતાં શીખ્યું હોય એને એના અનુરૂપ ભાષામાં વાત માંડવી પડે ને લખવી પડે. એ માટે લેખકે બાળકોની વય સમજીને જે-તે ઉંમરના થવું જ રહ્યું. લેખકે તે માટે પરકાયા પ્રવેશ કરવો જ રહ્યો. વળી વાર્તા કહેનાર માટે પણ આ નિયમ એટલો જ લાગુ પડે છે તે ધ્યાનમાં લેવું જ રહ્યું.

હવે વાત કરું તો શિશુકથાઓ તરુણવયના બાળકોને ન ગમે તે સ્વાભાવિક છે. તેવી રીતે જ તરુણવયના બાળકોને શિશુકથાઓ ન ગમે. શિશુવયનાં બાળકોને તો ગમે એની આસપાસની નાનકડી દુનિયા ! હજુ સ્વતંત્ર રીતે માતા-પિતાના કે બા-દાદાના પડછાયામાંથી બહાર નીકળ્યા ન હોય. એટલી દૃષ્ટિ વિકસી ન હોય. તે કારણોસર આપણે ચોક્કસ વયને ધ્યાનમાં રાખીને વાર્તાઓ લખવી જોઈએ. અને તે પ્રમાણે બાળકોને પીરસવી રહી.

શિશુ અવસ્થાનો ગાળો એક વર્ષના બાળકથી માંડીને છ વર્ષ સુધીના બાળકનો ગણી શકાય. એ બાળકો ઘરઆંગણાંનાં પશુઓ-પંખીઓને ખૂબ પ્રેમ કરે. ચકલી, કાગડો, કબૂતર, મોર, બિલાડી, કૂતરો, ગાય જેવાં પાત્રોમાં રસ પડે. તેમની ઊઠવા-બેસવાની રીત, ખાવા-પીવાની રીત જાણવાની ગમે છે. તેમની હરવા-ફરવાની, ઉડવાની... જેવી પ્રવૃત્તિઓને જોઈ રહેવાનું એને ગમે છે. શિશુઓનું કુતૂહલ પણ ખૂબ વધારે હોય છે. જે તે પશુ-પંખીઓને એ ધારીધારીને જોઈ રહે છે. નજીકથી જોઈ રહે ને એનું નિરીક્ષણ કરતું રહે છે. એ એમાંથી કંઈક શીખવાની કોશિશ કરે છે. સારી-ખોટી પ્રેરણા મેળવે છે. કારણ કે એ હજુ નાસમજ છે. માટે શિશુઓને એમની વય પ્રમાણેની વાત માંડવી રહી. એની ભાષા સાવ સહેલી, એના શબ્દો

સમજાય એવા હોવા જોઈએ. વાક્યો જેટલાં ટુંકા એટલાં અસરકારક ! એની સાથે જોડકણાં તો અવશ્ય હોવાં જોઈએ. એમાં આદેશ કે શિખામણ ન હોય એની કાળજી ચોક્કસ રાખવી જોઈએ. નાના બાળકના માટે આનંદ એ ઘટક મુખ્ય હોવો જોઈએ, નહીં કે જ્ઞાન. એને પ્રેમથી સાથે બેસીને વાત કહેતાં હોઈએ તેવી હોવી જોઈએ. એની આંખોમાં આંખો પરોવીને, એના ખભે હાથ મૂકીને વાત કહેવાય તો એને બહુ ગમશે. એને હૂંફ આપીને, એને સંતોષ મળે તેવી રીતે વાર્તા કરવી રહી. એકની એક વાર્તા ફરીથી કહેવાતી હોય તો પણ એને ગમશે. કાગડા ને પૂરી વાળી વાર્તા સાંભળવાને એના કાન સરવા રાખશે. એની આસપાસની દુનિયા ને એવી વાર્તાઓ એને ગમશે. તો એ માટે તેની વયને અવશ્ય ધ્યાનમાં રાખવી જ રહી.

સાતથી બાર વર્ષનાં બાળકો માટે લખાતી વાર્તાઓમાં પણ બાળકોને પશુ પંખીઓ તો ગમે જ છે. પણ વય વધતાં એમના કુતૂહલમાં પણ વધારો થયો છે એ ધ્યાનમાં લેવાવું જોઈએ. એને હવે આસપાસની દુનિયાથી થોડા આગળ જવું છે. નદી, પર્વતો, કોતરો, જંગલો, સૂરજદાદા, ચાંદામામા, તારલાઓના ટોળામાં રસ પડે છે. કુદરતી સૌંદર્ય માણવાની ને જાણવાની ઘેલછા જાગે છે. એને જાણવી ગમે છે દૂરની દુનિયા, અવનવાં પશુઓ અને પંખીઓની વિશિષ્ટ જાણકારી ગમે છે. એને આશ્ચર્યભરી વાતો ગમે તો વળી પરીઓની વાતો પણ ગમે છે. તો આવા બધા વિષયોને આવરી લઈને વાર્તાઓ લખાવી જોઈએ, અથવા વાર્તાઓ કહેવાવી જોઈએ. હા, બાળકને એમાં બોધ તો આપવાનો છે જ, પરંતુ એ ગર્ભિત રહેવો જોઈએ. કારણ કે સીધો બોધ કે ઉપદેશ કોઈને ગમતો નથી. એના આનંદ સાથે બોધ એવો વણાયેલો રહે કે એ સમય આવ્યે જાતે જ સમજી શકે. જો એ ધ્યાનમાં રાખવામાં ન આવે તો એ બાળવાર્તા બાળકને વાંચવી ગમતી નથી. એમાં નાના છતાં ચોટદાર સંવાદો હોય તો વળી ક્યાંક જોડકણાં હોય. ક્યાંક એને ગમતી વાતો હોય ક્યાંક મિત્ર સાથેના સંવાદોની વાતો હોય. બાળકોની કલ્પનાને ઉડ્ડયન મળે એવી વાતો પણ કરવી જ રહી. આપણા સંસ્કારો, આપણી સંસ્કૃતિને વાર્તાઓમાં વણવી રહી. તો વળી, પર્યાવરણ પણ પરત્વેની જાગૃતિની અત્યારે ખાસ જરૂર છે. દેશપ્રેમ, સાહસ, નીડરતા, જેવા ગુણોને વણીને, ધ્યાનમાં લઈને બાળવાર્તાઓ લખવી ને કહેવી જોઈએ. બાળકની ચંચળતાને સમજીને એની પીઠ થાબડતાં હોઈએ એમ એને વાર્તાનો રસિયો બનાવવો. આ ઉંમરે વાર્તાનો નશો ચડે તો બાળકના વિકાસનો ગ્રાફ આશ્ચર્યકારક બની રહે છે તેનો સાક્ષી ઈતિહાસ છે.

તરુણવયના બાળકોને પોતે મોટા થયા છે એવું સભાનપણું આવવા લાગે છે. કિશોરવયના બાળકોને એકની એક વાર્તાઓમાં જરાય રસ પડતો નથી. તો વળી બાળવાર્તાઓમાં પણ રસ ન પડે તે સ્વાભાવિક છે. જો એને રસ નહીં પડે તો એ ત્યાં ઊભો જ નહીં રહે. વળી શિશુકથાઓ તો ગમે જ ક્યાંથી ? એવી વાસ્તવિકતાનો સ્વાભાવિક રીતે ખ્યાલ રાખવો જોઈએ. ઉંમરની સાથેસાથે બાળકમાં પરિપક્વતા આવતી હોય છે. એ હવે કિશોરવયનો બાળક છે તો તેને તેના અનુરૂપ વાર્તાઓ વાંચવી ગમે કે તેને સાંભળવી ગમે છે.

કિશોરવય એવી છે કે જે હવામાં ઊડે છે. પતંગિયાંની પાંખે બેસીને ગગનમાં વિહરે છે. એનાં સપનાં આભને આંબે છે. એ એક છલાંગે દરિયો તરવાની વાતો કરે છે. એ પર્વતોને બાથ ભીડવાને આતુર છે. આખી દુનિયાને મુઠ્ઠીમાં લઈને ફરવાનાં શેખચલ્લીનાં સપનામાં રાચે છે. આ વયના બાળકોને સાહસની વાર્તાઓ ખૂબ ગમે છે. પર્વતો, જંગલો, ગુફાઓ કે ટ્રેકિંગ જેવાં સ્થળોએ હરવા-ફરવાની વાતો ગમે છે. નવીનવી જાણકારીઓ, તો વળી કિશોરવયની સમસ્યાઓના ઉકેલની વાતો ગમે છે. એમની આંખોમાં છલકાતું આભ ને વિસ્મય પમાડતી વાર્તાઓ તેમને વધારે ગમશે. દુનિયાના છેડે દોડી જવાને એના પગમાં જોમ છે. પણ દિશા અને દશાથી અજાણ છે.

થોડા સમય પછી એ સમાજનો નાગરિક બનશે. માટે એને દેશપ્રેમ, પ્રેરણાદાયી પ્રસંગોની વાતો એને ગમશે. માટે એ વયને ધ્યાનમાં લઈને દેશનો યોગ્ય નાગરિક બને તેવી વાર્તાઓ લખવી જોઈએ, કહેવી જોઈએ

કે જે તે કિશોર-કિશોરીઓ પાસે કહેવડાવવી જોઈએ. અગાઉ ન સાંભળી હોય તેવી વિસ્મય ભરી વાતો, વિજ્ઞાન કથાઓ, એલિયન કે પરગ્રહની શોધ કે સફરની વાતોમાં અત્યંત રસ પડે છે. આધુનિક સાધનોને પાત્ર બનાવીને તે અનુરૂપ વાર્તા એને ગમે છે. આમ વૈવિધ્યતાસભર, સુંદર કિશોરકથાઓ એમને આપી શકાય ને કહી શકાય. વળી બોધ તો કિશોરવયનાં બાળકોને જરા પણ ગમતો નથી. હા, ગર્ભિત બોધ તો જરૂરી છે જ, પણ આ વયના બાળકો સાથે કામ લેતાં પહેલાં અત્યંત જાગૃતિ રાખવી રહી.

આજના બાળક પાસે મોબાઈલ હાથવગો છે. ગુગલ એનો પાક્કો મિત્ર છે. એટલે માહિતી પીરસતાં હોઈએ તો તે સચોટ હોવી જોઈએ. સંવાદો ચોટદાર, રસમય રીતે લખવા કે કહેવાય એ ખાસ ધ્યાન રાખવાનું છે.

બાળકો સમક્ષ રજૂ થવાના હોઈએ ત્યારે બાળકને શું ગમે છે તે ધ્યાનમાં રાખીને કહેવું જોઈએ. પશુ-પંખીઓની જાણકારી તો દરેક વયનાં બાળકોને ગમે જ છે. પરંતુ તે માટે અન્ય પશુ-પંખીઓની જાણકારી આપણે મેળવીને એને અનુરૂપ વાર્તાઓ લખવી રહી. એ એને ગમતું સાહિત્ય વાંચશે કે સાંભળશે જ. કિશોરવયના બાળકોને જ્ઞાન-વિજ્ઞાનની વાતોમાં રસ પડે છે તો વળી વધારે રસ લેતા કરવાના છે. એની દુનિયા માત્ર માહિતીથી નહીં ચાલે, મગજ પણ કસવું પડશે. એમની પ્રગતિની વાતો પણ મૂકવાની જ છે. એમની પાસેથી એમને ગમતી વાતો જાણવાની છે ને યોગ્ય રીતે મૂકવાની છે. આખરે બાળકના માનસિક વિકાસ માટે પણ વાર્તાઓ યોગ્ય રસાયણ સાબિત થઈ છે. તો એ અંગે આપણે અનેક પાસાંઓનો વિચાર કરવો જ રહ્યો. અપશબ્દો ને તોછડાઈ ભરેલા શબ્દોનો પ્રવેશ તો કોઈ પણ વયનાં બાળકોની વાર્તાઓમાં જરાય ન પ્રવેશે એના પૂર્ણ ધ્યાન સાથે કામ લેવું જોઈએ. વાર્તાકારે પણ બાળકોને આત્મીય ભાવ સાથે વાર્તા કહેવી જરૂરી છે, જે બાળકના મન ઉપર કાયમને માટે અંકિત થઈ જાય છે.

વાર્તાના વિષય સાથે સાથે જે તે પાત્રો પરત્વે પણ બાળકની નજર હોય છે... રસ-રુચિ હોય છે. સાવ નાના બાળકોને પ્રેમ આપવાનો, જીવદયા રાખવાની, ભાઈચારો રાખવાનો જેવાં મૂલ્યોવાળી વાર્તાઓ ગમે છે. ને તેવી વાર્તાઓ લખાવી જોઈએ. આ ઉપરાંત વાર્તાઓમાં આપણી સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતી વાર્તાઓ લખાય તે જોવું રહ્યું. દાદા-દાદી પ્રત્યે આદર-ભાવ ને માન રાખે તેવાં મૂલ્યો વાર્તાઓમાં વણી લેવાય એ અત્યારના સમયની તાતી જરૂરિયાત છે. તો વળી નાનેરાઓ પરત્વે વ્હાલ ને ભાઈચારાની ભાવના કેળવાય તો સરખે-સરખા સાથે મિત્રતા કેળવાય એવી વાતો બાળકોની વયને ધ્યાનમાં રાખીને કહેવાવી જોઈએ.

ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ, મહાદેવજી, ગણપતિદાદા, વીર હનુમાનજી, મા પાર્વતીજી, સતી સીતા જેવાં પાત્રોની વાર્તા બાળકને વય પ્રમાણે આપવાની છે. કે બાળકોને વય અનુસાર જાણકારી ને આનંદ બન્ને આપી શકાય. આપણી પાસે અનેક પૌરાણિક પાત્રો છે. બળિયો ભીમ, બાણાવળી અર્જુન, કર્ણ, અભિમન્યુ, એકલવ્ય, દશરથ રાજા, રાજા ભરત... જેવાં પાત્રોની વાતો બાળકો અને કિશોરોને અવશ્ય ગમશે.

આજનાં બાળકોને માટીના ગાડામાં રસ નથી. ને ન જ હોય, એ સ્વાભાવિક છે. સમાજની પ્રગતિ એ પછી આર્થિક હોય, સામાજિક હોય કે માનસિક પણ સમય ક્યારેય એક સરખો રહ્યો નથી ને રહેશે નહીં. બદલાતી જતી તાસીર સમજીને તે પ્રમાણે પીરસવાનું રહે છે. માટીનું ગાડું છોડીને આજનો બાળક મેટ્રો ને બુલેટટ્રેન સુધી પહોંચી ગયો છે. એની પાસે આધુનિક સાધનો છે. ઝડપી વિમાનો છે. સબમરીન અને રોકેટ્સ છે. એને ચંદ્રલોકની વાતોમાં રસ છે, એને નવી દુનિયા જોવામાં રસ છે. એમાં વધારે રસ લેતાં થાય એ આપણે જોવાનું છે. અવનવાં યાન અને વણ ખેડાયેલી ભૂમિ ઉપર જવાને એનો થનગનાટ છે ત્યારે આપણે બાળકોની વયને સમજવી જ રહી. કિશોર વયનાને કાગડા ને પૂરીની વાત કરીશું ને શિશુને સુનિતા વિલિયમ્સની વાત કરતાં રહીએ તો સરવાળે બાવાનાં બેય બગડશે એ ધ્યાનમાં રાખીને કાર્ય કરીશું ત્યારે સફળતા અવશ્ય હાંસલ કરીશું.

# તરુણ વયના ઉંબરા માટે વાર્તાની ખોજ



- મહેશ ધીમર 'જ્યોત'
મો. ૯૪૨૮૩૯૦૯૯૩
નિવૃત્ત શિક્ષક - ૧૨, વિઘ્નેશ્વર સોસાયટી, તા. મહુવા, જિ. સુરત.

તરુણ વયના ઉંબરા પર સૌ કોઈ મૂંઝવણ અનુભવે છે. એ વખતે વાર્તા ઘણી ઘણી મદદરૂપ થઈ શકે એમ છે. પણ તેને કઈ વાર્તા ગમશે કે માફક આવશે એ બાબતે મોટાભાગના વાર્તા કહેનારાઓ મૂંઝવણ અનુભવતા હોય છે. જૂના જમાનાનાં આપણાં દાદા દાદીઓ મનોવૈજ્ઞાનિક આંતરસૂઝ ધરાવતાં હતાં. એટલે એવું કહી શકાય કે કિશોરકિશોરીઓને કઈ વાર્તા કહેવી એ તેઓ જાણતાં હશે. કદાચ જે વાર્તાઓ સાંભળવામાં  બાળકો ધ્યાન ન આપે કે રસ ન દાખવે એ વાર્તાઓ નાશ પામતી હશે. જે વાર્તાઓ વારંવાર સાંભળવાનું ગમે. આનંદ આપે. એ જ સફળ વાર્તા કહેવાય ને? આમ તો વાર્તાકથનનો ઉદ્દેશ આ જ છે. વર્ષો સુધી આબાલવૃદ્ધ સૌને આનંદ આપતી રહે એ જ સાચી વાર્તા. વાર્તા કહેનાર પાસે એક જાતની રામબાણ ઔષધિ હોય છે કે જેના વડે બેચેન, બસૂરાં, અવ્યવસ્થિત, ઘોંઘાટિયાં, ચીડિયાં અને રિસાયેલાં બાળકો કે મનુષ્યોને સુવ્યવસ્થિત કરી શકે છે. અહીં આપણે કિશોરાવસ્થાના ઉગમ કાળમાં કેવી વાર્તાઓ મળવી જોઈએ એની ચર્ચા કરવી છે.  આપણે લોકપ્રિય વાર્તાઓની યાદીમાંથી પંચતંત્રની રસીલી વાર્તાઓ યાદ કરી લઈએ. એક રાજાના ચાર ચાર પુત્રો સાવ ઠોઠ હતા. ભણવામાં રસ નહોતો. તેઓને વિષ્ણુશર્મા  નામના પંડિતે રસ પડે તેવી વાર્તાઓ કહી કહીને છ મહિનામાં ડાહ્યાડમરા અને રાજનીતિજ્ઞ બનાવી દીધા. ઉપનિષદોનું ગહન ચિંતન ઋષિઓ સરલ મનોરંજક વાર્તાઓ દ્વારા શિષ્યોનાં મસ્તિષ્કમાં ઠસાવી દેતા.

તરુણો (કિશોરો—યુવાનો) માટે વાર્તા પસંદ કરતી વખતે કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ, કારણ કે આ વયમાં તેઓ ભાવનાત્મક રીતે સંવેદનશીલ હોય છે, વિચારશક્તિ વિકસતી હોય છે અને જીવનમૂલ્યોને સમજવાનો સમય હોય છે.

**ધ્યાનમાં રાખવાની બાબતો :**

1) **ઉંમર અને રસને અનુરૂપ વિષય :** કિશોરાવસ્થાની માનસિકતા, જિજ્ઞાસા અને કલ્પનાશક્તિ મુજબ વાર્તા હોવી જોઈએ. સાહસ, મિત્રતા, સંબંધો, આત્મવિશ્વાસ, સ્વપ્નો, સંઘર્ષ અને સફળતા જેવા વિષયો તેમની સાથે વધારે સંકળાય છે.

2) **પ્રેરણાદાયક સંદેશ :** વાર્તાનો અંત બોધપ્રદ હોવો જોઈએ, જે તેમને સકારાત્મક દિશામાં પ્રેરણા આપે. જીવનમૂલ્યો, સત્યનિષ્ઠા, પરિશ્રમ, કરુણા અને આત્મવિશ્વાસ જેવા ગુણોનો સંદેશ વાર્તામાં રહેલો હોવો જોઈએ.

3) **અતિશય ઉપદેશ ટાળવો :** સીધો ઉપદેશ કે શિક્ષણ વાર્તામાં ન આપવો, પરંતુ પ્રસંગો અને પાત્રોના વર્તન દ્વારા પાઠ સમજાવવો.  તેઓ સ્વયં નિષ્કર્ષ પર પહોંચે તેવી રચના કરવી.

4) **યથાર્થતા અને પ્રાસંગિકતા :** વાર્તા આજના યુગ સાથે મેળ ખાતી હોય, જેથી તેઓ પોતાની સાથે તેને જોડાવી શકે. વર્તમાન સામાજિક, ટૅક્નોલૉજી, પર્યાવરણ કે મિત્રતા જેવા મુદ્દા સ્પર્શતી વાર્તાઓ રસપ્રદ લાગે.

5) **ભાષા અને રજૂઆત :** ભાષા સરળ, અસરકારક અને અભિવ્યક્તિપ્રધાન હોવી જોઈએ. સંવાદ, રસપ્રદ વળાંકો અને હળવી હાસ્યભાવના વાર્તાને આકર્ષક બનાવે છે.

6) **લિંગ સમતુલન અને સંવેદનશીલતા :** વાર્તામાં જાતિ, વર્ણ, ધર્મ અથવા આર્થિક ભેદભાવ ન હોવો જોઈએ. દરેક માટે સમાન માનવીય મૂલ્યો પ્રતિબિંબિત થાય તે જરૂરી છે.

7) **કલ્પના અને સર્જનાત્મકતા** : ફક્ત શિસ્ત કે નૈતિકતા નહીં, પરંતુ કલ્પનાને પાંખો આપતી વાર્તાઓ પણ હોવી જોઈએ. વિજ્ઞાન-કથા, રહસ્યકથા, સાહસકથા વગેરે તેમને વિચારશીલ બનાવે છે.

આમ, તરુણો માટે વાર્તા પસંદ કરતી વખતે રસપ્રદતા + પ્રેરણા + પ્રાસંગિકતા + મૂલ્યબોધ – આ ચારેય તત્ત્વોનું સંતુલન જાળવવું જોઈએ.

વાર્તાઓ મનુષ્યજાતિનું જૂનામાં જૂનું અને અત્યંત વ્યાપક એવું જીવનરહસ્ય છે.

**શ્રીયુત કાકાસાહેબ કાલેલકર :**

જેમ બાગમાં જેટલાં ઝાડ હોય છે બધાં બાગના લાભ માટે કામનાં નથી હોતાં, તેમ વાર્તાના સમૂહમાંની બધી વાર્તાઓ બાળકોના કામની નથી હોતી. કેટલીક વાર્તાઓ તો ઘાસ જેવી હોય છે કે જેમને બાગમાંથી નીંદી જ નાખવી સારી. પછી તે પરીની વાત હોય કે ઇતિહાસની વાત, પછી ભલે એમાં કલાની અપૂર્વતા હોય કે ભાષાનું ભારેમાં ભારે લાલિત્ય હોય; એવી વાર્તાઓ બાળકો પાસે ન જ ધરવી. જે વાર્તાઓ આજના નૈતિક જીવનને પછાડનારી લાગે તેનો બાળકોને સંગ ન થવા દઈએ. લગ્નજીવન નીતિજીવનનું અંગ છે. લગ્નની ભાવનાને નહિ પોષનારી વાર્તા એક કાળે નિર્દોષ ગણાઈ હશે, તોપણ આજે તે ત્યાજ્ય છે. બાળલગ્ન એક બદી છે એ સમાજમાં સિદ્ધ થઈ ચૂક્યું છે. એટલે બાળલગ્નમાં આનંદ માનનારી વાર્તાઓ બાળકોના કાને શીદ પડવા દેવી? એવી જ રીતે ઠગાઈની વાર્તાઓને ધૂત્કારી કાઢીએ. એક વખત ઠગાઈ બહાદુરી ગણાતી, શિરજોરીથી લૂંટ કરવી એટલે કે બહારવટું ખેડવું એ પરાક્રમ ગણાતું. આજે એવી વાર્તાઓ કિશોરવર્ગમાં કહીશું ખરાં? ગિજુભાઈ બધેકા કહે છે કે જો આપણે બાળકોમાં નીડરતાનો ગુણ કેળવવા માંગતા હોઈએ અને ભયથી ન ડરતાં તેની સામે ઊભા રહેવા જેટલું વીર્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખતા હોઈએ, તો ડરપોક વાણિયાની યુક્તિપ્રયુક્તિથી ભરેલી પ્રપંચપૂર્ણ વાતોય આપણે અનીતિની વાતોની હારમાં મૂકીએ. આપણો આદર્શ સમાજવાદ છે. સમાનતા આપણો સિદ્ધાંત હોય, પણ વાર્તાઓમાં રાજાઓની ધનદોલત, અમીરવર્ગની અઢળક સંપત્તિનાં વર્ણનો કરી કરીને પૈસા પૈસાનો મહિમા કરીએ એ કેવું? જોકે કઈ વાર્તા નીતિની છે ને કઈ વાર્તા અનીતિની છે એ નિર્ણય કરવો એક ધૃષ્ટતા છે. સાચી વાત તો એ છે કે આપણે કોઈ પણ વાર્તા દ્વારા નીતિ ઠસાવવાનો મમત રાખવા જેવો નથી. નીતિની વાર્તાઓ ઘણી વાર એટલી બધી અસ્વાભાવિક અને અતિશયોક્તિ ભરેલી હોય છે કે કિશોરકિશોરીઓને એ સાંભળવામાં કંટાળો આવતો હોય છે. નીતિબોધની કેટલીક વાર્તાઓ માનસશાસ્ત્રનું ભયંકર અજ્ઞાન બતાવે છે.

નીતિશિક્ષણનો ઘમંડ ધરાવતો વાર્તાકાર નીતિબોધની અવગણના કરનાર પાત્ર માટે દયાહીન થઈ જાય છે. આપણે પણ 'વાડામાંથી પાડું એક, છૂટું થઈને નાઠું છેક'ના પાડું જેવા બાળકને ઉદ્ધત બાળકનું લેબલ લગાડીએ છીએ. ખરેખર તો એવાં બાળકો નોખી વિચારસરણીનો આવિર્ભાવ દર્શાવે છે. પણ દંભી શિક્ષણ પ્રણાલી તેઓને મૂરઝાવી દેવાનું મહાપાપ આચરે છે. 'ધ સર્વે ઓફ મોડર્ન ઍજ્યુકેશન' લેખમાં ડૉ. મોન્ટીસોરી લખે છે:

True,rebellious children occasionally demonstrate the futility of such teachings (moral teachings). In those cases a good instructor chooses appropriate stories showing the baseness of such ingratitude, the dangers of disobedience, the ugliness of bad temper, to accentulate the defects of the pupil....... એ સમયનો લેખ આજે પણ એટલો જ સાચો ઠરે છે.

બાળસ્વભાવનો અભ્યાસ કહે છે કે બાળકોનો સ્વભાવ ખરાબ હોય છે તેમાં જવાબદાર બાળક નથી. એ સ્વભાવનું કારણ આપણે જ છીએ. એ સ્વભાવ આપણે આપણા સ્વભાવથી અથવા બાળક ઉપર નીતિના આચારોના દબાણ દ્વારા અથવા બાળકના છીનવી લેવાયેલ સ્વાતંત્ર્યના ફળરૂપે એને ભેટ કરેલો છે.

# વાર્તા દ્વારા બાળકની કલ્પનાશક્તિનો વિકાસ



- નિશાબેન ડી. ગોસ્વામી
મો. ૭૦૯૬૫૧૭૦૧૬
આ.શી. પી.એમ. શ્રી કન્યાશાળા નંબર-૪, જૂનાગઢ.

''વાર્તા રે વાર્તા ભાભો ઢોર ચારતા'' આ શબ્દ સાંભળતાં જ આપણને બાળપણમાં સરી જવાનું મન થાય. વાર્તાથી આપણે બાળકમાં ખૂબ જ બહોળા પ્રમાણમાં કલ્પનાશક્તિનો વિકાસ કરી શકીએ છીએ. વાર્તા એ જીવનનું એવું શ્રેષ્ઠ માધ્યમ છે કે જે મોટાથી માંડીને બાળકોના જીવનમાં પરિવર્તન લાવી શકે છે.

બાળકોના જીવનમાં વાર્તા એની કલ્પનાશક્તિમાં કઈ રીતે વધારો કરી શકે એની વાત કરીએ તો. બાળકોનું મન ખૂબ જ ચંચળ હોય છે. દરેક બાળકપોતપોતાની લાગણી સરખી રીતે વ્યક્ત નથી કરી શકતું. તો વાર્તા એ એવું માધ્યમ છે કે જે બાળકોની અંદર રહેલી કલ્પનાશક્તિને ખીલવીને બહાર કાઢી શકે છે. બાળકોની અંદર જુદા જુદા ભાવો રહેલા છે. એને સમજવામાં વાર્તા ખૂબ જ બહોળો ભાવ ભજવે છે. બાળકની અંદર રહેલી ભાવાત્મક તેમજ સંવેદનશીલતાને બહાર કાઢવાનું કામ વાર્તા જ કરી શકે છે.

વાર્તામાં જુદા, જુદા રસો રહેલા હોય છે. જેમકે, આનંદનો રસ, દુઃખનો રસ,આતુરતાનો રસ, ઉદારતાનો રસ, નિખાલસતાનો રસ, કપટનો રસ, પ્રેમનો રસ, છેતરપિંડીનો રસ, મિત્રનો રસ દુશ્મનનો રસ, આદરભાવનો રસ કે ઘૃણાનો રસ, સમર્પણનો રસ, આવા જુદા જુદા કેટલા રસો વાર્તામાંથી જોવા મળે છે. પરંતુ આપણે કયો રસ આમાંથી પસંદ કરવો કે જે બાળકની કલ્પના શક્તિને ખીલવે છે એના ઉપર આધારિત છે.

વાર્તા એ એવું માધ્યમ છે કે જે બાળકની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી શકે છે. બાળકમાં ઘણી બધી વિચારવાની શક્તિ રહેલી છે પરંતુ તેને સાચી દિશાની ખબર હોતી નથી તો એક કલ્પનાઓવાળી વાર્તાઓ બાળકો સમક્ષ મૂકવામાં આવે કે જેમાં તેના પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે તો તે ખૂબ જ સરળ રીતે જીવનમાં પોતાના માર્ગમાં આગળ વધી શકે. ધારો કે કોઈ એક બાળકને પરીઓની વાર્તા ખૂબ જ ગમતી હોય છે તો તેની સમક્ષ પરીઓની વાર્તા કરવામાં આવે. ઊડતી પરી હતી તેને બે પાંખો હતી આકાશમાં ઊડતી જતી હતી, જો આવું તેની સમક્ષ વાર્તાનું ચિત્ર ઊભું કરવામાં આવે તો એ બાળક પોતાની કલ્પનાશક્તિથી પરી કેવી હોઈ શકે તે પોતાના મનથી જોઈ શકે છે અને આનંદ માણી શકે છે. પછી બાળક સમક્ષ જાદુગરની વાર્તા મૂકવામાં આવે ત્યારે પણ બાળક જાદુઈ વસ્તુ શીખવા માટેની કલ્પનાશક્તિનો પોતાની અંદર વિકાસ કરે છે.

વાર્તા બાળકમાં રહેલી તર્ક શક્તિ, નૈતિક મૂલ્ય, તેમજ સમાજ સાથેનું જોડાણ કરવામાં પણ મદદરૂપ બને છે. વાર્તાથી બાળકમાં રહેલો ડર તેમજ ખોટા વિચારો તેમજ અન્ય ભયભીતિઓ દૂર કરી શકાય છે. વાર્તા દ્વારા બાળકો ઘણી બધી નવી રીતોથી પોતાનું જીવન જીવતા શીખી શકે છે. બાળકોમાં શબ્દભંડોળનો વિકાસ થાય છે. તેમજ અવનવી પ્રવૃત્તિઓ કે જેની તેણે કલ્પના પણ નહોતી કરી તે પોતાના જીવનમાં તેનું આચરણ કરી શકે છે.

બાળકમાં વાર્તા દ્વારા કલ્પના શક્તિ વિકસાવવામાં મદદરૂપ થઈ શકતું હોય તેવું એક સજોડ પરિબળ એ હોઈ શકે કે સંયુક્ત પરિવાર. પહેલાના સમયમાં આપણા ઘરમાં દાદા દાદી રાતનો સમય થાય ત્યારે નાનાં બાળકોને પોતાની પાસે સુવડાવીને વાર્તાઓ સંભળાવતાં, જેથી મોટેરા પાસેથી વાર્તા સાંભળી અને બાળક રાત્રે પોતે એ વાર્તામાં એટલું બધું રચ્યું પચ્યું થઈ જાય કે તે વાર્તાઓ વિશે પોતાના મનમાં કલ્પના ના ઘોડા દોડાવવા લાગતું. આનાથી બાળકની તર્કશક્તિ અને કલ્પના શક્તિમાં ખૂબ જ વધારો થતો. એવી જ રીતે દરેક બાળકને

કલ્પનાશક્તિમાં વધારો કરવા માટે વાર્તા ખૂબ જ ફાયદાકારક છે.

બાળકની એવી તર્કશીલ વાર્તા કહો કે જેથી બાળકના જીવનમાં કંઈક સારું કરવાની ભાવના જાગે. વાર્તાઓના માધ્યમથી આપણે બાળકોને આજની નવી સંસ્કૃતિઓ તેમજ રહેણીકરણી તેમજ અવનવી મુશ્કેલીઓ કે જે મનુષ્ય જીવનમાં આવે છે તે કઈ રીતે સરળતાથી પાર પાડી શકાય અને તેમાંથી હંસીખુશીથી કઈ રીતે જિંદગી જીવી શકાય તે પણ શીખવી શકીએ છીએ. એક ઉદાહરણ દ્વારા સમજીએ તો જેમ કાચી માટીનું માટલું બનાવવા માટે તેને ચાકડા પર ચડાવીને પછી તેને આકાર આપીને પછી તેને મઠારીને એક રૂપ આપવામાં આવે છે પછી તેને શેકીને એક માટલું ઊભું કરવામાં આવે છે તેવી જ રીતે બાળક છે એ સાવ કોરી પાટી છે તેના જીવનમાં કઈ રીતે વિચારશીલ કરતું કરવું તે આ માટલું બનાવવા જેવી જ બાબત છે.

દરેક બાળકની મનોસ્થિતિ અલગ અલગ હોય છે. દરેક બાળક જુદા જુદા પ્રકારે પોતાના મનથી વિચારતું હોય છે. તો એ બાળકને સાચી દિશામાં વેગ મેળવવા માટે વાર્તા ખૂબ જ અગત્યનો ભાવ બાળકના જીવનમાં ભજવે છે. બાળક વાર્તા દ્વારા પોતાની કલ્પનાશક્તિનો એટલો સર્જનાત્મક વિકાસ કરે છે કે તે પોતાની અંદર એક આત્મવિશ્વાસનો ઘડો ભરે છે, તેને એવું લાગવા માંડે છે કે હું આ દરેક કાર્ય કરી શકીશ અને મારા જીવનમાં અવશ્ય સફળતા મેળવીશ પણ એ આત્મવિશ્વાસનો ઘડો ક્યારે ભરાય જ્યારે વાર્તા સકારાત્મક રૂપે તેની સમક્ષ રજૂ કરવામાં આવે. બાળક વિચારતો થાય તેમ જ નવું નવું કાર્ય કરવાની તેનામાં પ્રેરણા દિન પ્રતિદિન વધતી જાય એ જ વાર્તાનું કામ.

અમુક વાર્તાઓ એટલી દુઃખભરી હોય છે કે બાળક સતત અંદરની અંદર મૂંઝાયા કરે છે અને તેની તર્કશક્તિ એટલે કે કલ્પનાશક્તિ ઘટતી જાય છે અને તે ધીમે ધીમે અંધકારરૂપી પ્રકાશમાં ઘેરાવા લાગે છે. તેનું કારણ શું હોઈ શકે! માત્ર એ જ કે તેની સમક્ષ સાચી વાર્તાનો ટોપલો ઠલવવામાં આવ્યો નથી. માટે જ્યારે પણ બાળકમાં વાર્તાનાં બીજ વાવવાં છે તો એવી વાર્તા પસંદ કરો કે જે બાળકમાં ચારિત્ર્ય, બળ, તેમજ જીવનમાં કંઈક કરી છૂટવાની ભાવના અને આત્મવિશ્વાસનાં બીજ રોપે એવી વાર્તાઓ બાળક સમક્ષ રજૂ થવી જોઈએ.

બાળકમાં નીડરતાના ગુણ લાવવા ખૂબ જરૂરી છે તો બાળકમાં નીડરતાના ગુણ કઈ રીતે લાવી શકાય? તો આપણા દેશ વીરોનાં ઉદાહરણ આપી અને કલ્પનાની વાર્તા રજૂ કરી શકાય ધારો કે કોઈ નાની બાળકી છે કે જેણે ક્યારેય ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જોઈ નથી પરંતુ તેના પહેરવેશ, તેની છટા, તેની તલવાર, તેની ધારદાર આંખો, તેનો જુસ્સો આ બધું તમે વાર્તામાં કલ્પનારૂપી ઊભું કરો તો એ બાળકી પોતાના મનથી ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ છે તેવું સમજી અને તેનામાં તે બળ લાવે છે. આ છે ખરી વાર્તાની કમાલ.

કારણ કે બાળકનું મન ખૂબ જ ચંચળ હોય છે તમે જેવું પીરસો છો તેવું તે જમે છે તો આપણે સારું જ ન પીરસીએ તો બાળક સારું જ જમે. અને ખાસ આપણે વિચારીએ તો બાળકોને એવી કલ્પનાશક્તિની વાર્તા કરવી કે જે પરિવાર સાથે પ્રેમથી જોડી શકે, બાળકને સમાજ સાથે જોડી શકે, તેમજ બાળકમાં દયા, લાગણી, પ્રેમ વગેરે જેવા ગુણો તેમજ પરસ્પર સહકારની ભાવના કેળવી શકે તેવી વાર્તાઓ કહેવાથી બાળક પોતાના જીવનમાં ક્યારેય એકલું પડતું નથી. વાર્તા બાળકમાં એટલું બધું પરિવર્તન લાવી શકે છે કે જેની આપણે કલ્પના પણ ન કરી શકીએ.

બાળકની એવી પ્રવૃત્તિ આપીએ કે બાળક પોતાની જાતે વાર્તા બનાવતું થાય એ એવું પાત્ર આપો કે જેના દ્વારા બાળક પોતાની રીતે વાર્તા બનાવતું થાય અને કલ્પના શક્તિના ઘોડા દોડાવીને પોતે વાર્તામાં નવો નવો સુધારો કરતું થાય જેથી બાળકના જીવનમાં તર્કશક્તિનો મોટા પાયામાં વિકાસ થાય. અંતે પોતાની જાતે સ્વરચિત વાર્તા રચતો થાય. જેથી તેનામાં નીડરતા અને આત્મવિશ્વાસનો ગુણ વિકસાવી શકાય.

# વિશ્વકક્ષાની બાળવાર્તાનો પરિચય અને તેમાં નૂતન પ્રયોગો



- આરતીબેન જી. ઠાકોર
મો. ૭૮૬૨૮૧૩૪૬૪
તાલીમાર્થી બીએડ્ સેમ-૩, સૂરજબા કૉલેજ ઓફ એજ્યુકેશન, કડી, જિ. મહેસાણા

બાળવાર્તા એ એવો સાહિત્યપ્રકાર છે જે બાળકના માનસને ઘડે છે. તેમજ કલ્પનાને પાંખ આપે છે અને જીવનમૂલ્યોને મર્મમાં વટાવે છે. વિશ્વસાહિત્યમાં બાળવાર્તાનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે.વિશ્વની બાળવાર્તાઓએ પરંપરાગત લોકકથાઓથી લઈ આધુનિક ટૅક્નોલૉજી આધારિત સ્વરૂપ સુધીની સફર કરી છે. સતત થતા નૂતન પ્રયોગો બાળવાર્તાને વધુ જીવંત, રસપ્રદ અને શિક્ષણપ્રેરક બનાવે છે. આજના યુગમાં બાળવાર્તા માત્ર મનોરંજન નહીં, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ માટે સશક્ત સાધન બની છે.

**વિશ્વની બાળવાર્તાનો પરિચય :**

બાળવાર્તા એ બાળકો માટે રચાયેલું વિશિષ્ટ સાહિત્યસ્વરૂપ છે, જેમાં મનોરંજન સાથે શિક્ષણ, મૂલ્યપ્રેરણા અને કલ્પનાશક્તિનો વિકાસ થાય છે. વિશ્વભરમાં બાળવાર્તાઓનું મૂળ લોકવાર્તાઓ, દંતકથાઓ અને પરીકથાઓમાં રહેલું છે, જે મૌખિક પરંપરા દ્વારા પેઢી દર પેઢી સુધી પહોચતી રહી છે.

યુરોપમાં ગ્રિમભાઈઓની પરીકથાઓ ("Snow White", "Cinderella") અને હાન્સ ક્રિસ્ટિયન એન્ડરસનની વાર્તાઓ ("the little mermaid", "ugly duckling") અતિ લોકપ્રિય થઈ. આ વાર્તાઓમાં કલ્પનાની ઉડાન સાથે નૈતિક સંદેશા છુપાયેલા હતા.

અમેરિકામાં બાળવાર્તાઓમાં વાસ્તવવાદી અભિગમ જોવા મળે છે. તેમાં સાહસિકતા, મિત્રતા અને જીવન સંઘર્ષ પર આધારિત વાર્તાઓનું પ્રાધાન્ય રહ્યું છે.

રશિયામાં લોકપ્રેરક વાર્તાઓ પ્રચલિત થઈ. એ વાર્તાઓમાં શ્રમિક જીવન, સામાજિક સમાનતા અને સહકારનાં મૂલ્યોને ભાર આપવામાં આવ્યો.

ભારતમાં બાળવાર્તાની પરંપરા અત્યંત સમૃદ્ધ છે. પંચતંત્ર, જાતકકથાઓ, હિતોપદેશ જેવી વાર્તાઓ પ્રાચીન કાળથી જ બાળકોને નૈતિક શિક્ષણ, ચાતુર્ય અને જીવનજ્ઞાન આપતી રહી છે. સાથે સાથે લોકવાર્તાઓ, દંતકથાઓ અને લોકગાથાઓ પણ બાળકોને રસપ્રદ લાગતી રહી છે.

આ રીતે, વિશ્વની બાળવાર્તાઓ પ્રારંભે લોકકથાઓ રૂપે પ્રગટ થઈ છે, ત્યારબાદ લેખિત સ્વરૂપમાં આવી અને આજના સમયમાં ચિત્રકથાઓ, કાર્ટૂન, એનિમેશન અને ડિજિટલ વાર્તાઓના સ્વરૂપે પ્રચલિત થઈ છે. બાળવાર્તા માત્ર મનોરંજન નથી, પરંતુ બાળકના સર્વાંગી વિકાસ માટે અગત્યનું સાધન છે.

**આરંભ અને વિકાસ :**

સૌપ્રથમ બાળવાર્તાઓ, લોકવાર્તાઓ, દંતકથાઓ અને પરીકથાઓ સ્વરૂપે મૌખિક પરંપરાથી પ્રસરતી હતી. લોકો પોતાના અનુભવ, સંસ્કૃતિ અને પરંપરા બાળકો સુધી વાર્તાઓ દ્વારા પહોંચાડતા. યુરોપમાં ગ્રિમભાઈઓની પરીકથાઓ અને હાન્સ ક્રિસ્ટિયન એન્ડરસનની વાર્તાઓ બાળકોમાં ખૂબ લોકપ્રિય થઈ. અમેરિકામાં બાળસાહિત્યમાં વાસ્તવવાદ અને સાહસિકતાનું પ્રદર્શન મળ્યું. રશિયામાં લોકપ્રેરક, શ્રમિક જીવન સાથે જોડાયેલી બાળવાર્તાઓ જોવા મળે છે. તેમજ ભારતમાં પંચતંત્ર, જાતકકથાઓ, હિતોપદેશ જેવી નૈતિક તથા શિક્ષણપ્રેરક વાર્તાઓ બાળકોને સંસ્કાર આપતી રહી છે.

પરંપરાગત બાળવાર્તાઓ લોકકથા, દંતકથા અને પરીકથા સ્વરૂપે બાળકોમાં લોકપ્રિય રહી છે. પરંતુ સમય બદલાતાં બાળકોની માનસિકતા, રુચિ અને જ્ઞાનજગત પણ બદલાયાં. આ બદલાવને ધ્યાનમાં રાખીને બાળવાર્તામાં અનેક નૂતન પ્રયોગો કરવામાં આવ્યા છે.

**વિજ્ઞાનકથાઓ (Science Fiction Stories) :**

બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ જગાડવા અને નવી શોધ તરફ દોરી જવા માટે રચાયેલી વાર્તાઓ. અવકાશયાન, રોબોટ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા વિષયો બાળવાર્તામાં આવે છે. બાળકમાં જિજ્ઞાસા, શોધપ્રવૃત્તિ અને ભવિષ્યની કલ્પનામાં વધારો થાય છે.

**વિજ્ઞાનકથાઓના આધારે નૂતનપ્રયોગો :**

સાહિત્ય માનવજીવનનું અરીસું છે. સમય બદલાય છે તેમ સાહિત્યનાં સ્વરૂપો અને પ્રકારોમાં પરિવર્તન જોવા મળે છે. આજનો યુગ વિજ્ઞાન અને ટૅક્નોલૉજીનો યુગ કહેવાય છે. માનવજીવનના દરેક ક્ષેત્રમાં વિજ્ઞાન પ્રવેશી ગયું છે. તેથી સાહિત્યમાં પણ વિજ્ઞાનની અસર જોવા મળે છે. ખાસ કરીને બાળસાહિત્યમાં ''વિજ્ઞાનકથા'' એક મહત્ત્વપૂર્ણ નૂતન પ્રયોગ તરીકે વિકસ્યુ છે. બાળમાનસ કલ્પનાપ્રિય હોય છે. જ્યારે કલ્પના સાથે વૈજ્ઞાનિક તથ્યો જોડાય ત્યારે વાર્તા વધુ જીવંત, આકર્ષક અને જ્ઞાનપ્રેરક બને છે.

**વિજ્ઞાનકથાનો પરિચય :**

વિજ્ઞાનકથા એવી વાર્તા છે જેમાં વિજ્ઞાનનાં તથ્યો, સંભવિત શોધો, ભવિષ્યની પરિસ્થિતિઓ અને અજાણી ટૅક્નોલૉજીની કલ્પના રજૂ કરવામાં આવેલ છે. તેમાં અવકાશયાત્રા, રોબોટ, સમયયાત્રા, પર્યાવરણ સંકટ, જિનવિજ્ઞાન, વર્ચ્યુઅલ રિયાલિટી જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ વાર્તાઓ માત્ર મનોરંજન પૂરતી નથી પરંતુ બાળકને વિચારશીલ અને કલ્પનાશીલ બનાવે છે.

**અવકાશયાત્રા આધારિત વાર્તાઓ :**

અવકાશયાન, ચંદ્ર, મંગળ તેમજ અન્ય ગ્રહોની યાત્રા દર્શાવતી વાર્તાઓ બાળકોમાં બ્રહ્માંડ પ્રત્યે જિજ્ઞાસા જગાડે છે. અજાણી જીવસૃષ્ટિ સાથેના સંપર્ક દ્વારા મિત્રતા અને માનવતાનો સંદેશો આપવામાં આવે છે.

**રોબોટ અને કૃત્રિમ બુદ્ધિ (AI) :**

આજના ટૅક્નોલૉજીના યુગમાં રોબોટ માનવીની જેમ વિચારે, કામ કરે અને સહઅસ્તિત્વ ધરાવે એવી વાર્તાઓ ખૂબ લોકપ્રિય થઈ છે. એમાં બાળકને મશીનો સાથેના સંબંધ અને ભવિષ્યની દુનિયા વિશે વિચારવા પ્રેરણા મળી રહે છે.

**સમયયાત્રા (Time Travel) :**

ભૂતકાળ કે ભવિષ્યમાં જવાની કલ્પનાઓ વાર્તાને રોમાંચક બનાવે છે. એક બાળક પ્રાચીન ભારતમાં જાય છે કે ભવિષ્યના 3000 વર્ષમાં પહોંચી નવી ટૅક્નોલૉજી જુએ છે. આવી વાર્તાઓ જ્ઞાન સાથે કલ્પનાની નવી દુનિયા બતાવે છે.

**પર્યાવરણ આધારિત વિજ્ઞાનકથાઓ :**

ગ્લોબલ વોર્મિંગ, ઓઝોન સ્તર, પાણીની અછત, પ્રદૂષણ વગેરે મુદ્દાઓ વૈજ્ઞાનિક દૃષ્ટિથી રજૂ કરીને બાળકને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરિત કરવામાં આવે છે. આવી વાર્તાઓ બાળકોમાં સંવેદનશીલતા અને જવાબદારીની ભાવના જગાડે છે.

**જિનવિજ્ઞાન અને ક્લોનિંગ :**

માનવ કે પ્રાણીની નકલ બનાવવાની કલ્પના બાળવાર્તામાં રસપ્રદ સ્વરૂપે રજૂ થાય છે. આ પ્રયોગો બાળકને જીવવિજ્ઞાન અને નૈતિક મૂલ્યો વચ્ચેનો સંબંધ સમજાવે છે.

**સૂક્ષ્મજગતની વાર્તાઓ :**

કોષ, બેક્ટેરિયા કે વાઈરસ જેવા અદૃશ્ય જગતમાં બાળકને લઈ જતી વાર્તાઓ આરોગ્ય અને વિજ્ઞાન પ્રત્યે રસ જગાડે છે. કોરોના પછી આવી વાર્તાઓનું મહત્ત્વ વધી ગયું છે.

**ભવિષ્યનગરી (Future Cities) :**

ઊડતી કાર, રોબોટિક ઘર, સ્માર્ટ એનર્જી સિસ્ટિમ ધરાવતી ભવિષ્યની નગરીઓનું વર્ણન વાર્તાને આધુનિક બનાવે છે. એમાં ટૅક્નોલૉજી સાથે માનવતાની જરૂરિયાત પણ દર્શાવવામાં આવી છે.

**સમુદ્રી સંશોધન આધારિત વાર્તાઓ :**

સમુદ્રના તળિયે અજાણી નગરીઓ કે પ્રાણીઓ શોધવાની વાર્તાઓ બાળકોને સાહસિક અને સંશોધનપ્રવૃત્તિ તરફ દોરી જાય છે.

**બહુગ્રહીય જીવન (Alien Life) :**

પૃથ્વી બહારની બુદ્ધિશાળી જીવસૃષ્ટિ સાથેની મુલાકાત દર્શાવતી વાર્તાઓ જેમાં સહઅસ્તિત્વ, મિત્રતા અને માનવતાના મૂલ્યોનો સંદેશ આપે છે.

**વર્ચ્યુઅલ રિયાલિટી અને ડિજિટલ વિશ્વ :**

કમ્પ્યૂટર ગેઇમ્સ, ડિજિટલ દુનિયા અને વર્ચ્યુઅલ રિયાલિટી પર આધારિત વાર્તાઓ આજના બાળકોની ટૅક્નોલૉજી પ્રત્યેની રુચિ સાથે સંકળાયેલી છે.

**વિજ્ઞાનકથાનો બાળકો માટે મહત્ત્વ :**

- કલ્પનાશક્તિનો વિકાસ : બાળક વધારે સર્જનાત્મક બને છે.
- શોધપ્રેરણા : વૈજ્ઞાનિક વિચારશક્તિ અને નવીનતા તરફ પ્રેરે છે.
- જવાબદારીની ભાવના : પર્યાવરણ અને સમાજ પ્રત્યે સચેત બનાવે છે.
- મનોરંજન સાથે જ્ઞાન : વાર્તા વાંચીને આનંદ સાથે માહિતી મળે છે.

**ચિત્રકથાઓ :**

- નાનાં બાળકો માટે ચિત્રો અને ટૂંકા શબ્દોનું સંયોજન.
- દશ્ય આધારિત રજૂઆતને કારણે બાળક ઝડપથી સમજી શકે છે.
- રંગબેરંગી ચિત્રો કલ્પનાશક્તિને ઉત્તેજિત કરે છે.

**પર્યાવરણ આધારિત વાર્તાઓ :**

- પ્રકૃતિપ્રેમ, જળ—જંગલ—જમીનનું સંરક્ષણ, પ્રાણી-પક્ષીઓ પ્રત્યે દયા જેવા સંદેશો.
- આજની વૈશ્વિક પરિસ્થિતિમાં પર્યાવરણપ્રેમી વાર્તાઓનું મહત્ત્વ ખૂબ જ છે.
- બાળકમાં જવાબદારી અને સંવેદનશીલતા વિકસે છે.

**માનસિક વિકાસને સ્પર્શતી વાર્તાઓ :**

- મિત્રાતા, સહકાર, સમાનતા, ધીરજ, આત્મવિશ્વાસ, સમસ્યા હલ કરવામાં મદદરૂપ બને છે.

**બાળકના વ્યક્તિત્વ નિર્માણમાં સહાયરૂપ :**

- સામાજિક અને માનસિક એમ બંનેને સંતુલન લાવવાનું સાધન છે.

**ઈતિહાસ અને લોકવારસાને આધારિત વાર્તાઓ :**

- રાષ્ટ્રીય નાયકો, સ્વાતંત્ર્યસેનાનીઓ, સાંસ્કૃતિક વારસા સાથે જોડાયેલી વાર્તાઓ.
- બાળકમાં ગૌરવ, પ્રેરણા અને રાષ્ટ્રપ્રેમ વધે છે.

**ડિજિટલ વાર્તાઓ અને ટૅક્નોલૉજી આધારિત પ્રયોગો :**

- ઇ-બુક્સ, ઓડિયો-સ્ટોરી, મોબાઈલ એપ્પ્સ, ઈન્ટરેક્ટિવ ગેઇમ્સ અને એનિમેશન દ્વારા વાર્તાઓ રજૂ થાય છે.
- વાર્તાઓ જીવંત અને આકર્ષક લાગે છે.
- બાળકને ટૅક્નોલૉજી સાથે જોડતાં સાહિત્ય પ્રત્યેના રસમાં પણ વધારો થાય છે.

**બહુસાંસ્કૃતિક વાર્તાઓ :**

- વિવિધ દેશોની સંસ્કૃતિઓ, જીવનશૈલીઓ અને પરંપરાઓનો પરિચય કરાવે છે.
- વૈશ્વિક સમજણ, સહિષ્ણુતા અને સહઅસ્તિત્વનાં મૂલ્યો પ્રોત્સાહિત થાય છે.

**નિષ્કર્ષ :**

વિશ્વની બાળવાર્તાઓ લોકકથા, દંતકથા અને પરીકથા સ્વરૂપે શરૂઆત કરીને આજના ડિજિટલ યુગ સુધી એક લાંબી સફર કરી ચૂકી છે. શરૂઆતમાં માત્ર મૌખિક પરંપરા દ્વારા પ્રસરતી વાર્તાઓ હતી હવે ચિત્રકથા, કાર્ટૂન, એનિમેશન ફિલ્મ, ઇ-બુક અને ડિજિટલ ઍપ્લિકેશનના આધુનિક સ્વરૂપે જીવંત બની છે.

બાળવાર્તાઓમાં મનોરંજન સાથે શિક્ષણ, જીવનમૂલ્યો અને કલ્પના-શક્તિનો વિકાસ થાય છે. સમય અનુસાર તેમાં અનેક નૂતન પ્રયોગો થયા છે, જેમકે વિજ્ઞાનકથા, પર્યાવરણપ્રેમી વાર્તાઓ, માનસિક વિકાસ આધારિત વાર્તાઓ, બહુસાંસ્કૃતિક વાર્તાઓ અને ટૅક્નોલૉજી આધારિત ઈન્ટરેક્ટિવ વાર્તાઓ. આ પ્રયોગોએ બાળવાર્તાને વધુ આકર્ષક, જ્ઞાનપ્રેરક અને જીવનમૂલ્યોથી સમૃદ્ધ બનાવી છે.

# ગણિત શિક્ષણ અને વાર્તા



- ડૉ. દીપ્તિ એન. ત્રિવેદી
મો. ૯૮૯૮૪૯૧૩૪૭
એસો. પ્રોફેસર અને અધ્યક્ષ શ્રીમતી બી.સી.જે. કૉલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.), ખંભાત

ગણિત સાથે વ્યવહાર કરતી વખતે, આપણે વાર્તા કહેવાના સંદર્ભમાં વિચારવા માટે ટેવાયેલા ન હોઈ શકીએ. હકીકતમાં, ગણિત શીખવાનું કાર્ય વાર્તાઓ સાથે સંબંધિત કોઈપણ બાબતથી ખૂબ દૂર લાગે છે. બાળકોને શીખવતી વખતે આપણે ક્યારેક ક્યારેક ગાણિતિક વાર્તા કહીએ છીએ, પરંતુ તે ફક્ત એક આકસ્મિક કિસ્સો છે. ગણિતના શિક્ષણ અને શિક્ષણમાં વાર્તાઓની સંભાવનાનો આ ખૂબ જ ટૂંકો દૃષ્ટિકોણ છે. વાર્તાઓ દ્વારા ગણિત વિદ્યાર્થીઓ માટે વધુ સુલભ બને છે, તેમજ વધુ આકર્ષક પણ બને છે.

ગણિત શિક્ષણમાં વાર્તા કહેવાનો અર્થ ગણિતના ખ્યાલો શીખવવા માટે કથાઓનો ઉપયોગ કરવાનો છે, જે વિદ્યાર્થીઓ માટે અમૂર્ત વિચારોને વધુ મૂર્ત, આકર્ષક અને અર્થપૂર્ણ બનાવે છે. આ અભિગમ ગણિતને વાસ્તવિક જીવનના અનુભવો સાથે જોડીને આનંદપ્રદ, ઇન્ટરેક્ટિવ શિક્ષણ વાતાવરણ દ્વારા સમસ્યાનું નિરાકરણ કૌશલ્યને પ્રોત્સાહન આપીને સમજણ, પ્રેરણા અને જાળવણીમાં વધારો કરે છે.

**ગણિત શિક્ષણમાં વાર્તા કહેવાના ફાયદા :**

કથાઓ જટિલ ગાણિતિક વિચારોને સંબંધિત સંદર્ભમાં રજૂ કરીને સ્પષ્ટ કરી શકે છે. વાર્તાઓ શીખવાની ક્રિયાને વધુ આનંદપ્રદ અને ઓછી ડરામણી બનાવે છે, જિજ્ઞાસા અને ગણિતમાં ઊંડી રુચિ જગાડે છે. વાર્તા કહેવાથી વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં ગણિતની સુસંગતતા અને વ્યાપ જોવામાં મદદ મળે છે, અમૂર્ત ખ્યાલો અને વ્યવહારુ ઉપયોગો વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદરૂપ બને છે. વિદ્યાર્થીઓ પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું અને કથાના માળખામાં ગાણિતિક તર્ક લાગુ કરવાનું શીખે છે.

ગણિતને પડકાર તરીકે નહીં પણ રોમાંચક વિષય તરીકે રજૂ કરીને, વાર્તા કહેવાથી વિષય પ્રત્યે સકારાત્મક વલણ કેળવી શકાય છે. ગણિતમાં વાર્તા કહેવાથી સર્જનાત્મકતા, ભાષા વિકાસ અને ભાવનાત્મક બુદ્ધિમત્તાને પણ ટેકો મળે છે. વિદ્યાર્થીઓ વાર્તાઓમાં ડૂબી જાય તેવી શક્યતા વધુ હોય છે, જેના કારણે પરંપરાગત પદ્ધતિઓની તુલનામાં માનસિક પ્રયાસ અને માહિતીને જાળવી રાખવામાં વધુ મદદરૂપ પુરવાર થાય છે.

**પાઠમાં વાર્તાઓનો સમાવેશ કરો :**

ગણિત સાથે સંબંધિત વાર્તા? એક આશ્ચર્યજનક બાબત છે ને? એક એવા વર્ગખંડની કલ્પના કરો જ્યાં ગણિત ફક્ત સમીકરણો ઉકેલવા વિશે નથી પરંતુ કંઈક નવું કરવા, કોયડાઓ ઉકેલવા અને સંખ્યાઓ દ્વારા પડકારોને દૂર કરવા વિશે છે. વાર્તાઓને ગણિતમાં એકીકૃત કરવાનો આ સાર છે. ગણિત સાથે સંબંધિત સારી રીતે રચાયેલી વાર્તા વિદ્યાર્થીઓના મનને મોહિત કરી શકે છે, અમૂર્ત ખ્યાલોને મૂર્ત અને સંબંધિત બનાવે છે. જ્યારે બાળકો વાર્તાઓમાં સમાવિષ્ટ ગણિત સમસ્યાઓનો સામનો કરે છે, ત્યારે તેઓ તેમને ઉકેલવા માટે વધુ સક્રિય અને પ્રેરિત થાય છે.આમ, વિદ્યાર્થીઓને સમજાવવા માટે રચાયેલ સંબંધિત વાર્તાઓ દ્વારા ગાણિતિક ખ્યાલોનો પરિચય આપવો જોઈએ.

**ઈતિહાસમાંથી રસપ્રદ ગણિત વાર્તાઓને એકીકૃત કરો :**

સમગ્ર ઈતિહાસમાં, ગણિત રસપ્રદ વાર્તાઓ અને નોંધપાત્ર વ્યક્તિઓથી ભરેલું જોવા મળે છે. આવી જ એક વાર્તા આર્યભટ્ટની છે, જે એક પ્રાચીન ભારતીય ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી હતા, જેમણે શૂન્યની વિભાવના રજૂ કરી હતી અને આ ક્ષેત્રમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું હતું. તેમના કાર્યથી બીજગણિતનો પાયો

નખાયો અને જેણે સદીઓથી ગાણિતિક વિચારધારાને પ્રભાવિત કરી છે. બીજી એક મનમોહક વાર્તા બ્રહ્મગુપ્તની છે, જેમણે દ્વિઘાત સમીકરણો કેવી રીતે ઉકેલવા તે વિશે વિસ્તૃત રીતે લખ્યું અને સંખ્યા પ્રણાલીઓ પર કામ કર્યું. આ ઐતિહાસિક કથાઓ ફક્ત વિષયમાં સમૃદ્ધિનો સ્તર ઉમેરતી નથી પણ વિદ્યાર્થીઓને ગાણિતિક સમજનો સ્મરણીય પ્રભાવ બતાવીને પ્રેરણા પણ આપે છે. આ ઉપરાંત શિક્ષણને વધુ નક્કર અને અર્થપૂર્ણ બનાવવા માટે વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભને એકીકૃત કરી તેમની સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાં મૂળ ધરાવતા ઐતિહાસિક ટુચકાઓ અથવા વાર્તાઓનો ઉપયોગ કરવો જોઈએ.

**રોજિંદા જીવનમાં ગાણિતિક રોમાંચનો અનુભવ કરાવવો :**

વર્ગખંડમાં, ગણિત શીખવાનો રોમાંચિક અનુભવ શીખવાના અનુભવને બદલી શકે છે. શિક્ષકો પાસે ગણિતના ખ્યાલોને જીવંત બનાવવા અને જીવનમાં લાવવા માટે વાર્તાનો એક શક્તિશાળી સાધન તરીકે ઉપયોગ કરવાની અનન્ય તક હોય છે. પરંપરાગત વ્યાખ્યાન-આધારિત પાઠોને બદલે, તેઓ ઇન્ટરેક્ટિવ અને ગતિશીલ સત્રો બનાવી શકે છે જ્યાં વાર્તાઓ અને વ્યવહારુ ઍપ્લિકેશનો દ્વારા ગણિતને સમજાવવામાં આવે છે. આ માટે ગાણિતિક સમસ્યાઓ રજૂ કરવા માટે ત્રણ-અંકની રચના (સેટઅપ, સંઘર્ષ, નિરાકરણ) લાગુ કરી, વિદ્યાર્થીઓને વધુ સારી રીતે સમજાય તેવાં અને નાટકીય સ્વરૂપ બનાવવા જોઈએ. ગણિત શિક્ષણમાં વાર્તા કહેવાનો સમાવેશ કરીને, શિક્ષકો વધુ સમાવિષ્ટ અને આનંદપ્રદ શિક્ષણ વાતાવરણ બનાવી શકે છે, જે દરેક વિદ્યાર્થી માટે ગણિતને સુલભ અને રસપ્રદ બનાવે છે. આમ, વિવિધ શીખવાની શૈલીઓને પૂર્ણ કરવા માટે વાસ્તવિક અને કાલ્પનિક વાર્તાઓનું મિશ્રણ, તેમજ ગદ્ય અને પદ્ય જેવાં વિવિધ સ્વરૂપોનો ઉપયોગ કરવો જોઈએ. આ અભિગમ વિવિધ શિક્ષણ શૈલીઓને પૂરી પાડવામાં ખાસ અસરકારક છે. દૃશ્ય શીખનારાઓ વાર્તા-આધારિત સમસ્યાના નિરાકરણથી લાભ મેળવી શકે છે, જ્યારે ગતિશીલ શીખનારાઓ ગણિતના ખ્યાલો સાથે શારીરિક ક્રિયાપ્રતિક્રિયા ધરાવતી પ્રવૃત્તિઓમાં જોડાઈ શકે છે. ગણિત શિક્ષણમાં વાર્તા કહેવાને એકીકૃત કરીને, શિક્ષકો વધુ સમાવિષ્ટ અને આનંદપ્રદ શિક્ષણ વાતાવરણ બનાવી શકે છે, જે દરેક વિદ્યાર્થી માટે ગણિતને સુલભ અને રસપ્રદ બનાવે છે.

**વાર્તારૂપી સમસ્યાઓ :**

વિવેચનાત્મક વિચારસરણી માટેનું એક સાધનઃ વાર્તારૂપી સમસ્યાઓ એ ફક્ત ગાણિતિક કોયડાઓ નથી પણ તે કરતાં કંઈક વિશેષ છે; તે વિવેચનાત્મક વિચારસરણી કૌશલ્ય વિકસાવવા માટે ઉત્પ્રેરક છે. આ સમસ્યાઓ વિદ્યાર્થીઓને વાસ્તવિક પરિસ્થિતિમાં ગાણિતિક ખ્યાલો લાગુ કરવા માટે પડકાર આપે છે, જેનાથી તેમની વિશ્લેષણાત્મક અને સમસ્યા હલ કરવાની ક્ષમતામાં વધારો થાય છે. વાર્તા સમસ્યાનો સામનો કરતી વખતે, વિદ્યાર્થીઓએ પહેલા અંતર્ગત ગાણિતિક સિદ્ધાંતો ઓળખવા પડે છે અને પછી તેને ઉકેલવા માટે વ્યૂહરચના ઘડવી પડે છે. આ પ્રક્રિયા તાર્કિક તર્ક અને વ્યવસ્થિત વિચારસરણીને પ્રોત્સાહન આપે છે, જે શૈક્ષણિક અને વ્યાવસાયિક વિશ્વમાં આવશ્યક કુશળતા છે. વધુમાં, જેમ જેમ વિદ્યાર્થીઓ આ સમસ્યાઓનો સામનો કરે છે, તેમ તેમ તેઓ જટિલ પરિસ્થિતિઓને માળખાગત અને વિચારશીલ રીતે સંપર્ક કરવાનું શીખે છે, જે તેમને ભવિષ્યના પડકારો માટે તૈયાર કરે છે.

**આકર્ષક ગણિત વાર્તાઓ બનાવવી :**

આકર્ષક ગણિત વાર્તાઓ બનાવવા માટે, ગાણિતિક ખ્યાલોને એવા દૃશ્યોમાં/સ્વરૂપમાં વર્ણવવા જરૂરી છે જે વિદ્યાર્થીના રોજિંદા અનુભવો સાથે અનુરૂપ હોય. આ વાર્તાઓ વય-યોગ્ય, સાંસ્કૃતિક રીતે સુસંગત અને સંબંધિત હોવી જોઈએ, જેમકે ભારતીય સંદર્ભે વિદ્યાર્થીઓ માટે એક લોકપ્રિય ક્રિકેટ મેચ દરમિયાન સેટ કરેલી વાર્તાની કલ્પના કરો જ્યાં બાળકો ખેલાડીઓના પ્રદર્શનનું વિશ્લેષણ કરીને સંભાવના અને આંકડા વિશે શીખે છે. અથવા એક ધમધમતા ભારતીય બજારમાં સેટ

કરેલી વાર્તાનો વિચાર કરો, જ્યાં બાળકો 'ખરીદી' કરતી વખતે બજેટ, ટકાવારી અને મૂળભૂત અંકગણિત વિશે શીખે છે. ગણિતને પરિચિત સેટિંગ્સ અને પ્રવૃત્તિઓ સાથે જોડીને, આ વાર્તાઓ માત્ર સમજણમાં વધારો નથી કરતી પણ વિદ્યાર્થી અને વિષય વચ્ચે મજબૂત જોડાણ બનાવે છે.

**ટૅક્નોલૉજી અને ગણિતની વાર્તાઓ :**

આ ડિજિટલ યુગમાં, ગણિતની વાર્તા પહોંચાડવામાં ટૅક્નોલૉજી એક મહાન સાથી બની શકે છે. શૈક્ષણિક ઍપ્લિકેશનો અને ઓનલાઇન પ્લૅટફૉર્મ ઘણી બધી ઈન્ટરેક્ટિવ ગણિતની વાર્તાઓ અને રમતો પ્રદાન કરે છે જે ગણિત શીખવાને એક આનંદપ્રદ અનુભવ બનાવે છે. આ સંસાધનો ખાસ કરીને દૃશ્ય અને શ્રાવ્ય શીખનારાઓ માટે ઉપયોગી છે. આમ, વિવિધ સ્વરૂપોમાં વાર્તા કહેવાનો ઉપયોગ કરવો જોઈએ. પરંપરાગત વાર્તા પુસ્તકોથી આગળ વધીને, ડિજિટલ વાર્તાઓ અથવા પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવો જોઇએ જે વાર્તાઓને ગાણિતિક કાર્યો સાથે જોડે છે. આ ઉપરાંત, સંબંધિત પાત્રો અને થીમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. સંબંધિત પાત્રો અને આકર્ષક પ્લોટવાળી વાર્તાઓ ઊંડા "કથા પરિવહન"ને પ્રોત્સાહન આપે છે, જેને કારણે વિદ્યાર્થીઓ ગણિત સાથે ભાવનાત્મક રીતે જોડાઈ શકે છે.

**ગણિત વાર્તા ક્ષેત્રમાં માતાપિતાની ભૂમિકા :**

માતાપિતા બાળકોના પ્રથમ શિક્ષકો છે અને ગણિત પ્રત્યેના તેમના વલણને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરી શકે છે. ઘરે ગણિતની વાર્તાઓનો સમાવેશ કરીને, જેમકે રેસિપી માટે ઘટકો માપવા અથવા કૌટુંબિક સફર માટે સમયની ગણતરી કરીને, માતાપિતા શાળામાં શીખેલા ખ્યાલોને મજબૂત બનાવી શકે છે અને ગણિતની વ્યવહારુ બાજુ બતાવી શકે છે.

**વાર્તાઓ દ્વારા શીખવવા માટેના ગણિત વિષયો :**

1. **મૂળભૂત અંકગણિત** : ખરીદી, રસોઈ અથવા રમતગમતની વાર્તાઓના આધારે સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારને મનોરંજક અને આકર્ષક રીતે શીખવી શકાય છે.
2. **અપૂર્ણાંક અને દશાંશ** : અપૂર્ણાંક અને દશાંશની વિભાવનાઓ સમજાવવા માટે ખોરાક વહેંચવા, સંસાધનોનું વિતરણ કરવું અથવા ઘટકો માપવા જેવી બાબતો કે તેનાં દૃષ્ટાંતોનો ઉપયોગ કરવો જોઈએ.
3. **ભૂમિતિ** : ખજાનાના નકશા, બાંધકામ અથવા કલા પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલી વાર્તાઓ આકાર, સમપ્રમાણતા અને અવકાશી તર્ક રજૂ કરવામાં મદદરૂપ બની શકે છે.
4. **બીજગણિત** : કોયડાઓ ઉકેલવા વિશેની વાર્તાઓનો ઉપયોગ મૂળભૂત બીજગણિતીય ખ્યાલો અને સમસ્યા-નિરાકરણ વ્યૂહરચનાઓનો પરિચય કરાવવા માટે થઈ શકે છે.
5. **સંભાવના અને આંકડાશાસ્ત્ર** : સંભાવના, માહિતી સંગ્રહ અને વિશ્લેષણ સમજાવવા માટે વાર્તાઓમાં રમતો, રમતગમત વિશ્લેષણ અથવા હવામાન આગાહીઓનો ઉપયોગ કરવો જોઈએ.
6. **સમય અને નાણાં** : મુસાફરીનું આયોજન, નાણાં બચાવવા અથવા નાનો વ્યવસાય ચલાવવાની વાર્તાઓ સમય વ્યવસ્થાપન, ચલણ અને બજેટ વિશે શીખવી શકે છે.
7. **માપન અને રૂપાંતર** : રસોઈ, હસ્તકલા અથવા મકાન વિશેની વાર્તાઓનો ઉપયોગ માપનના એકમો અને રૂપાંતર પદ્ધતિઓ શીખવવા માટે થઈ શકે છે.
8. **પેટર્ન અને ક્રમ** : સંગીત, નૃત્ય અથવા પ્રકૃતિને લગતી વાર્તાઓ પેટર્ન, ક્રમ અને તાર્કિક તર્કને સમજાવે છે.

ગણિતમાં વાર્તાઓનું એકીકરણ એ માત્ર શિક્ષણ પદ્ધતિ નથી; તે વિદ્યાર્થીઓના મનમાં જિજ્ઞાસા અને શીખવા માટે પ્રેમ જગાડવાનો એક માર્ગ છે. ગણિતના રોમાંચને વાર્તા સમસ્યાઓ સાથે જોડીને, આપણે બાળકો માટે ગણિતને વધુ અર્થપૂર્ણ અને આનંદપ્રદ બનાવી શકીએ.

## 'બાળવિશ્વ' વિશે

- 'બાળવિશ્વ'નું વાર્ષિક લવાજમ વાર્ષિક રૂા. **500/-** છે, જે બાજુમાં દર્શાવેલા QR કોડ અથવા નેટ બૅન્કિંગથી ભરી શકાશે.
- લવાજમ ભરવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વેબસાઈટ **www.cugujarat.ac.in** જુઓ.
- ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ખાસ કાળજી રાખીને કુરિયર/પોસ્ટ દ્વારા અંકો મોકલવામાં આવે છે. છતાં અંક ન મળે તો અમારા ઈ-મેલ balvishva@cugujarat.ac.in પર જણાવવા વિનંતી.
- **લેખ મોકલવા માટે પત્રવ્યવહાર :** તંત્રીશ્રી, બાળવિશ્વ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-20, ગાંધીનગર- 382 021.

  ઈ-મેલ : **balvishva@cugujarat.ac.in** વોટ્સએપ નંબર : **9429297737**
- લેખકોએ પોતાની પ્રત્યેક કૃતિ કે લેખની નીચે પોતાનું નામ, હોદ્દો, પૂરું સરનામું, મોબાઈલ નંબર, ફોટો અને ઇ-મેલ અચૂક લખવાં. જો કૃતિ પૂર્વે પ્રકાશિત થયેલી હોય તો તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. લેખ પ્રકાશન બદલ લેખકપ્રત મોકલવામાં આવે છે.
- 'બાળવિશ્વ' એ થીમ આધારિત સામાયિક હોવાથી થીમને અનુરૂપ જ લેખનસામગ્રીને અંકમાં સ્થાન આપવામાં આવશે.
- સોફ્ટ કોપીમાં લેખ મોકલનારે ગુજરાતીમાં શ્રુતિ ફોન્ટ 12 ની સાઈઝમાં મોકલવો.
- 'બાળવિશ્વ' માં પ્રગટ થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે. સંપાદક કે તંત્રી એની સાથે સંમત છે એવું માનવું નહિ.
- જે તે લેખકે પોતાના સ્વ-રચિત કે મૌલિક લેખો જ મોકલવા. આ અંગે કોઈની નકલ કે ઉતારો કરેલ હશે તો આ અંગે ઊભા થતા વિવાદ અંગે જે તે લેખક જવાબદાર રહેશે.
- 'બાળવિશ્વ' માટે આવેલા લેખો સંપાદક મંડળ દ્વારા રિવ્યૂ કરવામાં આવશે. રિવ્યૂમાં પસંદ થયેલા લેખો જ છાપવામાં આવશે.

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## ‘અમૃત પર્વ : સ્વદેશીથી વિકસિત ભારત’ કાર્યક્રમ યોજાયો



રાષ્ટ્રવ્યાપી પહેલ “અમૃત પર્વ”ના ભાગરૂપે તેમજ શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી નિમિત્તે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના પીજી અને પીજી ડિપ્લોમા અને એનએસએસ યુનિટ દ્વારા “અમૃત પર્વ : સ્વદેશીથી વિકસિત ભારત” કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન દવે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીમાં આત્મનિર્ભરતા, સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝન વિશે જાગૃતિ લાવવાનો હતો.

પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી નિમિત્તે ડૉ. રાજેશ ચૌહાણે “શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાય : વ્યક્તિત્વ અને કાર્ય” વિષય પર વ્યાખ્યાન આપતાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયના પ્રેરણાદાયી જીવન, વિચારો અને યોગદાન પર પ્રકાશ પાડ્યો. સેન્ટર ઓફ એક્સટેન્શનના ડિરેક્ટર શ્રી પ્રૉ. રણજિતસિંહ પવારે “સ્વદેશીથી વિકસિત ભારત સુધી” વિષય પર વ્યાખ્યાન આપતાં આત્મનિર્ભરતા, નવીનતા અને સ્વદેશી પ્રથાઓ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં કેવી રીતે ફાળો આપી શકે છે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણી



## જન્મથી ત્રણ વર્ષ સુધીનાં બાળકોના સર્વાંગી વિકાસ માટે ‘પરિવાર મિલન’ કાર્યક્રમ યોજાયો



ડૉ. નિખિલ ખારોડ દ્વારા શિશુના આરોગ્ય, પોષણ, સ્તનપાન, કાંગારુ મધર કેર, શિશુ અવસ્થામાં બાળકના મગજનો વિકાસ જેવા વિષયો પર પરિવારજનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીના ટોડલર એજ્યુકેશન વિભાગના અધ્યક્ષ શ્રી ડૉ. રૂપમ ઉપાધ્યાયે શિશુના આહાર, વિહાર અને શિશુઉછેરના કેટલાંક મહત્ત્વપૂર્ણ બિંદુઓ ઉપર ચર્ચા કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ મા. કુલગુરુ શ્રી ડૉ. ટી.એસ. જોષીએ પરિવારજનોને સંબોધતાં કહ્યું કે, જો તમારે બાળકનો મહત્તમ વિકાસ કરવો હોય તો બાળકને એકદમ નાની વયે વાંચતાં-લખતાં કરી દેવું તે યોગ્ય નથી. જો શિશુનો આનંદમય વિકાસ કરવો હોય તો તેને સ્વતંત્ર રીતે શીખવા દેવું. ઘણાં માતાપિતા પ્રવૃત્તિ કે રમતી વખતે બાળકને મદદ કરવાના ઉદ્દેશ્યથી તેની પ્રવૃત્તિ પૂરી કરી દે છે, જે શિશુના વિકાસમાં બાધક છે. શિશુને ખીલવાની પૂરતી તક આપવી જોઈએ.

RNI NO. GUJBIL/2012/49710 Govt. of India, New Delhi. Dated-21/5/2013
SSPOS Gandhinagar No. G-GNR-300. Licence valid upto 31-12-2025.
Published on 15th of every month and Posted on 20th of every month at SRO GNR.
Licence to Post without Prepayment No. PMG/HQ/108/2020-2022 Valid upto 31-12-2025.

## ॥ तमसो मा ज्योतिर्गमय ॥



**અર્થાત્**

પ્રકાશ તરફ જાઓ. દીપોત્સવ અંધકારથી પ્રકાશ તરફ જવાનું પર્વ છે...
દીપાવલી એટલે દીપમાળા. દીપકની જ્યોત ઊર્ધ્વગામી વિકાસનો સંકેત છે.
આ સપરમા પર્વે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, બાલવિશ્વના વાચકોના સર્વાંગી વિકાસની
શુભેચ્છા પાઠવે છે. સૌનું જીવન હર્ષોલ્લાસથી ભરપૂર અને ઉજાસથી ઝળહળતું રહે તથા
નૂતન વર્ષ નવા ઉમંગો અને ખુશીઓથી સભર રહે તેવી શુભકામનાઓ...

- ડો. ટી. એસ. જોશી
કુલપતિ,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

**Book-Post**

Children's Research University
सत्यम् ऋतम् बृहत्

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, રાજભવનની નજીક, સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨૦૨૧
ફોન: ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ ● ઈ-મેલ : balvishva@cugujarat.ac.in ● વેબસાઈટ : www.cugujarat.ac.in
@crugandhinagar